માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

**શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક**

Year : 12 • Issue : 03 : August, 2021



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી

2. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
   સચિવ અને તંત્રી
2. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને સહતંત્રી
3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂનથી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું : સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.



દેશની આઝાદીના 75 વર્ષ નિમિત્તે 'આઝાદીકા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અન્વયે દેશભરમાં અનોખો માહોલ ઊભો થયો છે. 75મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજ્યકક્ષાના કાર્યક્રમની ઉજવણી જૂનાગઢ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્હસ્તે કરવામાં આવી હતી. જે તસવીરમાં દૃશ્યમાન થાય છે.



'આઝાદીકા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત કચ્છમાં જિલ્લા કક્ષાએ 75મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી લાલન કૉલેજ, ભૂજ ખાતે માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. જે તસવીરમાં દૃશ્યમાન થાય છે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માનનીય અધ્યક્ષશ્રી, સચિવશ્રી અને સંયુક્ત નિયામકશ્રી સાથે બોર્ડના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા 75મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જે તસવીરમાં દૃશ્યમાન થાય છે.


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઇટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચક મિત્રો,**

સૌને સાદર નમસ્કાર. ઑગસ્ટ માસ ક્રાંતિનો મહિનો ગણાય છે. 15મી ઑગસ્ટ એટલે આપણો સ્વાતંત્ર્ય-દિન. બ્રિટિશરોની ગુલામીમાંથી આપણે સૌ આઝાદ થયા. સમગ્ર દેશ સ્વતંત્રતાના 75 વર્ષ પૂર્ણ થયા તે માટે ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની ઉજવણી કરી રહ્યું છે ત્યારે સૌને ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની શુભકામનાઓ. બ્રિટિશ શાસનના અંધકારમાંથી આઝાદીનાં અજવાળાં સુધી પહોંચાડનાર આપણા દેશના લાખો શહીદોની શહાદતને યાદ કરવાનો અને તેમને નમન કરવાનો આ સુવર્ણ દિવસ છે. ભારતમાતાના સપૂતો વીર ભગતસિંહ, મંગલ પાંડે, સુખદેવ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ, ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, સુભાષચંદ્ર બોઝ, લાલ, બાલ અને પાલની ત્રિપુટી તથા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલનું નેતૃત્વ સહ અનેક નામી-અનામી ફનાગીરી ધરાવતા નવયુવાનો આ દેશની આઝાદીના પાયામાં છે. આપ સૌએ આવા અસંખ્ય ક્રાંતિવીરો અને આઝાદીના લડવૈયાઓને યાદ કરીને, તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરીને આ વર્ષના આઝાદીના રાષ્ટ્રીય પર્વને ઉજવ્યું હશે. સ્વતંત્રતા એ માત્ર આનંદ કરવાનો કે દેશભક્તિનાં માત્ર ગીતો સાંભળીને સંતોષ માની લેવાનો દિવસ નથી પરંતુ કવિ ઉમાશંકર જોશીની યાદગાર કાવ્યપંક્તિ ‘દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું?’ યાદ કરીને ત્રિરંગાની સાક્ષીએ આપણા દૈનિક કર્મને રાષ્ટ્ર પ્રત્યેના દાયિત્વભાવ સાથે જોડીએ તે આવશ્યક છે.

ઑગસ્ટ માસમાં આવતા તહેવારોમાંથી આપણે પરોક્ષ રીતે ઘણું બધું જીવનલક્ષી શિક્ષણ પ્રાપ્ત કરતા હોઈએ છીએ. રક્ષાબંધન, જન્માષ્ટમી વગેરે શ્રાવણ માસના પર્વોત્સવો તપ, દાન, ભક્તિ, પ્રેમ, સંપ, શાંતિ, આનંદ અને એકતાનો સંદેશ વહાવે છે. મહાપુરુષોના જીવનઘડતરમાં તેમના માતા-પિતા સાથે ગુરુનું સ્થાન અમૂલ્ય રહ્યું છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ કહેતા હતા કે ‘‘શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોને બળજબરીપૂર્વક ઠાંસીને ભરે, પણ ખરો શિક્ષક એ જ હોય છે જે વિદ્યાર્થીને આવનારા પડકારો માટે તૈયાર કરે.’’ પોતાનો જન્મદિવસ ‘શિક્ષકદિન’ તરીકે ઉજવાય એવી લોકલાગણીને માન આપીને સમગ્ર શિક્ષક-સમાજને ઉચ્ચ મોભો કે પ્રતિષ્ઠા આપનાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને કોટિ કોટિ વંદન. શિક્ષણ અને સમાજસેવા દ્વારા ગુજરાત વધુ પ્રગતિશીલ બને અને ભારત વિશ્વમાં શ્રેષ્ઠ અને અખંડ બને તેવા શપથ લઈએ.

રાજ્ય સરકારશ્રી દ્વારા શિક્ષણ વિભાગના તા.14-7-2021ના ઠરાવ અન્વયે શાળાઓમાં ધો.12નું પ્રત્યક્ષ શિક્ષણકાર્ય અને તા.23-7-2021ના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે ધો.9 થી 11 માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. કોવિડ-19ની ગાઈડલાઈન મુજબ નીતિનિયમોના પાલન સાથે શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતી અને સાવચેતી સાથેની સુરક્ષાની કાળજી લેવાય તે જરૂરી છે. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-2021-22 થી ધોરણ-10માં ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોનો વિકલ્પ આપવાનો થાય છે. જેની વિગતો આ અંકમાં સામેલ છે. આ અંગે વિદ્યાર્થીઓને તથા વાલીઓને માહિતગાર કરવામાં આવે તે માટે ખાસ અનુરોધ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.6-8-2021ના રોજ ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) 2021ની પરીક્ષા લેવામાં આવી હતી. ઉક્ત પરીક્ષાના સફળતાપૂર્વક આયોજન માટે બોર્ડના અધિકારીશ્રીઓ, જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ તેમજ બોર્ડ અને જિલ્લા કક્ષાએ ઉક્ત કામગીરીમાં સંકળાયેલ તમામને અભિનંદન પાઠવું છું. ‘કોરોના’ જેવી મહામારીમાં કે પછી કુદરતી સંકટોમાં શાળાના પરિવારમાં સદ્‌ભાવ અને સમભાવ રહે ત્યાં સમાજમાં તે શાળા પરિવારનું કે તેના શિક્ષકનું મૂલ્ય ખૂબ વધી જાય છે. 15મી ઑગસ્ટના 75મા રાષ્ટ્રીય પર્વે સૌને શુભેચ્છા પાઠવી વિરમું છું. જય હિંદ. વંદે માતરમ્.

**એ.જે.શાહ**
**અધ્યક્ષ**

તા. 20-08-2021

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | સ્વતંત્રતા દિન : માહાત્મ્ય | સુભાષ પટેલ 'એકાંત' | 4 |
| 2. | રાષ્ટ્રીય શિક્ષણનીતિ મુજબ શાળાકીય પરિવર્તનો અને તેની આવશ્યકતા | તેજલબેન એ. વ્યાસ | 6 |
| 3. | સામાજિક વિજ્ઞાન વિષય સાથે અર્થશાસ્ત્રનો અનુબંધ | દિપકકુમાર આર. કંબોયા | 8 |
| 4. | ભાવયુક્ત શિક્ષણ જીવન પ્રત્યે શ્રદ્ધા જગાવે છે | હરીશભાઈ આર. મહેશ્વરી | 10 |
| 5. | શ્રાવ્યભેદ પરખ સ્પર્ધા | ઈશ્વરભાઈ વાઘેલા | 13 |
| 6. | વીરડો જીવિત રાખે તે જ ખરો શિક્ષક | વિજય દાણી | 15 |
| 7. | જરા યાદ કરો કુરબાની | સંકલન | 16 |
| 8. | સામાન્ય જ્ઞાન (ક્વીઝ) | રૂપલબેન એચ. શાહ | 37 |
| 9. | વહીવટી વિભાગ : : પરિપત્રો | સંકલન | 43 |
| 10. | પરીક્ષણ વિભાગ : ધોરણ-10 પ્રશ્નપત્રનું માળખું : ગણિત (બેઝિક) | સંકલન | 46 |
| 11. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 55 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 57 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 59 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 61 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્ય મિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને નમસ્કાર. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** - શૈક્ષણિક સામયિકનો ઑગસ્ટ 2021નો અંક આપ સૌ સમક્ષ અભ્યાસ, વાંચન, અવલોકન અને અભિપ્રાય અર્થે પ્રસ્તુત કરતા બોર્ડ પરિવાર આનંદ અને ગૌરવ અનુભવે છે. આ મૅગેઝિનના ગ્રાહક-વાચક મિત્રોનો આવકાર સહ આભાર પાઠવું છું.

ઑગસ્ટ મહિનો તહેવારોની સાથે સાથે આઝાદ ભારતના નિર્માણમાં પોતાનું બલિદાન આપનાર દેશભક્તોને યાદ કરવાનો માસ છે. 15મી ઑગસ્ટે 75મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે ક્રાંતિકારીઓ અને વીરાંગનાઓ, કે જેમણે રાષ્ટ્ર માટે સર્વસ્વ અર્પણ કર્યું છે તેમને કોટિ કોટિ વંદન. આપની શાળામાં રાષ્ટ્રીય એકતાની ભાવના અને દેશભક્તિની ભાવનાથી રાષ્ટ્રનો 75મો સ્વાતંત્ર્યદિન સૌએ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવ્યો હશે.

શિક્ષણમાં સંકળાયેલ આપણને સહુને સ્વાતંત્રતા ગમે છે, તે જ રીતે શિક્ષણ જગતનો જે પાયો છે તેવા બાળકનું મન પણ સ્વાભાવિક રીતે સ્વતંત્રતા ઝંખે છે. તેના મનમાં ઊઠતા પ્રશ્નો કે સમસ્યાઓનું તે નિરાકરણ શોધે છે. બાળકને પ્રિય શિક્ષક જ તેનું શ્રદ્ધા કેન્દ્ર છે, વિસામો છે. જિજ્ઞાસાથી ભરપૂર આવાં બાળકોની આકાંક્ષાઓ સંતોષવાની આપણા સહુની વિશેષ જવાબદારી છે, જે આપ સૌ સારી રીતે બજાવો તેવી અપેક્ષા છે.

'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ' એવું વિધાન ચાણક્યનું છે. આજીવન શિક્ષક-અધ્યાપક, પ્રખર ચિંતક, વક્તા, વિચારક અને દાર્શનિક, આપણા લોકલાડીલા દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ 'જ્ઞાનથી વધારે પવિત્ર બીજું કાંઈ નથી', 'કોઈપણ ભોગે દેશની સાચી સેવા કરો' એવો જીવનમંત્ર આપી ગયા છે. આગામી પાંચમી સપ્ટેમ્બરે આપણે આપણા શિક્ષક-ગુરુઓનું માન-સન્માન કરીને તેમને વંદન કરીએ, તેમની પૂજા કરીએ. ડૉ. રાધાકૃષ્ણન્, ડૉ. અબ્દુલ કલામ જેવી મહાન વિભૂતિઓ પણ શિક્ષણના સાચા જીવ હતા. તેમના જીવનને અનુસરીએ. 'દીવે દીવો પ્રગટાવો, અભણને ભણાવો, કન્યાઓને ભણાવો', 'નિરક્ષરતા નિવારણમાં જ દેશની આબાદી છે.' - એવાં સૂત્રોને સાકાર સંપન્ન કરી આઠમી સપ્ટેમ્બરે 'વિશ્વ સાક્ષરતા દિન'ની ઉજવણી થાય એવો સૌને અનુરોધ છે.

આગામી સપ્ટેમ્બર અંક શૈક્ષણિક અભિગમવાળા લેખો, શ્રેષ્ઠ શિક્ષક, અધ્યાપક, કેળવણીકારને લગતા પરિચયો, વિષયવસ્તુલક્ષી લેખો, પ્રેરક શૈક્ષણિક સંસ્મરણો, પ્રસંગો, નૂતન અધ્યાપન પધ્ધતિઓ, સંશોધનાત્મક - મૌલિક લેખોથી સભર બની રહે તે માટે આપના લેખો અત્રે સમયસર મોકલવા વિનંતી છે.

સરકારશ્રીના નિર્ણય અન્વયે ધોરણ-9 થી 12ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું છે. કોવિડ-19ની ગાઈડલાઈન મુજબ શાળામાં હાજર રહેતા વિદ્યાર્થીઓ માટે ઑફલાઈન અને હાજર ન રહેતા વિદ્યાર્થીઓ માટે ઘેરબેઠાં ઑનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખવાનું છે. આગામી સમયમાં એકમ કસોટીઓ લેવાય તેની સારી તૈયારી કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશો. બાળકો શરતચૂક કે આળસથી ક્યાંય ભણવામાં નબળા ન પડી જાય તે જોવાની વાલી સાથે શાળાપરિવારની પણ ફરજ છે. બાળકમાં રહેલા નકારાત્મક વલણો દૂર થાય અને હકારાત્મક વિચારો, વલણો અને દૃષ્ટિ સાથેની ઊર્જાથી તેઓ એકાગ્રતાથી અભ્યાસ કરે તેવી પ્રવૃત્તિઓ અને પધ્ધતિઓ સાથેનું શિક્ષણ અપાય તેવી વર્તમાન સમયમાં અપેક્ષા છે.

**ડી.એસ.પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-08-2021

# સ્વતંત્રતા દિન : માહાત્મ્ય

**સુભાષ પટેલ 'એકાંત'**

પ્રાણીમાત્ર સ્વતંત્રતા ઝંખે છે. પક્ષીને પાંજરામાં પૂરી રાખીએ તે તેને પણ નથી ગમતું. સ્વતંત્રતા એ જ જીવન છે. દરેક પ્રાણી સ્વતંત્રતા ઇચ્છે છે કારણ કે સ્વતંત્રતા એ સુખી થવાનો માર્ગ છે. સ્વતંત્રતામાં પ્રાણીનું આત્મગૌરવ વધે છે. સ્વતંત્રતા - પછી એ પ્રાણી હોય કે માણસ પોતાના જીવનનો રાહ પોતે નક્કી કરે છે અને દરેક કાર્ય આનંદપૂર્વક કરે છે. પરાધીન માણસ જે દિવસે સ્વાધીન થાય તે દિવસ તેના જીવનનો અતિ મહત્ત્વનો દિવસ બની રહે છે. તે પ્રસંગ કાયમ માટે યાદગાર બની જાય છે.

મધ્યયુગમાં અંધાધૂંધી અને અજ્ઞાનનો અંધકાર છવાયો હતો. તેનો લાભ લઈને અહીં વેપાર કરવા આવેલી અંગ્રેજી પ્રજા દેશની માલિક બની બેઠી. પરતંત્રતાનો સ્વાદ ચાખતા જ ભારતને સ્વતંત્રતાની સુવાસ યાદ આવી. સ્વતંત્રતા ભીખ માંગવાથી નથી મળતી એ તો વીર પ્રજા અધિકાર તરીકે છીનવી લે છે. એ જ રીતે ભારતની પ્રજાએ વિદેશીઓ સામે નાના-મોટા સંઘર્ષો કર્યા. ઈ.સ. 1857માં એક પ્રચંડ ક્રાંતિ થઈ પરંતુ દુર્ભાગ્યે તે ક્રાંતિ અંગ્રેજોને હાંકી કાઢવામાં નિષ્ફળ રહી પણ આ ક્રાંતિ કે વિપ્લવ થકી દેશમાં અજબ ચેતનાનો સંચાર થયો.

**'ચમક ઊઠી સન સત્તાવનમેં વહ તલવાર પુરાની થી,**
**ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી.'**

આ ક્રાંતિ પછી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ અને દેશપ્રેમીઓ આગળ આવ્યા. લગભગ સો વર્ષ સુધી અનોખો સંઘર્ષ ચાલ્યો. આખરે 15મી ઑગસ્ટ 1947ના પરમ પવિત્ર દિવસનું પરોઢ સ્વતંત્રતા લઈને આવ્યું. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ સ્વતંત્રતા માટે ખૂબ સુંદર લખ્યું છે કે:

**'તારા નામમાં ઓ સ્વતંત્રતા**
**મીઠી આ શી વત્સલતા ભરી ! મુરદાં મસાણેથી જાગતાં,**
**એવી શબ્દમાં શી સુધા ભરી.'**

પગમાં પ્રાણ ને હૈયામાં હામ લઈ, દેશની આઝાદી માટે લડનાર શહીદ વીરોને વંદન.

15મી ઑગસ્ટ, 1947ના દિવસે સદીઓ જૂની ગુલામીની શૃંખલા તોડી સ્વતંત્ર ભારતે પૃથ્વીના નકશા પર સ્થાન લીધું. જેના માટે કેટકેટલા કષ્ટ સહ્યા હતા, કેટલા અત્યાચાર સહ્યા હતા ને કેટકેટલાં બલિદાનો આપ્યાં હતાં. આ જોઈ કવિશ્રી મેઘાણીના હૈયેથી પંક્તિઓ વહે છે..

**'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,**
**કેસરવરણી સમર સેવિકા કોમલ સેજ બિછાવે;**
**ઘાયલ મરતાં મરતાં રે માતની આઝાદી ગાવે.'**

આવા સમયે ભારતીય પ્રજાએ દાખવેલી કુનેહ અભિનંદનને પાત્ર છે. આ વખતે પ્રજામાં જોમ ભરવામાં કવિશ્રી નર્મદ પણ પાછળ ન હતા.

**'સહુ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે,**
**યા હોમ કરીને પડો ફતેહ છે આગે.'**

બરાબર મધરાતે બારના ટકોરે શાસન ભવન પરથી બ્રિટીશ રાજ્યના પ્રતીક સમો યુનિયન જેક ઉતારી લેવાયો અને તેના સ્થાને સાહસ, શૌર્ય, શાંતિ, પવિત્રતા અને ઉદ્યમના પ્રતીક સમો ત્રિરંગો લહેરાયો. લોકોએ આનંદઘેલા બની મીઠાઈ વહેંચી અને ઠેર ઠેર રોશની કરી, સાથે આ જંગમાં શહીદ થનાર વીરોને શ્રદ્ધાંજલિ પણ અર્પી.

**'આઈએ ઝૂક કર સલામ કરે ઉન્હે,**
**જીસકે હિસ્સે મેં એ મુકામ આયા.**
**ખુશ-નસીબ થે વો લોગ,**
**ખૂન જીસકા વતન કે કામ આયા.'**

**વીરતા કહેવા અથવા જોવા માટેની વસ્તુ નથી, પણ સમય પર બતાવી આપવાની વસ્તુ છે. - થોમસ કુલર**

15મી ઑગસ્ટનો અનોખો પ્રસંગ આપણને પરતંત્રતા અને સ્વતંત્રતા વચ્ચેના ભેદની પરખ કરાવે છે. કેટલાય બલિદાનો પછી પ્રાપ્ત થયેલી સ્વતંત્રતાને સાચવવાની જવાબદારી ભારતના દરેક નાગરિકની છે. થોડી ગફલત થઈ હતી અને આપણે આઝાદી ગુમાવી બેઠા. ફરી એવું ન થાય તે માટે સતત જાગ્રત રહેવું ખૂબ જ જરૂરી છે. કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે :

'ગાફેલ, થા હુશિયાર,
તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?
સ્વર્ગ દુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે,
હરેક હિંદી હિંદની છે જિંદગી
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદઃ
એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.'

પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલબિહારી વાજપેયીજી આપણા દેશની ભૂમિનું માહાત્મ્ય સમજાવતાં કહે છે :

'ભારત એક ભૂમિ કા ટુકડા નહીં,
જીતા જાગતા રાષ્ટ્રપુરુષ હૈ,
ઈસ કા કંકર શંકર હૈ,
ઈસ કા હર બિંદુ બિંદુ ગંગાજલ હૈ,
યહ અર્પણકી ભૂમિ હૈ, યહ તર્પણકી ભૂમિ હૈ,
યહ વંદનકી ભૂમિ હૈ, યહ અભિનંદન કી ભૂમિ હૈ,
આઓ, ઐસે રાષ્ટ્ર દેવતાકો હમ પ્રણામ કરે.'
ભારતમાતા કી જય.

આવા મહાન ભારત દેશના આપણે સૌ નાગરિકો સ્વતંત્રતાની પવિત્રતા જાળવી વિકાસ તરફ આગળ વધીએ અને કવિવર ટાગોરના શબ્દો સાર્થક બનાવીએ.

'દેશકી માટી, દેશકા જલ
હવા દેશકી દેશ કા ફલ
સરસ બને પ્રભુ સરસ બને.'

સંપર્ક : ગ્રંથપાલ, શ્રી એમ.પી.શાહ હાઈસ્કૂલ,
જીતપુર, તા. બાયડ, જિ. અરવલ્લી.

## શહીદોને સલામ

''જુલ્મ અંગ્રેજી હકૂમતના કદી સંભારજો,
પુસ્તકોનાં પાન પર આતંક એનાં વાંચજો

દેશને આઝાદ કરવા જે વીંધાણા ગોળીએ,
એ શહીદોનાં બલિદાનો સ્મરણમાં લાવજો.

એમની તસવીરને આખી સમેટી આંખમાં,
ઈશ્વરી અવતાર માનીને હૃદયમાં સ્થાપજો.

વીરની છે એ જ પૂજા, એ જ સાચી બંદગી,
અંજલિ અશ્રુથી અર્પી, અર્ધ્ય દઈ આરાધજો.

જે શહીદોના પ્રતાપે દેશ આ આઝાદ છે,
માન ને સન્માન સાથે એમને બિરદાવજો.

દેશભક્તિનું ભરી ખુન્નસ નશીલી આંખોમાં,
એ તિરંગાને, શહીદોને સલામી આપજો.

એ શહીદોને ના ભૂલો રાષ્ટ્રના હે વાસીઓ !
એક આંસુ એમના માટે અનામત રાખજો.

ભારતીયો ! સરહદોના સંતરીની યાદમાં,
એક પળ માટે તમારી આંખને ભીંજાવજો.''

રચના : શ્રી જી.બી.પટેલ (સૌમ્ય)
(નિવૃત્ત ડી.ઈ.ઓ.)

સૌથી મોટો વીર પુરુષ સૌથી વધુ ક્ષમાવાન અને ઝઘડાથી દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે. - થેકરે

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ મુજબ શાળાકીય પરિવર્તનો અને તેની આવશ્યકતા

તેજલબેન એ. વ્યાસ

એવું કહેવાય છે કે કોઈપણ દેશમાં બદલાવ લાવવો હોય તો સૌપ્રથમ તેની શિક્ષણનીતિમાં બદલાવ લાવવો જોઈએ. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકારના માનવ સંસાધન વિભાગે 34 વર્ષ બાદ ભારતની શિક્ષણનીતિમાં બદલાવ કર્યો છે. જેના થકી ભારતમાં વસતા તમામ વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા, શિક્ષકો તેમજ શિક્ષણ જગતમાં ખૂબ મોટા ફેરફાર જોવા મળશે.

- **શિક્ષણનીતિ - 2020 - મુખ્ય પરિવર્તનો :**

- ભારતની શાળાવ્યવસ્થામાં 10+2નું ફોર્મેટ ચાલતું હતું જે બદલીને 5+3+3+4નું બન્યું છે. જેમાં શાળાના શરૂઆતના 5 વર્ષનું ભણતર પાયાગત તબક્કો બનશે. એટલેકે આ દરમિયાન વિદ્યાર્થીઓના ભણતર માટે મજબૂત પાયાની તૈયારી કરવામાં આવશે. તેનો સંપૂર્ણ કાર્યક્રમ NCERT દ્વારા તૈયાર કરવામાં આવશે. જેમાં પ્રિ-પ્રાઈમરી માટે 3 વર્ષ અને પહેલા અને બીજા ધોરણનો સમાવેશ થશે. જેમાં વિદ્યાર્થીઓનું ભણતર ભાર વગરનું થશે કેમ કે તેમાં ખેલકૂદ અને સર્જનાત્મકતાનો સમાવેશ થશે.
- ધોરણ-3થી 5ના વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવશે. આ દરમિયાન વિદ્યાર્થીઓનો પરિચય વિજ્ઞાન, ગણિત, કલા, સામાજિક વિજ્ઞાન જેવા વિષયોથી કરાવવામાં આવશે.
- ધોરણ-6થી 8ના ભણતરને 'મિડલ સ્ટેજ' તરીકે ઓળખવામાં આવશે. આ તબક્કામાં વિદ્યાર્થીઓને નિશ્ચિત પાઠ્યક્રમ ભણાવવામાં આવશે.
- ધોરણ-9થી 12ના ભણતરને 'અંતિમ તબક્કા'માં મૂકવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓમાં કોઈ એક વિષય પ્રત્યે ઊંડી સમજ ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. એમની વિશ્લેષણ ક્ષમતાને વધારવામાં આવશે. તેમજ તેમને ઊંચા લક્ષ્ય નિર્ધારિત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. અત્યાર સુધી જોવા મળતો સાયન્સ, આર્ટ્સ અને કોમર્સનો નિર્ધારિત અભ્યાસક્રમ અહીં બદલાય છે. એટલેકે વિજ્ઞાનપ્રવાહનો વિદ્યાર્થી એના મનગમતા આર્ટ્સના કે કૉમર્સના વિષયને પણ ભણી શકશે.

- **વિશ્લેષણ :**

- સૌથી મોટું પરિવર્તન એ છે કે, પાંચમા ધોરણ સુધી વિદ્યાર્થી પોતાની માતૃભાષા, સ્થાનિક ભાષા કે પછી રાષ્ટ્રીય ભાષા ભણી શકશે. એટલેકે અંગ્રેજી માધ્યમ અહીં અનિવાર્ય બનતું નથી. પરંતુ અંગ્રેજી માત્ર વિષય તરીકે ભણાવવામાં આવશે. જેથી એમ કહી શકાય કે અંગ્રેજીકરણનો યુગ અહીં સમાપ્ત થશે.
- ધોરણ-6થી જ વિદ્યાર્થીઓને કોડિંગ શીખવવામાં આવશે. વિદ્યાર્થીઓ સૉફ્ટવેર તેમજ મોબાઈલની એપ બનાવવા સક્ષમ બનશે. ઉપરાંત ઈન્ટર્નશીપ કરવાની તક મળશે. એટલેકે વિદ્યાર્થી કોઈ ચોક્કસ વિષયમાં વિશેષ રૂચિ ધરાવે છે તો તે તેનું વ્યાવહારિક જ્ઞાન પણ મેળવી શકશે.
- ધોરણ-9થી 12ના વિદ્યાર્થીઓની પરીક્ષા હવે સેમેસ્ટર પદ્ધતિથી લેવામાં આવશે. હવે વિદ્યાર્થી માત્ર વાર્ષિક પરીક્ષા પર મદાર રાખી શકશે નહીં કારણ કે તેનું પરિણામપત્ર બંને સેમેસ્ટરના ગુણપત્રકને ભેગા કરીને તૈયાર કરવામાં આવશે.

**વીરતા જ માનવનો સૌથી ઉજ્જવળ ગુણ છે. - પ્રેમચંદજી**

- નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીની ક્ષમતા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ધો-9 થી 12 દરમિયાન તેનું 360 ડિગ્રી મૂલ્યાંકન થશે. એટલેકે તેનું મૂલ્યાંકન તેના વ્યવહાર, તેની ક્ષમતા, ઈતર પ્રવૃત્તિમાં તેનું પ્રદર્શન અને એની માનસિક ક્ષમતાઓને આધારે થશે. આ મૂલ્યાંકન વિદ્યાર્થી પોતે પોતાના માટે કરશે. શિક્ષક તેનું મૂલ્યાંકન કરશે ઉપરાંત તેના સહપાઠી પણ તેનું મૂલ્યાંકન કરશે.
- સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે પણ નવી શિક્ષણ નીતિમાં મોટો બદલાવ થયો છે. કૉલેજમાં પ્રવેશ માટે માત્ર ધો-12ના ગુણ પર આધાર રહેશે નહીં. દા.ત. કોઈ વિદ્યાર્થીને બોર્ડ પરીક્ષામાં ઓછા ગુણ પ્રાપ્ત થયા છે તો તે 'કૉલેજ એપ્ટિટ્યુડ ટેસ્ટ' આપી શકશે. અહીં બોર્ડ પરીક્ષાના તેના ગુણ અને CATમાં પ્રાપ્ત કરેલા ગુણાંકનું એક મેરિટ તૈયાર થશે જેના આધારે તે પોતાની મનપસંદ કૉલેજમાં પ્રવેશ લઈ શકશે.
- સ્નાતકના ભણતરને ત્રણ અને ચાર વર્ષના સમયગાળામાં વહેંચી દેવામાં આવ્યું છે. પહેલા વિદ્યાર્થી એક વર્ષના ભણતર બાદ કૉલેજ છોડી દે તો તેનું ભણતર અધૂરું રહેતું પરંતુ નવી શિક્ષણનીતિ અનુસાર વિદ્યાર્થી એક વર્ષ પૂર્ણ કરે છે તો તેને 'સર્ટિફિકેટ કોર્સ' ગણવામાં આવશે. વિદ્યાર્થી બે વર્ષ પછી ભણતર છોડી દે તો તેને 'ડિપ્લોમા' ગણવામાં આવશે. ત્રણ વર્ષના ભણતર પછી 'બેચલર ડિગ્રી' એનાયત થશે. ચાર વર્ષના અંતે બેચલર ડિગ્રી મેળવે છે તો તેને 'રિસર્ચના સર્ટિફિકેટ' સાથે ડિગ્રી પ્રાપ્ત થશે. ચાર વર્ષના આ ભણતર દરમ્યાન વિદ્યાર્થી પોતાના મનગમતા વિષયનું જ્ઞાન મેળવી શકશે માટે જ તેને 'મલ્ટી ઍન્ટ્રી' અને 'મલ્ટી ઍક્ઝિટ'ની વ્યવસ્થા કહેવાય છે.
- ઉપરાંત એક ઍકેડમિક બેંક ઑફ ક્રેડિટ પણ બનાવવામાં આવશે જેમાં વિદ્યાર્થી એક કરતાં વધારે કોર્સ કરી શકશે. જે કોર્સ એ જ્યાં સુધી પૂર્ણ કરશે ત્યાં સુધીની એની ક્રેડિટ તે બેંકમાં જમા થઈ જશે અને જ્યારે તે ફાઈનલ ડિગ્રી માટે કોઈ કોર્સ પૂર્ણ કરશે ત્યારે તેની આ ક્રેડિટને સાથે જોડી દેવામાં આવશે. આ વ્યવસ્થા સંપૂર્ણ ડિજિટલ અને ઑનલાઈન હશે.

સમગ્ર નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનો સારાંશ એ જ છે કે હવે દરેક વિદ્યાર્થી ખૂબ જ આત્મવિશ્વાસ સાથે પોતાની માતૃભાષામાં ધોરણ પાંચ સુધી ભણી શકશે. બોર્ડની પરીક્ષાનો હાઉ દૂર થશે. વિદ્યાર્થી પોતાના રસ અને રૂચિ પ્રમાણે કલા, સંગીત, ચિત્રકલા વગેરે વિષયો પણ ભણી શકશે. વિદ્યાર્થીની ગોખણપટ્ટીની આવડત હવે સર્જનાત્મકતા, વિચારશીલતા, નવી બાબતોનો સ્વીકાર અને અમલીકરણ વગેરેમાં પરિવર્તિત થશે. આ શિક્ષણનીતિ પ્રમાણે વિદ્યાર્થીઓને મોકળાશ પ્રાપ્ત થશે. દરેક વિદ્યાર્થી પોતાનું આગવું કૌશલ્ય, ક્ષમતા વિકસાવી શકશે.

આમ, નવી શિક્ષણનીતિનું વિહંગાવલોકન કરતાં જણાય છે કે, આ નીતિ વિદ્યાર્થી, વાલી, શિક્ષકો અને શિક્ષણ જગતમાં એક નવા આયામ ઊભા કરશે, આશાના નવા કિરણ જગાવશે અને ભારતના નાગરિકને વિશ્વ સ્તરે સ્પર્ધામાં ઊભો રહેવા માટે તેમજ સફળ થવા માટે સક્ષમ બનાવશે. માટે અંતે હું સમગ્ર શિક્ષણ જગત, વાલી તેમજ વિદ્યાર્થીઓ વતી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અને આ શિક્ષણનીતિને તૈયાર કરનારા શિક્ષણવિદો, તેમને પ્રોત્સાહિત કરનારા અને તેને આવકારવાવાળા સૌ કોઈનો હૃદયપૂર્વક આભાર માનું છું.

---

**સંપર્ક: આચાર્યા, કે.આર.પટેલ ઍન્ડ એમ.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પારસા, તા. માણસા, જિ. ગાંધીનગર**

**વીરતામાં હંમેશાં સુરક્ષા છે. - એમર્સન**

# સામાજિક વિજ્ઞાન વિષય સાથે અર્થશાસ્ત્રનો અનુબંધ

દિપકકુમાર આર. કંબોયા

## 1. પ્રસ્તાવના :

માનવીએ ઉત્ક્રાંતિથી માંડી આજ સુધી પોતાની બુદ્ધિ, આવડત, કલા-કૌશલ્ય દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને કરી રહ્યો છે. આદિમાનવથી આધુનિક માનવ સુધીની વિકાસયાત્રામાં ઊભા થયેલા પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે માનવી મથામણ કરતો રહ્યો છે. સમયાંતરે સમજણનો વિકાસ થતા માનવી દ્વારા પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે બુદ્ધિપૂર્વકની ગણતરીઓ, શાસ્ત્રો, સિદ્ધાંતો, ટૅક્નોલોજી વગેરેનો ઉપયોગ થવા લાગ્યો છે. માનવજીવનને સુખ સગવડ પૂરી પાડવા માટે કે સરળ બનાવવા માટે જે જુદા જુદા શાસ્ત્રોની રચના થઈ તેમાં માનવીના આર્થિક પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ ઉપરાંત આર્થિક બાબતોના અભ્યાસ માટે અર્થશાસ્ત્ર એ ખૂબ જ ઉપયોગી શાસ્ત્ર ગણી શકાય. આ ઉપરાંત અર્થશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે એટલે સમાજ માટેના વિવિધ આર્થિક નિર્ણયો લેવામાં એક સાધન તરીકે આંકડાકીય માહિતીનો અભ્યાસ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલા સૌને માટે આવશ્યક બની રહે છે.

## 2. અર્થશાસ્ત્રનો પરિચય :

'માનવી જરૂરિયાતોનું પોટલું છે.' માનવી જરૂરિયાત સંતોષવાના હેતુસર અર્થઉપાર્જન માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતો આવ્યો છે. તેમાં આર્થિક પ્રવૃત્તિના કેન્દ્ર સ્થાને માનવીની જરૂરિયાતો રહેલી છે. માનવી ભટકતા શિકારીથી માંડી પશુપાલક, ખેડૂત, કુશળ કારીગર, વેપારી અને જુદા જુદા સંગઠિત કે અસંગઠિત ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. આર્થિક પ્રવૃત્તિની ચર્ચા ભારતના વર્ષો જૂના ગ્રંથોમાં પણ જોવા મળે છે. જેમાં વિષ્ણુગુપ્ત કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર', મહાભારતના 'શાંતિપર્વ', 'મનુસ્મૃતિ' વગેરે જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોએ આર્થિક બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ વિચારોમાં ધર્મ અને નીતિશાસ્ત્ર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ બધા ગ્રંથોમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રનું પ્રથમ સ્થાન છે.

કૌટિલ્યએ આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા મુજબ, માનવીની વૃત્તિ અર્થ છે, માનવીના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેથી પૃથ્વીના લાભ અને પાલનના ઉપાયો દર્શાવતા શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહે છે. કૌટિલ્યે રાજધર્મ, રાજકોષની વૃદ્ધિ માટે કરવેરા, કરવેરાના તત્ત્વો, દંડ, ખરીદ-વેચાણ, હિસાબી વ્યવહાર, મિલકતનું રક્ષણ, વેતન, પગાર, વ્યાજ, કરજ વગેરે જેવી મહત્ત્વની બાબતોમાં શું શું કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું છે. તેથી કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં અર્થ અને નીતિશાસ્ત્ર કહી શકાય.

અર્થશાસ્ત્ર વિષયના પાશ્ચાત્ય ખ્યાલોમાં એડમ સ્મિથ, આલ્ફ્રેડ માર્શલ અને પ્રો. લિઓનેલ રોબિન્સના ખ્યાલો મુખ્ય ગણાય છે. પાશ્ચાત્ય ખ્યાલોમાં સૌપ્રથમ એડમ સ્મિથે અર્થશાસ્ત્રના સ્વરૂપને સ્પષ્ટ કરતો ખ્યાલ આપ્યો હોવાથી એડમ સ્મિથને 'અર્થશાસ્ત્રના પિતા' કહેવામાં આવે છે. તેમણે "Wealth of Nations" (વેલ્થ ઑફ નેશન્સ) ''રાષ્ટ્રની સંપત્તિ'' નામનું પુસ્તક લખ્યું છે. જેમાં તેમણે અર્થશાસ્ત્રને 'સંપત્તિનું શાસ્ત્ર' તરીકે ઓળખાવ્યું હતું.

આલ્ફ્રેડ માર્શલે પોતાના પુસ્તક "Principles of Economics" (પ્રિન્સિપલ્સ ઑફ ઈકોનોમિક્સ)માં અર્થશાસ્ત્રને 'કલ્યાણલક્ષી શાસ્ત્ર' તરીકે ઓળખાવ્યું હતું. જ્યારે પ્રો.લિઓનેલ રોબિન્સે અર્થશાસ્ત્રને 'અછતલક્ષી શાસ્ત્ર' તરીકે ઓળખાવ્યું હતું.

ભય ઉપર આત્માનો શાનદાર વિજય એ જ વીરતા છે. - એનિયલ

### 3. અર્થશાસ્ત્રનું સ્વરૂપ અને સામાજિક વિજ્ઞાન :

#### 3.1 અર્થશાસ્ત્ર કલા છે ?

અર્થશાસ્ત્ર એક કલા છે જેવી રીતે સમાજશાસ્ત્ર સારી સમાજવ્યવસ્થાના ઘડતરમાં મદદરૂપ થાય તેવા નિયમો અને માર્ગદર્શન પૂરું પાડે છે તેવી જ રીતે અર્થશાસ્ત્ર પણ માનવીને ભૌતિક કલ્યાણ, આર્થિક વૃદ્ધિ કે વિકાસ કરવામાં મદદરૂપ થાય તેવા નિયમો અને માર્ગદર્શન પૂરું પાડે છે. આ ઉપરાંત માનવીને વ્યવહારમાં અનુભવાતી અનેક સમસ્યાઓના ઉકેલ માટે અર્થશાસ્ત્ર મદદરૂપ થાય છે. સામાજિક વિજ્ઞાનના સંદર્ભે જોઈએ તો તેમાં વ્યક્તિ માટે આદર્શ, હેતુલક્ષી, કલ્યાણલક્ષી અને સારા-નરસાનો વિચાર અર્થશાસ્ત્ર કલા તરીકે આપે છે.

#### 3.2 અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે ?

અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે, જેમાં કાર્યકારણના સંબંધો ઉપરાંત હકીકતોનું પદ્ધતિસર એકત્રીકરણ, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનના સંદર્ભમાં જોઈએ તો માનવસમાજની સમસ્યાઓ, આર્થિક બાબતો કે તેના પ્રશ્નો અને ભૌગોલિક ઘટનાઓ કે તેના ફેરફારો પાછળના કાર્યકારણના સંબંધો જોડી વાસ્તવિક બાબતોને રજૂ કરે છે.

#### 3.3 અર્થશાસ્ત્ર કલા અને વિજ્ઞાન બંને છે ?

અર્થશાસ્ત્ર એક કલા અને વિજ્ઞાન બંને છે. અર્થશાસ્ત્ર ફળપ્રાપ્તિ કરાવે છે તેથી તે કલા છે અને જ્ઞાન પણ આપે છે તેથી તે વિજ્ઞાન પણ છે. સામાજિક વિજ્ઞાનના સંદર્ભે વિચારીએ તો નાગરિક, કુટુંબ અને સમાજ જેનો સામનો કરે છે તે સમસ્યાઓને સમજી અને તેનો ઉકેલ પણ તેમાં આપવામાં આવે છે. આ ઉપરાંત સામાજિક વર્તનનો અભ્યાસ અને માર્ગદર્શન આપતું હોવાથી અહીં કલા અને વિજ્ઞાન બંનેનો સમન્વય જોવા મળે છે.

### 4. સામાજિક વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર :

અર્થશાસ્ત્રમાં માનવી અને સંપત્તિને લગતાં માનવ વ્યવહારોનો અભ્યાસ કરવામાં આવે છે. માનવી અને તેનું કલ્યાણ અર્થશાસ્ત્રમાં કેન્દ્ર સ્થાને છે. કલ્યાણની પ્રાપ્તિ માટે સંપત્તિની પ્રાપ્તિ અને ઉપયોગને લગતાં વ્યવહારો મુખ્ય હોવાથી તેનો અભ્યાસ અર્થશાસ્ત્રમાં થતો હોવાથી આપણે કહી શકીએ કે સામાજિક વિજ્ઞાન સાથે અર્થશાસ્ત્ર ગાઢ રીતે અનુબંધ ધરાવે છે. સામાજિક વિજ્ઞાન વિષય સાથે ઘણી બધી સામાજિક અને આર્થિક બાબતો સંકળાયેલી છે, જેમાં... ● ગ્રાહક ● ગ્રાહકની સમજ ● ગ્રાહક સુરક્ષા ● ગ્રાહકના અધિકારો અને ફરજો ● ગ્રાહક જાગૃતિ ● બજાર

● બજારની સમજ ● બજારના પ્રકારો અને તેની વિશેષતાઓ ● માનવ સંસાધન અને વસતીવિષયક બાબતો

● અર્થતંત્રની માળખાગત સમસ્યાઓ ● વસતીવધારો, ગરીબી, બેકારી, નિરક્ષરતા, ભ્રષ્ટાચાર, મોંઘવારી વગેરે.

### 5. સમાપન :

કોઈપણ વિદ્યાશાખા અન્ય વિદ્યાશાખા સાથે વત્તે ઓછે અંશે સંકળાયેલી હોય છે. સામાજિક વિજ્ઞાન વિષયમાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વનો અભ્યાસ કરવામાં આવે છે. વ્યક્તિના રોજિંદા જીવનમાં ઘણી બધી એવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે જેમાં વ્યક્તિએ પોતાની અને પોતાના પરિવારની અમર્યાદિત જરૂરિયાતોને મર્યાદિત સાધનો વડે સંતોષવાની હોય છે. માનવીની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાના સાધનોની અછત છે અને વળી આ સાધનો વૈકલ્પિક ઉપયોગવાળા છે. આથી માનવીએ કઈ જરૂરિયાત સંતોષવા કયાં સાધનોનો ઉપયોગ કરવો તે અંગે આર્થિક નિર્ણય લેવા પડે છે. આ સમયે વ્યક્તિને સામાજિક વિજ્ઞાનની સાથે અનુબંધ ધરાવતું અર્થશાસ્ત્ર ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.

---

સંપર્ક : દેવગાણા કન્યા શાળા,
તા. શિહોર, જિ. ભાવનગર

**આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. - એમર્સન**

# ભાવયુક્ત શિક્ષણ જીવન પ્રત્યે શ્રદ્ધા જગાવે છે

હરીશભાઈ આર. મહેશ્વરી

બે વિસ્મયભરી આંખ, બે ઉત્સાહભર્યા હાથ, મજબૂત મન અને ધબકતું હૈયું જ્યારે બે ગતિશીલ પગના સથવારે શાળા તરફ જાય છે ત્યારે સમાજને વધુ એક વિવેકશીલ વિચારસરણી ધરાવતો સભ્ય મળશે એવો વિશ્વાસ બંધાય છે. આવી રીતે આત્મવિશ્વાસપૂર્વક ડગલાં ભરતા બાળકના બાળપણને આવકારવા નિશાળ ધબકવા લાગે છે ત્યારે જેના પર વિશ્વાસ મૂકાયો છે તે શિક્ષક ગુણ, જ્ઞાન, આંતરિક રીતે સમૃદ્ધ અને સંસ્કારથી તરબતર હોય છે, ત્યારે જ્ઞાનની દેવી મા શારદા પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે. પ્રારંભથી શરૂ કરીને શિક્ષણના અંતિમ વર્ષો સુધી અલગ-અલગ શિક્ષણ સંસ્થાઓમાં આવો માહોલ જળવાય તો ખરી રીતે તે બાળકનું શ્રેષ્ઠ નાગરિક તરીકે ઘડતર શક્ય બને છે.

માતા-પિતા પોતાના સંતાનને ઘરમાંથી હૃદયની કેળવણી આપતા હોય છે. શાળામાં પણ હૃદયની કેળવણી પર ભાર મૂકાવો જોઈએ. બાળકના ભોળપણને અકબંધ રાખીને બાળપણને હૃદયપૂર્વકના સમજણના પ્રદેશમાં દોરી જવામાં સફળ થવાનો પ્રયાસ થવો જરૂરી છે. શાળાકીય વર્ષ અને ખેતરની વાવણીનો પ્રારંભ એક સાથે જ થાય છે. બન્નેમાં એકસરખું જ કાર્ય થાય છે. ઊગવાનું, ખીલવાનું અને મહેંકવાનું ! આ ત્રણેય બાબતોને ધ્યાનમાં રાખીને જ્ઞાનમય તેમજ ભાવમય કેળવણી બાળકને અપાય તો તે બાળક મોટું થઈ સંવેદનશીલ સમજ કેળવતો થઈ જાય છે. એવાં બાળકો નતમસ્તકે, જ્ઞાનાત્મક હૈયે ભાવાત્મક હાથે ક્રિયાત્મક બનતા હોય છે.

આજે બાળક પાસે જ્ઞાન છે તેમજ તે જ્ઞાનનો ઉપયોગ કરવો તે ક્રિયાત્મક તો બને છે, પણ જો તેનામાં સંવેદનાની ઊણપ હશે તો તેનું માનવમાંથી મહામાનવ બનવું શક્ય બનતું નથી. આપણું શિક્ષણ ક્ષેત્ર પવિત્ર છે. તે પવિત્રતાને અસરકારક રાખવા માટે ભાવનાત્મક પાસું બરાબર રીતે સબળ હોવું જરૂરી છે. આ ભાવનાત્મક પાસું સબળું ત્યારે જ શક્ય બને છે જ્યારે શાળામાં બાળકને હૃદયના ભાવથી કેળવણી આપવામાં આવે. હૃદયના ભાવથી ભણાવવા માટે શિક્ષકને માત્ર પુસ્તક જ નહીં પણ બાળકના મસ્તકને પણ વાંચતા આવડવું જોઈએ અને બાળકના હૃદયના ભાવોને પણ મહેસૂસ કરતાં આવડવું જોઈએ. આમાં, જિજ્ઞાસુ બાળક અને કર્તવ્યનિષ્ઠ શિક્ષક બન્ને ભેગાં થાય ત્યારે સાચી રીતે શિક્ષણકાર્ય દિવ્ય બની દીપી ઊઠે છે. માટે કર્તવ્યમાં અગ્રેસર રહે તેવા શિક્ષકોની તાતી જરૂરિયાત છે. કર્તવ્યનિષ્ઠ શિક્ષકો કર્મના સિદ્ધાંતને માનીને જીવન જીવે છે ત્યારે તેઓ સત્યના ચાહક બને છે. શિક્ષકનો ધર્મ એનું સત્યનિષ્ઠપણું છે. શિક્ષકની વાણી, વર્તન અને વ્યવહારમાં હંમેશાં સત્યનો રણકાર હોય ત્યારે બાળકનું ભાવથી યોગ્ય ઘડતર થાય છે. તે મોટો થઈ સજ્જન બનતો હોય છે. એટલે જ તો કહેવાય છે કે, આવતીકાલની સમાજરચનાનો આધાર આજના શિક્ષણ પર છે. વિશ્વાસના સ્તંભ પર રહેલા સત્યના પ્રભાવથી શિક્ષક જ્યારે શિક્ષણકાર્ય કરે છે ત્યારે તે તેની ગરિમાને ગૌરવ અપાવવા ભાગ્યશાળી બને છે. સત્યપ્રેમી, કર્મવ્યનિષ્ઠ તેમજ શિક્ષણને સમર્પિત શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ માટે ભાગ્યવિધાતાની ભૂમિકા ભજવતાં હોય છે. એવા સદ્‌ગુણી શિક્ષકો જે શાળામાં હોય તે શાળામાં અભ્યાસ કરવા જવા માટે બાળક તલપાપડ થતો હોય ત્યારે આ શિક્ષકો માતાનો દરજ્જો પ્રાપ્ત કરી લેતાં હોય છે.

**વીરતા મારવામાં નહિ પણ મરવામાં છે, કોઈની પ્રતિષ્ઠા ગુમાવવામાં નહિ પણ બચાવવામાં છે. - ગાંધીજી**

શાળામાં આવતો બાળક હંમેશાં પોતાનાં શિક્ષકોનાં વર્તનને પોતાનાં જીવનમાં અનુસરતો હોય છે ત્યારે શિક્ષક વ્યસનમુક્ત, તંદુરસ્ત, મિતભાષી, વિશાળ દૃષ્ટિકોણવાળો, નિષ્ઠા અને પ્રામાણિકતાનો પર્યાય, સફળ આયોજનકાર, દૃઢ સંકલ્પવાળો તથા લાગણીશીલ હોવો જોઈએ. આવા સદ્ગુણોથી સમૃદ્ધ શિક્ષક વર્ગમાં જાય ત્યારે વર્ગખંડમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં શિક્ષક પ્રત્યે આદરભાવ પ્રગટે છે અને જ્યાં આદરભાવ પ્રગટે ત્યાં લાગણીપ્રદ વાતાવરણ સર્જાય છે. વિદ્યાર્થીઓમાં જીવન પ્રત્યે અપાર શ્રદ્ધા પ્રગટે છે અને તેઓ પોતાના જીવનને આંતરિક સમૃદ્ધિથી ભરી દેવા સહજ પ્રયત્ન કરે છે. જ્યાં સહજતા છે ત્યાં સરળતા છે. આમ, વિદ્યાર્થીઓમાં સહજભાવ કેળવાય છે અને ભાવમય સંવાદ રચાય છે. માટે શાળામાં ભાર વગરનું ભણતર થાય કે ન થાય, પણ હૃદયના ભાવ વગરનું ભણતર તો ન જ થવું જોઈએ.

**શાળામાં ભાવયુક્ત શિક્ષણને પ્રાધાન્ય આપી વિદ્યાર્થીઓમાં સંવેદના પ્રગટે તેવી પ્રવૃત્તિઓ :**

1. શાળાસમય પહેલાં આવતાં વિદ્યાર્થીઓને પટાવાળાથી શરૂ કરીને આચાર્ય સુધીના કર્મચારીઓએ સસ્મિત આવકારવા જોઈએ, જેથી વિદ્યાર્થી શાળામાં સમયસર આવી જાય.
2. જ્યારે સામૂહિક પ્રાર્થના થાય ત્યારે માતા-પિતા, સંયુક્ત પરિવાર, શિક્ષકો, સંતો, વૃક્ષો, ગ્રંથો, પ્રામાણિકતા, કરૂણા, સ્વદેશભક્તિ, માનવતા, સમયપાલન, અનુશાસન વગેરેનું મહત્ત્વ સમજાવતા પ્રેરક પ્રસંગો શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમયાંતરે થવા જોઈએ.
3. દરેક વર્ગશિક્ષકે પોતાના વર્ગના વિદ્યાર્થીની જે તે દિવસે જન્મતારીખ હોય તે દિવસે વર્ગની હાજરી પૂર્યા બાદ તે વિદ્યાર્થીને ફૂલ, શુભેચ્છા કાર્ડ અથવા પુસ્તિકા ભેટરૂપે આપી દરેક વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ તાળીથી જન્મદિવસ વધાવી સામૂહિક શુભેચ્છા પાઠવવામાં આવે તો તે વિદ્યાર્થીમાં બધાં પોતાનાં હોવાની લાગણી જન્મે અને બધા માટે સારું ઈચ્છવા લાગે.
4. રિસેસમાં ક્યારેક આચાર્ય કે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓના જૂથ સાથે બેસીને નાસ્તો કરે ત્યારે આચાર્ય કે શિક્ષક પ્રત્યે વધુ લાગણીનો ભાવ જાગે છે તે બાબત વિદ્યાર્થીઓ માટે યાદગાર પ્રસંગ બની જાય છે.
5. પોતાના વર્ગના કોઈ ગરીબ વિદ્યાર્થીને શિક્ષક અથવા તે વર્ગના કોઈ આર્થિક રીતે બરાબર હોય એવા વિદ્યાર્થી દ્વારા પુસ્તકો, દફતર, નોટબુક્સ વગેરે આપવા માટે પ્રેરિત કરાય તો વર્ગમાં સમતાનો માહોલ જળવાઈ શકે છે.
6. શાળાના શિક્ષકો ભણવામાં જે હોશિયાર અથવા ખૂબ જ નબળા હોય તેવા વિદ્યાર્થીઓના ઘરે જઈ વ્યક્તિગત રીતે મળી તે વિદ્યાર્થીની પ્રશંસા કે વિદ્યાર્થી માટે સૂચનો કરે તો તે પરિવાર શિક્ષક તેમજ શાળા માટે સારી ભાવના રાખી શકે છે.
7. ગુરુપૂર્ણિમાના દિવસે ગુરૂનું મહત્ત્વ સમજાવવા માટે વક્તૃત્વ સ્પર્ધા યોજી વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂઓને તિલક કરી ગુરુજીના આશીર્વાદ મેળવે તેવા કાર્યક્રમનું આયોજન કરવાથી શિક્ષકો પ્રત્યે સન્માનની ભાવના જાગે છે.
8. શિક્ષકોએ હંમેશાં વ્યસનમુક્ત રહેવું જોઈએ. શિક્ષક કદાચ વ્યસનમુક્ત રહેવામાં અસમર્થ હોય તો ભૂલેચૂકે પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ ગુટખા-માવા, બીડી કે તમાકુનું સેવન ન કરવું જોઈએ. આવા વ્યસની શિક્ષકોએ નૈતિકતાનું મહત્ત્વ સમજવું જોઈએ.

**પ્રાણોના મોહનો ત્યાગ કરવો એ જ વીરતાનું રહસ્ય છે. - જયશંકર પ્રસાદ**

9. દરેક શિક્ષકે બાળકો સાથે હળવાશપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. હળવાશપૂર્ણ વ્યવહાર થકી નિકટતા વધુ આવે છે.

10. વર્ગશિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓને સાથે રાખી વૃદ્ધાશ્રમો, અનાથાલયો, ભિક્ષુકગૃહો, દિવ્યાંગ બાળકોની શાળાઓની મુલાકાત માટે આયોજન કરી ત્યાંની સ્થિતિનો તાગ મેળવે તો વિદ્યાર્થીઓમાં કરૂણાનો ભાવ જાગે અને પોતે તેમજ તેનો પરિવાર સલામત છે એમ વિચારી ઈશ્વર પ્રત્યે મનોમન શ્રદ્ધા દૃઢ બને છે.

આ રીતે શાળામાં ભાવયુક્ત અભ્યાસ કરાવવામાં આવે તો ચોક્કસપણે તે બાળક સંવેદનાયુક્ત શિક્ષણ થકી શ્રેષ્ઠ નાગરિક બની શકે છે. બાળકોના યોગ્ય ઘડતરની નૈતિક જવાબદારી માતા-પિતા બાદ શિક્ષકોની રહે છે ત્યારે શિક્ષકોની શિક્ષણ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત હોવી જોઈએ. શિક્ષકોનો વાંચન પ્રત્યે લગાવ હોવો જોઈએ. બાળકો સાથે મધુરતાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. આમ, કોઈપણ નવું કાર્ય, નવી પદ્ધતિ, નવો આદેશ કે નવો અભ્યાસક્રમ શરૂઆતમાં અઘરો લાગે છે પણ જેમ-જેમ તેને સહજપણે અપનાવતા જઈએ અને તેનો સ્વીકાર કરતાં જઈએ તેમ તેમ તેનો અમલ કરવો સરળ લાગે છે. માટે, આપણે સૌએ આપણા અધિકારની જેમ ફરજ પ્રત્યે પણ જાગૃત રહી આપણા કાર્યક્ષેત્રને સદ્‌ભાવથી દીપાવી બાળકોમાં શ્રેષ્ઠ નાગરિકત્વની ભાવના કાયમી કરીએ તો આપણાં કાર્યો દ્વારા આપણા જન્મનો ફેરો પણ સફળ ગણાશે. માટે ચાલો, આપણે સાથે મળીને ઈશ્વરના પ્રત્યેક સર્જનમાં વિશિષ્ટ કૌશલ્ય પડેલું છે તેને હૃદયના ભાવથી પ્રગટ કરી તેમને સમાજ, દેશ અને વિશ્વ માટે ઉપયોગી બનાવવા પવિત્ર કાર્ય કરીએ.

---

**સંપર્ક: પી.આર.અગ્રવાલ નવનિર્મિત સ.વ.પ.,**
**ગુજરાત વિદ્યાલય, ગાંધીધામ, જિ.કચ્છ.**

## સ્વતંત્રતા

- મનુષ્ય સ્વતંત્રતાથી સુખ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમતત્ત્વ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી શાંતિ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમપદ પ્રાપ્ત કરે છે. **-અષ્ટાવક્ર ગીતા**
- સ્વતંત્રતાની સાધના કરનાર પોતાના આત્મબળના સહારાથી જ આગળ વધે છે. તે બીજાના સહારે આગળ વધવાની વાત વિચારી ન શકે. **-નગમલ મુનિ**
- વિચાર અને કાર્યની સ્વતંત્રતા જ જીવન, ઉન્નતિ અને કુશળ ક્ષેમનું એકમાત્ર સાધન છે. **-વિવેકાનંદ**
- દેશની સ્વતંત્રતા કાનૂની બારીકીઓથી મળતી નથી. એના માટે ક્યાં તો લોખંડની તલવાર જરૂરી છે અને સત્યાગ્રહનું ખડગ. **-મહાત્મા ગાંધી**
- સ્વતંત્રતાનો અનુભવ કરવો એ જ જીવન છે. પરાધીન સજીવ હોવા છતાં મૃત છે. **-યશપાલ**
- પરતંત્રતામાં સમાજનો 'સ્વ' દબાઈ જાય છે, એટલે રાષ્ટ્ર સ્વરાજની ઈચ્છા રાખે છે. જેનાથી તે પોતાની પ્રકૃતિ અને ગુણધર્મ પ્રમાણે પ્રયત્ન કરતા સુખની અનુભૂતિ મેળવી શકે. **-દીનદયાલ ઉપાધ્યાય**
- સ્વતંત્રતા પરમાત્માનો જ ગુણ છે. **-લોકમાન્ય તિલક**
- મનુષ્ય સ્વતંત્રતા-પ્રિય છે. કોઈ પણ પ્રકારની ગુલામીને તે સહી શકતો નથી. **-સરદાર પૂર્ણસિંહ**
- યાદ રાખો કે સ્વતંત્રતાનું મૂલ્ય તમારે ચૂકવવું જ પડશે. સ્વતંત્રતા ક્યારેય ભીખ માગવાથી મળી શકતી નથી. તેને બળપૂર્વક જ મેળવવી પડશે. તેની કિંમત લોહી છે. **-સુભાષચંદ્ર બોઝ**

**(સંકલન)**

**વિવેક વિનાની વીરતા મહાસમુદ્રની લહેરોમાં નાની હોડીની જેમ ડૂબી જાય છે. - બેકન**

# શ્રાવ્યભેદ પરખ સ્પર્ધા

ઈશ્વરભાઈ વાઘેલા

વાંચન વિકાસનો પાયો છે. બાળકો વાંચન તરફ દોરાય તે માટે તેમને તત્પર બનાવવા જરૂરી છે. આ માટે વાંચન તત્પરતા અંગે સમજ કેળવીને, તેના ઘટકોનો ખ્યાલ કેળવીને તે સંદર્ભે વિદ્યાર્થીઓને તૈયાર કરવા કમર કસવી પડે. વાંચન તત્પરતા સંદર્ભે શ્રાવ્યભેદ પરખ એક ઘટક છે. શ્રાવ્યભેદ પરખ એટલે સાંભળીને ભેદ પરખ કરવાની શક્તિ. જુદા જુદા અવાજ સાંભળીને તેને પારખવાની શક્તિ. આ કૌશલ્ય વાંચનમાં ખૂબ અગત્યનું છે. કારણ કે અવાજ થકી જ વર્ણનું - શબ્દનું-ઉચ્ચારણ થાય છે. બાળક ઉચ્ચારણ-અવાજ પારખી શકે તો તે વર્ણ કે શબ્દને સમજી શકે. જો બાળક શબ્દની શરૂઆતના ઉચ્ચારણનું સરખાપણું અથવા શબ્દના અંત્ય ઉચ્ચારણનું સરખાપણું દર્શાવી શકતું હોય તો આ કૌશલ્ય બાળકમાં યોગ્ય રીતે વિકાસ પામ્યું છે. એમ કહી શકાય. આ કૌશલ્યનો વિકાસ ક્રમશઃ થાય છે. શિક્ષક જો બાળકમાં આ કૌશલ્ય વિકસાવવા તત્પર હોય તો તેણે બાળકોને જુદા જુદા અવાજો સંભળાવવા પડે છે. જેમાં સંગીતનાં સાધનો, પશુ-પક્ષી, વાહનો અને ધાતુના અવાજો વારંવાર સંભળાવ્યા બાદ તેની પરખ કરવી જરૂરી છે. આ માટે સ્પર્ધા પણ રાખી શકાય, જે વિગતે નીચે દર્શાવી છે.

**હેતુ : શ્રાવ્યભેદ પરખ સ્પર્ધાના હેતુ નીચે પ્રમાણે છે.**

<u>વિદ્યાર્થીઓ :</u>

- જુદા જુદા અવાજોની પરખ કરી શકે.
- વર્ણના ઉચ્ચારણોના ભેદ પારખી શકે.
- શબ્દની શરૂઆતનું સરખાપણું પારખી શકે.
- શબ્દના અંત્યનું સરખાપણું પારખી શકે.
- જોડાક્ષરોનાં ઉચ્ચારણો વ્યવસ્થિત કરી શકે.
- એમના શબ્દ-ઉચ્ચારણ દોષ નિવારી શકાય.

**આયોજન :**

- બાળકોની પાંચ ટીમ બનાવવી.
- શ્રાવ્ય ભેદ પરખ સ્પર્ધા અંગે સમજ આપવી.
- ક્વીઝની જેમ રાઉન્ડ રાખવા. કેટલા રાઉન્ડ રાખવા ? કેટલો સમય આપવો ? તે વિચારી લેવું.
- શ્રાવ્યભેદ પરખ માટેનાં સાધનો તૈયાર રાખવા. કેટલાંક અવાજ ટેપરેકોર્ડ કરેલા હોવા જોઈએ. કેટલાંક અવાજ સાધન દ્વારા કરવા પડે. તે સાધનો લાવવા પડે. સાથે ભિન્ન ભિન્ન અવાજો કરનાર વ્યક્તિ પણ રાખવો પડે. સાધનો દ્વારા અવાજ સંભળાવવાનો હોય ત્યારે પડદો રાખીને અવાજ સંભળાવવાની વ્યવસ્થા કરવી જોઈએ.
- સ્પર્ધાના રાઉન્ડનું લેખિત સ્વરૂપ નક્કી હોવું જોઈએ. તેની ગુણ ફાળવણી પણ નિશ્ચિત હોવી જોઈએ. ગુણ નોંધણી પત્રક તૈયાર કરી રાખવું. રાઉન્ડ પહેલાં જરૂરી જાહેરાત-સૂચના આપવી.
- સ્પર્ધાની જાહેરાત દસ દિવસ પહેલાં કરવી અને તે અંગે સમજ પણ આપવી.
- વિદ્યાર્થીઓના નામ વધુ આવે તો તેમાંથી પસંદગી કરવા પણ આયોજન કરવું.

**સ્પર્ધા માટે વિષયવસ્તુ :**

શ્રાવ્યભેદ સ્પર્ધાના રાઉન્ડમાં કઈ બાબતોનો સમાવેશ કરવો તે અંગે વિચારણા જરૂરી છે. હેતુ સંદર્ભે ધ્યાન રાખીને વિષયવસ્તુ નક્કી કરી શકાય.

**(1)** **ધાતુઓના અવાજ :** બાળકોના ઘરમાં જુદી જુદી ધાતુઓનાં વાસણો કે બીજી વસ્તુઓ હોય છે. આ ધાતુઓના અવાજમાં તફાવત છે. પિત્તળ, કાંસુ, ઍલ્યુમિનિયમ, તાંબુ, લોખંડ વગેરે ધાતુઓના અવાજ સંભળાવી તેની ઓળખ કરાવી શકાય.

**(2)** **વાહનોના અવાજ :** બાળકો જુદાં જુદાં વાહનો જુએ છે. તેના અવાજો પણ તેમણે સાંભળ્યા હોય છે. દરેક વાહનોનાં અવાજમાં તફાવત હોય છે. ટ્રેક્ટર, બસ, ટ્રક, સ્કૂટર, રીક્ષા, ઍરોપ્લેન, વિમાન વગેરે વાહનોના અવાજ સંભળાવી તેની ઓળખ કરાવી શકાય.

**સલામત જગાએથી વીરતા બતાવવી સહેલી છે. - એશપ**

**(3) પક્ષીઓના અવાજ :** બાળકો જુદા જુદા પક્ષીઓના સંપર્કમાં આવતા હોય છે. પક્ષીઓના અવાજમાં પણ તફાવત છે જ. દા.ત. મોર, કોયલ, કાગડો, ચકલી, પોપટ, ચાતક, કાબર વગેરે પક્ષીઓના અવાજ સંભળાવી તેની પરખ કરી શકાય.

**(4) પશુઓના અવાજ :** બાળકો પશુઓના અવાજોથી પરિચિત થાય તેવા પ્રયાસો પહેલેથી વાલી અને શિક્ષકો દ્વારા થાય તે જરૂરી છે. પ્રાણીસંગ્રહાલયમાં લઈ જઈને પણ પ્રાણીઓનાં દર્શન કરાવી તેના અવાજો સંભળાવી શકાય. વાઘ, સિંહ, ગાય, ભેંસ, ઘોડો, વાંદરો, ભૂંડ, ચિત્તો, શિયાળ, સસલું વગેરે પ્રાણીઓના અવાજ સંભળાવી પરખ કરી શકાય.

**(5) સંગીતનાં સાધનોનો અવાજ :** બાળકો સામાજિક પ્રસંગોમાં, ધાર્મિક સ્થળોએ, શાળાની પ્રાર્થનામાં, ભજનમંડળી કે સંગીતના ડાયરામાં સંગીતનાં સાધનોના અવાજ સાંભળતા હોય છે. ટી.વી., રેડિયો, મોબાઈલ વગેરે પર ગીતશ્રવણ દરમિયાન પણ સંગીતનાં સાધનોના અવાજ સાંભળતા હોય છે. જેમાં ખંજરી, મંજીરા, ઘંટડી, તબલાં, હાર્મોનિયમ, ઢોલક, તંબુરો વગેરે હોય છે. આ બધાના અવાજો સંભળાવીને પરખ કરી શકાય.

**(6) માણસોના વિશિષ્ટ અવાજો :** માણસો કેટલાંક વિશિષ્ટ અવાજો પણ જરૂર પડે ત્યારે કરતા હોય છે. તે અવાજોમાં ડચકારો, બુચકારો, સીટી વગેરે... આ અવાજોની પરખ કરી શકાય.

**(7) વિશિષ્ટ વ્યક્તિઓના અવાજો :** ટી.વી. કલાકારો, ફિલ્મ કલાકારો, ગાયક કલાકારો, રાજકીય નેતાઓ, સંતપુરૂષો જેવી વ્યક્તિઓના અવાજોમાં તફાવત હોય છે. તેઓના અવાજો સંભળાવીને પરખ કરી શકાય.

**(8) વર્ણ -ઉચ્ચારણ અવાજ :** વર્ણના ઉચ્ચારણોમાં પણ તફાવત હોય છે. તેના અવાજ સંભળાવી ઓળખ કરવી જોઈએ. વર્ણનું ઉચ્ચારણ કરીને તેનું કા.પા. પર લેખન કરાવીને તે સાચું છે કે ખોટું તે પારખી શકાય. (દા.ત. ટ, ડ, ઠ, ઢ, પ, ય, ત, ક્ષ, જ્ઞ વગેરે.

**(9) શબ્દ શરૂઆતનું સરખાપણું :** કેટલાંક શબ્દોના શરૂઆતના અક્ષરો- વર્ણો સરખા હોય અને તેનો અર્થ જુદો થતો હોય તો ઉચ્ચારણ મળતાવડું હોય પણ અર્થ જુદો થતો હોય તેવા શબ્દોની પરખ કરી શકાય. દા.ત. કસક, કસર, કસબ, કસરત, કસવું વગેરે ઉચ્ચારણનું સરખાપણું - પાણી-પાણિ, વારિ-વાળી-વારી, વહિ-વહી વગેરે.

**(10) શબ્દના અંત્યનું સરખાપણું :** શબ્દના અંતે સરખાપણું થાય તેવા શબ્દોના ઉચ્ચારણ કરીને લખાવીને પરખ થઈ શકે. શબ્દના અર્થમાં અને લેખનમાં તફાવત હોય. દા.ત. પરખ, વરખ, અરખ, જરખ દાટી-માટી-વાટી, વાઢી-ગાઢી-રાઢી.

**(11) જોડાક્ષર ઉચ્ચારણ પરખ :** જોડાક્ષરોના ઉચ્ચારણ કા.પા. પર લખીને કરાવી શકાય અથવા ઉચ્ચારણ કરીને કા.પા. પર લખાવી શકાય. દા.ત. ઋતુ, સ્વાર્પણ, આશ્ચર્ય, શાશ્વત, શ્રદ્ધા વગેરે.

સદર વિષયવસ્તુને આધારે શ્રાવ્યભેદ પરખ સ્પર્ધાના રાઉન્ડની રચના થઈ શકે છે. દરેક રાઉન્ડના ગુણોની ફાળવણી પણ વિચારીને ગુણપત્રક બનાવવું જોઈએ. દરેક રાઉન્ડમાં સમયની ફાળવણી પણ કરવી જોઈએ. ગુણનોંધણી માટે બે વ્યક્તિ, સંચાલન માટે એક કે બે વ્યક્તિ, અવાજો સંભળાવવા માટે એક કે તેથી વધુ વ્યક્તિઓ રાખી શકાય.

શાળામાં નવીન પ્રવૃત્તિના સંદર્ભે આ સ્પર્ધા કરાવી શકાય. સ્પર્ધા પાછળનો હેતુ બાળકની શ્રાવ્યભેદ પારખવાની શક્તિનો વિકાસ થાય. જે તેને વાચન તરફ દોરી જશે. આચાર્ય-શિક્ષકો વિચારણા કરીને પોતાની શાળામાં સ્પર્ધા યોજી શકે છે.

સંપર્ક : **નિવૃત્ત એસોસિએટ પ્રોફેસર,**
**10, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,**
**વલ્લભવિદ્યાનગર, તા.જિ. આણંદ.**

**વીરતા માત્ર તુલના ઉપર આધારિત હોય છે. - બેકન**

# વીરડો જીવિત રાખે તે જ ખરો શિક્ષક

**વિજય દાણી**

કોઈ ઓરડામાં ઍરકન્ડિશનર ચાલુ હોય અને છતાં જો ઠંડક ન પ્રસરે તો આપણા મનમાં જરૂર એક પ્રશ્ન ઊઠે કે આ ઍરકન્ડિશનર, ઍરકન્ડિશનર છે કે કેમ ? કોઈ ઓરડામાં ધૂપસળી સળગતી હોય અને જો સુગંધ ન પ્રસરે તો આપણા મનમાં પ્રશ્ન ઊઠે : આ ધૂપસળી, ધૂપસળી છે કે કેમ ? ફિલામેન્ટ વિનાના વીજળીના બલ્બને બલ્બ કહેવાય? માત્ર અજ્ઞાન લોકો જ તેને બલ્બ કહેશે. તે તો માત્ર કાચનો ગોળો છે. ફિલામેન્ટ હોય તો જ તેને બલ્બ કહેવાય. જ્ઞાનરૂપી વીરડો જીવતો હોય તો જ ખરો શિક્ષક! વીરડો જીવતો હોય તો જ ભલું કરી શકે.

બાળકને જન્મ આપે તે માતા તો હોય છે પણ માતૃત્વ એ બધી માતાઓથી પર એવી એક શક્તિ છે. એમ શિક્ષક તો આપણે બધા છીએ પણ શિક્ષકત્વ તો એ બધાથી મોટું, મૂઠી ઊંચેરું એવું તત્ત્વ છે. પોતાના જીવનમાં શિક્ષકત્વનો એક કણ પણ ન અનુભવી શકે. માત્ર વર્ગમાં ભણાવે છે માટે શિક્ષકનું સર્ટિફિકેટ લઈ જાય એ આપણી પરંપરા સાથે બંધબેસતું નહીં થાય. ગૌરવપૂર્વક ઊંચું માથું રાખીને 'હું શિક્ષક છું' કહેવા માટે શિક્ષકે પોતાનું ગજું ઊભું કરવું પડશે. પોતાનામાં બહુશ્રુતતા, શિષ્ટવાત્સલ્યતા અને બ્રહ્મનિષ્ઠા વિકસાવવી પડશે. 'શિક્ષક છું' એમ કહે ત્યારે તેના મોં ઉપર, તેના હૃદયમાં આ આચાર્યનો એકાદ પણ કણ પ્રગટ થાય તો તે આપણા માટે એક અત્યંત આનંદનો અને સંતોષનો વિષય બને.

જે કામ કરવા માટે સૈકાઓ પહેલાંના બાળકને જેટલી શક્તિઓની જરૂર રહેતી તેના કરતા અનેકગણી વધારે શક્તિઓની જરૂર આજના બાળકને રહેવાની છે. વળી તેની આસપાસની દુનિયા પણ એટલી બધી અટપટી અને વિવિધ જાતની છે કે તેને વિવિધતાને પામવા માટે તે અટપટી દુનિયા સાથે ચાલવા માટે પોતાની શક્તિઓનો નવીનતમ ઉપયોગ કરવાનું પણ રહેવાનું. કલા, ટૅક્નોલોજી, વિજ્ઞાન તમામ ક્ષેત્રોમાં જ્ઞાનસભર ઊંડો બનતો ગયો છે. અત્યારે કોરોના મહાકાળ જેવી આફતમાં જીવન જીવવા માટેની યોગ્ય રીતો પણ શીખવવી પડશે. યોગ, કસરત, આહાર-વિહાર, પ્રકૃતિપ્રેમ, પર્યાવરણનો મળેલો વારસો જાળવી તેવું સંવર્ધન કરવાનું પણ તેને માર્ગદર્શન આપવું પડશે. આવી પરિસ્થિતિમાં બાળક નિરાશા કે હતાશા ન અનુભવતાં તેમનામાં આંતરિક શક્તિ ઊભી કરવી એ આજની તાતી જરૂરિયાત છે અને તે માત્ર 'શિક્ષક' જ સંતોષી શકે તેમ છે પણ... વીરડો જીવતો હોય તે સાચો શિક્ષક.

વીરડો નાનો હોય તેની ચિંતા નથી પણ વીરડાની મોટી લાક્ષણિકતા એ છે કે છાલિયું પાણી લો ત્યાં બીજું છાલિયું પાણી આવી જ ગયું હોય. કૂંડી ખાલી થાય, મોટા હોજ ખાલી થાય પણ વીરડો ખાલી ન થાય. શિક્ષકની જ્ઞાનરૂપી વીરડાની સ્વતંત્ર આવ (સ્રોત) સદાય ચાલુ રહે તેની કાળજી રાખવી પડશે. હંમેશાં વીરડો ચાલુ છે કે નહીં ? તેની ચિંતા કરવી પડશે.

શિક્ષક (ગુરુ) એ સાંનિધ્ય છે, એવું સાંનિધ્ય જે સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર કરી નાખે છે. શરત એક માત્ર છે અને તે એ છે કે ... 'વીરડો જીવિત હોવો જોઈએ...' વિદ્યાર્થીઓને ટૅક્નોલોજીના માધ્યમથી શિક્ષક જો પોતાના સાંનિધ્યમાં રાખશે તો વિદ્યાર્થી નિર્ભય બનશે અને શ્રદ્ધાવાન બનશે. જો વિદ્યાર્થી સાથેનું સાંનિધ્ય તૂટી જશે તો તેના અસ્તિત્વનું રૂપાંતર કરી જ નહીં શકાય કે જે કરવાની આપણી નૈતિક ફરજ છે.

યજુર્વેદમાં લખ્યું છે – स्वयन्तो नापेक्षं ते। यजु.-३०

એટલે કે તેજસ્વી બીજાઓની અપેક્ષા રાખતા નથી. જેઓ આત્મનિર્ભર છે, તેઓને બીજાઓની પણ સહાયતા મળે છે. આત્મનિર્ભર બનવા સંકલ્પબદ્ધ થઈએ અને આપણા સૌનો 'વીરડો' જીવિત રાખીએ.

---

**સંપર્ક: શ્રી આદર્શ વિદ્યાલય, લીંભોઈ,**
**તા.મોડાસા, જિ. અરવલ્લી-383316**

**તમારી ભીતિઓને એકલા એકલા માણજો, પણ તમારી હિંમતની લહાણી કરતા રહેજો. - રોબર્ટ લુઈ સ્ટીવન્સ**

# જરા યાદ કરો કુરબાની

**સંકલન**

## વીર સરદાર ભગતસિંહ

**(જન્મ : ઈ.સ. 1907 - મૃત્યુ : 23-3-1931)**

સ્વાતંત્ર્યસંગ્રામની બલિવેદી પર પ્રાણની આહુતિ આપનાર અને હિંદમાં ક્રાન્તિની જ્વાળા પ્રદીપ્ત કરવા જાનની કુરબાની કરનાર વીર ભગતસિંહને કોણ ભૂલે? હિંદ રાષ્ટ્રીય મહાસભાએ જ્યારે અસહકારની ચળવળમાં શાળા-કૉલેજોનો ત્યાગ કરવાનું ફરમાન કરેલું ત્યારે તેમણે કૉલેજનો અભ્યાસ છોડી દીધેલો. એમના યુવાન હૃદયમાં જે વિચારો ઊગ્યા અને જે ભાવનાઓ જન્મી તે વડે તેમનું આખું જીવન ઘડાયું. પરિણામ એ આવ્યું કે એમનો દેશપ્રેમ તીવ્ર બની ગયો. અપૂર્વ હિંમત દાખવીને તેમણે ઈ.સ. 1929ની આઠમી એપ્રિલે, દિલ્હીની વડી ધારાસભાના હૉલમાં બૉમ્બનો ધડાકો કર્યો.

તેઓ પંજાબના એક ખાનદાન અને દેશભક્તિના રંગે રંગાયેલા કુટુંબમાં જન્મેલા. સરદાર ભગતસિંહ માભોમની મુક્તિયજ્ઞની ભવ્ય આહુતિરૂપ હતા. દેશને ગુલામીની બેડીઓમાંથી આઝાદ કરવા જીવનભર ઝઝૂમનાર આ વીર શહીદે પોતાના આદર્શો અને સિદ્ધાંતોની ખાતર લગ્ન પણ નહોતું કર્યું અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને દિલ્હી જઈને પત્રકાર તરીકે જીવન શરૂ કર્યું હતું. ક્રાન્તિકારી દળના એક અગ્રગણ્ય સભ્ય તરીકે તેમણે ‘ઈન્કલાબ ઝિંદાબાદ’ના નારા સાથે, બૉંબધડાકો કરીને જે પત્રિકાઓનો વરસાદ વરસાવ્યો તે ગુના બદલ બ્રિટિશ સરકારે તેમના પર કેસ કર્યો અને તેમને 1931ની 23 માર્ચે ફાંસી પર ચડાવી દેવાયા.

ઈ.સ. 1926માં તેમણે કુંદનલાલ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને ‘કાકોરી ષડ્યંત્ર’ના રાજદ્વારી કેદીઓને છોડાવવાની યોજના કરેલી. ભારતના ક્રાન્તિકારીઓમાં હજી જોઈએ તેવું સંગઠન નથી એવું સમજાઈ જતાં તેમણે તા.8-12-1928ના રોજ સમસ્ત ભારતના મુખ્ય ક્રાન્તિકારીઓની એક સભા બોલાવી અને તેમાં નવી સમિતિની જે ઉત્સાહભેર રચના થઈ તેનું સુકાન ભગતસિંહ, ચંદ્રશેખર ‘આઝાદ’, સુખદેવ વગેરેને સોંપાયું. હકીકતમાં તો લાલા લજપતરાય પર લાઠીચાર્જ થયો હતો અને તેઓ મૃત્યુ પામ્યા તે ઘટનાએ ભગતસિંહને હચમચાવી નાખેલા.

સરદાર ભગતસિંહ વિશે પંડિત જવાહરલાલે પોતાની આત્મકથામાં જે લખ્યું છે. ‘‘હું ભગતસિંહ અને તેના સાથીઓની બાબતમાં અંતિમ ઘડી સુધી મૌન ધારણ કરી રહ્યો, કેમ કે હું ડરતો હતો કે મારા કોઈ શબ્દથી ફાંસીની સજા રદ થતાં અટકી ન પડે. હૃદયથી ઈચ્છા થતી કે હું ઊકળી ઊઠું. પણ કમનસીબી એ થઈ કે અમે બધા મળીને પણ તેમને બચાવી ન શક્યા. એ અમને અત્યંત પ્યારા હતા. તેમનો મહાન ત્યાગ અને સાહસ ભારતના નવજવાનો માટે પ્રેરણાની ચીજ છે. અમારી આ અસહાયતા પર દેશમાં દુઃખ પ્રગટ કરવામાં આવશે. સાથે અમારા દેશને આ સ્વર્ગીય આત્મા પર ગર્વ છે. જ્યારે ઈંગ્લેન્ડ અમારી સાથે સમજૂતીની વાત કરે, ત્યારે આપણે ભગતસિંહની લાશને ભૂલી જવી ના જોઈએ.’’ કોઈએ સાચું જ કહ્યું છે કે જે કાર્ય હજારો ભાષણોથી કે સેંકડો પુસ્તકોથી ન થઈ શક્યું હોત તે આ વીરે એક જ બૉંબ ધડાકાથી કરી બતાવ્યું.’’

•

## શ્રી ચંદ્રશેખર ‘આઝાદ’

**(જન્મ : 23-07-1905 - મૃત્યુ : 27-02-1931)**

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં જેમણે કદી કોઈ પર નિરર્થક ગોળી ન ચલાવી એ ક્રાંતિવીર ચંદ્રશેખર ‘આઝાદ’ દેશને માટે જ જીવ્યા હતા અને દેશને ખાતર જ એમણે ભવ્ય શહીદી વહોરી હતી. એમની શહાદત સાથે દેશની આઝાદીની લડતમાં વિપ્લવવાદ યુગનો અંત આવ્યો, પરંતુ

**હિંમત અંતરમાંથી ઊભી થતી વસ્તુ છે; સંખ્યામાંથી નહિ. - ડ્રાયડન**

એમની સક્રિયતાએ દેશમાં એક જુસ્સો પેદા કરી દીધો. પ્રજાની કલ્પનાને ઉદ્દામ કરી મૂકનાર આ મહાન ક્રાંતિવીરને લાખ લાખ સલામ !

મધ્યપ્રદેશના ભાવરા નામના ગામડામાં એક વાંસની ઝૂંપડીમાં ઈ.સ. 23 જુલાઈ, 1905માં જેમનો જન્મ થયેલો તે ચંદ્રશેખરના પિતા સીતારામ તિવારી સનાતની બ્રાહ્મણ હતા. તેમનાં માતા જગરાણીદેવી તદ્દન નિરક્ષર હતાં. ચંદ્રશેખર તેમના પાંચ સંતાનોમાં સૌથી નાના સંતાન હતા. પિતાના મારથી રિસાઈને ઘર છોડીને નાસી ગયેલા પંદર વર્ષના બાળ ચંદ્રશેખર કાશી પહોંચ્યા અને ત્યાં એક છાત્રાલયમાં રહીને સંસ્કૃતનો અને હિન્દીનો અભ્યાસ કર્યો. એવામાં અસહકારનું આંદોલન ઊપડ્યું ને તે પિકેટિંગમાં જોડાયા અને ફટકાની સજા વેઠીને ગાંધીજીની જય પોકારી. પછી તેમણે ક્રાંતિકારી દળમાં જોડાવાનું પસંદ કર્યું અને દેશની આઝાદી માટે સરફરોશી કરનાર વીર ક્રાંતિકારીઓના એ નેતા બની ગયા. અંગ્રેજોના હાથે પકડાઈ જવા કરતાં પોતાની જ પિસ્તોલની છેલ્લી ગોળીથી એમણે પોતાના પ્રાણની 27 ફેબ્રુઆરી, 1931ના રોજ આહુતિ આપેલી.

પોતાની અદ્વિતીય સંગઠનશક્તિ અને અસીમ સાહસિકતાથી સૌના પ્રિય બની ગયેલા 'આઝાદ', જીવનના છેલ્લા શ્વાસ સુધી આઝાદ જ રહ્યા હતા. અંગ્રેજ સરકારની આંખ ખોલી નાખવા ક્રાંતિકારીઓએ જે 'લૂંટ'ની પ્રવૃત્તિ ઉપાડી તેમાં શ્રી ચંદ્રશેખરે વીરતાથી ભાગ લીધો. 'કાકોરીઘાટ'ની ટ્રેઈન લૂંટમાં પણ તેમણે અજોડ ઉત્સાહ ને હિંમત દાખવ્યાં. એના અનુસંધાનમાં જે ધરપકડો થઈ તેમાં ઘણાખરા કુશળ અને બાહોશ નેતાઓ પકડાઈ ગયા. ચંદ્રશેખરના નામનું વૉરંટ પણ નીકળ્યું પરંતુ પોલીસને એમનો પત્તો ન લાગ્યો. નામ બદલીને અને વેશપલટો કરીને તેમણે ક્રાંતિદળના સૈનિકોને શસ્ત્રોની તાલીમ આપવાનું ભગીરથ કામ કર્યું.

જાણીતા ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદનું નામ 'આઝાદ' કેવી રીતે પડ્યું એની પણ એક મનોરંજક કથા છે.

એ સમયે મહાત્મા ગાંધીજીનું અસહકારનું આંદોલન જોરમાં હતું. સ્વદેશી ભાવનાથી પ્રભાવિત થયા વિના આઝાદ પણ ન રહી શક્યા. પરિણામે હાથમાં ઝંડો લઈને જોરશોરથી નારા લગાવતા તેઓ વિદ્યાર્થીના સરઘસમાં ભળી ગયા.

પોલીસે એમને પકડી લીધા અને મૅજિસ્ટ્રેટની સામે એમને ઊભા કરવામાં આવ્યા. મૅજિસ્ટ્રેટે એમને સવાલ પૂછવા માંડ્યા.

'નામ ?'

'આઝાદ.'

'પિતાનું નામ ?'

'સ્વતંત્રતા.'

મૅજિસ્ટ્રેટને થયું કે છોકરો જિદ્દી છે. એમનો પછીનો સવાલ હતો, તારું ઘર ?

આઝાદે એ જ રીતે જવાબ આપ્યો : 'જેલ'.

હવે તો મૅજિસ્ટ્રેટનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો. એમણે આઝાદને પંદર વર્ષની સજા કરી. જેલના સામે ખુલ્લા મેદાનમાં આઝાદે 'વંદે માતરમ્' અને 'મહાત્મા ગાંધીનો જય'ની ઉદ્‌ઘોષણા કરી. ખુલ્લા બરડા ઉપર કોરડાનો માર ઝીલ્યો પણ એક સિસકારોય ન કાઢ્યો. આવા આઝાદીના દીવાનાઓની કુરબાનીઓથી લખાયો છે ભારતની આઝાદીનો ઈતિહાસ.

જેલમાંથી છૂટીને બહાર આવતાં ડૉ. સંપૂર્ણાનંદે ચંદ્રશેખરને 'આઝાદ' નામથી સંબોધ્યા. પછી તો તેઓ એ નામથી જ લોકપ્રિય બની ગયા.

•

## ભારતીય સ્વાતંત્ર્યસેનાની - રાજગુરુ

**(જન્મ : 24-08-1908 - મૃત્યુ : 23-03-1931)**

ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓમાં જેમનું ગૌરવભેર નામ લેવાય છે, તેવાં વીર શહીદ રાજગુરૂ. યુવાન વયે જ મા ભારતી માટે પોતાનું બલિદાન આપનાર એક વીર કે જેનું નામ લેતાં આજની યુવા પેઢીને પણ એક નવો રાહ ચીંધે છે. રાજગુરૂનું પૂરું નામ હતું - શિવરામ હરિરામ રાજગુરૂ.

**શસ્ત્ર-યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાને બદલે આત્મવિજય કરવામાં વધુ વીરતા રહેલી છે. - ભર્તૃહરિ**

સંવત 1830ના પુણ્ય પવિત્ર શ્રાવણ માસમાં અંધારી તેરસ અને સોમવારે રાજગુરૂનો જન્મ મહારાષ્ટ્રના પૂના નજીક ખેર અથવા ખેડ મુકામે થયો હતો. એટલે કે 24 ઑગસ્ટ 1908ના શુભ દિવસે. પિતાનું નામ હતું હરિ નારાયણ રાજગુરૂ અને માતાનું નામ પાર્વતી દેવી. રાજગુરૂ એ એમની એક ઉપાધિ હતી એટલેકે ખિતાબ હતો. છત્રપતિ શિવાજીના પૌત્ર સાહુ મહારાજે પોતાનાં વિદ્યાગુરુ પરિવારને આ રાજગુરૂની ઉપાધિ આપી હતી. તેઓ બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા.

તેમનું પ્રાથમિક શિક્ષણ ખેડ ગામની ગામઠી શાળામાં જ પૂર્ણ થયું હતું. વધુ અભ્યાસ માટે તેઓ પૂનાની ઈંગ્લીશ સ્કૂલમાં દાખલ થયા, પણ પિતાનું છ વર્ષની ઉંમરે જ અવસાન થયું હતું અને કુટુંબની દારૂણ પરિસ્થિતિનાં કારણે તેમને વચ્ચેથી અંગ્રેજી શિક્ષણ છોડવું પડ્યું. તેઓ તેમની પ્રિય ભાષા સંસ્કૃતનો અભ્યાસ કરવા તેઓ બનારસ ગયા અને ત્યાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ પૂર્ણ કરી બનારસની નગરપાલિકાની શાળામાં પી.ટીના શિક્ષક તરીકે જોડાઈ ગયાં.

ત્યાં તેમનો સંપર્ક ભગતસિંહ સાથે થયો અને બંને ગાઢ મિત્ર બની ગયા. ત્યારબાદ તેઓ ચંદ્રશેખર આઝાદની રાહબરી નીચે દેશની સ્વાતંત્ર્યની ચળવળમાં જોડાયા. તેઓ તેમની પાર્ટીમાં જોડાઈ ગયા અને ત્યાં તેમને રઘુનાથ નામ આપવામાં આવ્યું હતું. લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઈજાઓથી તેમનું મૃત્યુ થયું, તેનો બદલો લેવા માટે રાજગુરૂએ ભગત સિંહ અને સુખદેવ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે. પી. સૌંડર્સની હત્યા કરી. ત્યાંથી હત્યા કરી તેઓ કલકત્તા પહોંચ્યા અને ત્યાંથી પણ છટકી તેઓ નાગપુર ગયા. ત્યાંથી તેઓ પૂના જવા નીકળી ગયાં અને પૂના પહોંચે તે પહેલાં જ તેમની ધરપકડ થઈ.

લાહોરમાં સાંડર્સ હત્યા કેસ ટ્રીબ્યુનલ દ્વારા ચાલ્યો અને ભગતસિંહ, શિવરામ રાજગુરૂ અને સુખદેવને ફાંસીની સજા આપવામાં આવી. 23મી માર્ચ 1931ની સાંજે જ્યારે ત્રણેયને ફાંસીના મંચ ઉપર દોરી જવામાં આવ્યા ત્યારે રાજગુરૂએ ભગતસિંહ અને સુખદેવને પાછળ રાખી પહેલાં મંચ પર ચડી ગયા. તેઓને ફિરોજપુર લાહોરમાં ફાંસી આપવામાં આવી. નવયુવાનીમાં જ રાજગુરૂ અને તેમના સાથી મિત્રો સુખદેવ અને ભગતસિંહ પણ મા ભોમ માટે ફના થયાં.

રાજગુરૂની યાદને જીવંત રાખવા તેમના જન્મ સ્થળ ખેડને રાજગુરૂનગર નામ આપવામાં આવ્યું છે. ધન્ય છે આ વીર શહીદને. શત શત નમન.....

•

## શ્રી બિપિનચંદ્ર પાલ

**(જન્મ : 07-11-1858 - મૃત્યુ : 20-05-1932)**

તેઓએ બંગાળમાં સામાજિક જાગૃતિથી પોતાના મહાન સેવાકાર્યની શુભ શરૂઆત કરી હતી. 'લાલ, બાલ અને પાલ'ની ઐતિહાસિક ત્રિપુટીમાંના એક આદર્શ બંગાળીવીર શ્રી બિપિનચંદ્ર પાલ ભવિષ્યના દૃષ્ટા હતા. ઈંગ્લેન્ડમાં દેશવટો ભોગવતાં તેમણે રાષ્ટ્રસમૂહની અને તેમાં સ્વતંત્ર ભારતની ભાગીદારીની કલ્પના કરી હતી ! સત્યાગ્રહનું સફળ શસ્ત્ર ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ઘડ્યું પણ તેની ભૂમિકા સ્વતંત્ર રીતે તો બિપિનચંદ્રે જ ભારતમાં તૈયાર કરી. એમના જેવા દેશભક્તોએ જે કેડી કંડારીને સ્વાતંત્ર્ય-જંગના શ્રીગણેશ માંડેલા એના પરિણામે જ એ જંગ ફળદાયી નીવડેલો આ મહાન દેશભક્તને આપણા લાખ લાખ સલામ !

બંગાળના અનેક ક્રાન્તિવીરોની જેમ પ્રખર દેશભક્તોની હરોળમાં પણ જેમનું નામ આગળ મુકાય છે તે શ્રી બિપિનચંદ્ર પર ગાંધીજીની અને નેહરુજીની દૃષ્ટિ પહેલેથી જ મંડાયેલી હતી. તેઓ પોતાના જમાનાથી ઘણા આગળ હતા અને તેથી સમાજ અને રાજકારણના ક્ષેત્રમાં ઘણા માણસો તેમના વિચારોને સાંખી શકતા નહિ. તેમની જ્ઞાતિએ પણ તેમનો બહિષ્કાર કર્યો હતો. કડવા અનુભવના ઘૂંટડા પી જતાં બિપિનચંદ્ર કદી કચવાયા નથી. ઝેર પી જઈને પણ તેમણે આ દેશની પ્રજા માટે અમૃત આપ્યું છે.

**શત્રુને માઠું લગાડવાની હિંમત ગમે તે કરી શકે છે,**
**પણ મિત્રને માઠું લગાડવાની વીરતા તો જવલ્લે જ મળી આવે છે. - ગલૅડસ્ટન**

શ્રી બિપિનચંદ્ર પાલ માત્ર રાજકારણના યોદ્ધા ન હતા. એક પ્રખર પત્રકાર તરીકે તેમણે પોતાનાં પત્રો ટ્રિબ્યૂન, વંદેમાતરમ્, પરિદર્શક, ન્યૂ ઈન્ડિયા, સ્વરાજ, હિંદુ રિવ્યૂ, ઈન્ડીપેન્ડેન્ટ, ડેમોક્રેટ અને બંગાળી વડે પ્રાંત અને દેશની પ્રજામાં નવપ્રાણ પૂર્યા. તેમણે કહેલું કે ''સત્યાગ્રહ 'નિષ્ક્રિય' નથી, પણ 'અનાક્રમક' છે. કાયદો જ્યાં સુધી આપણા અધિકારને માન આપશે ત્યાં સુધી જ આપણે કાયદાને માન આપીશું'' અને 'આપણા જાહેરજીવનની રચના પણ ગામડાથી શરૂ થવી જોઈએ' એ વિધાન પણ એમણે જ કરેલું.

એમની પ્રખર દેશભક્તિ ઊગતી પેઢીઓનું પ્રેરક બળ બની ગઈ છે. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી હતાશામાંથી દેશ જ્યારે ફરીથી જાગી રહ્યો હતો ત્યારે, લાલ (લાલા લજપતરાય), બાલ (બાલ ગંગાધર ટિળક) અને પાલ (બિપિનચંદ્ર પાલ)ની ત્રિપુટી, રાષ્ટ્રીયતા જાગ્રત કેમ કરવી તેમજ કશા તિરસ્કાર વિના દેશપ્રેમ કેમ વ્યક્ત કરવો તે માટે પ્રજાને જાગૃત કરતી હતી. એમણે જેલ, દેશવટો, દંડ વગેરેની સજા ભોગવી. યાતના પણ ભોગવી. પરંતુ એ કર્મયોગીને પોતાના ધ્યેયમાં ને દેશના ભાવિમાં અચળ શ્રદ્ધા હતી.''

•

## લોકમાન્ય બાળ ગંગાધર ટિળક
### (જન્મ : 23-07-1856 - મૃત્યુ : 01-08-1920)

ભારતની ક્રાન્તિના પિતા સમાન શ્રી લોકમાન્ય બાળ ગંગાધર ટિળકે, 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે.' એ વિધાન દ્વારા રાષ્ટ્રવ્યાપી ભાવનામંત્ર આપ્યો અને 'હું તે મેળવીશ જ' એ દૃઢ સંકલ્પભર્યો આત્મવિશ્વાસનો ચેતનામંત્ર પણ આપ્યો. ઈ.સ. 1857 પછી આઝાદીના આંદોલનને શિક્ષિત વર્ગમાંથી આમપ્રજા સુધી લઈ જઈ તેને ઐતિહાસિક વળાંક આપ્યો. સંપૂર્ણ ત્યાગભાવના, કઠોર સત્યપાલન, નિઃસ્પૃહ સેવાવૃત્તિ અને અડગ ધ્યેયનિષ્ઠા દ્વારા તેઓ રાષ્ટ્રમુક્તિના પ્રણેતા બન્યા. પોતાની સ્પષ્ટ વિચારશક્તિ, અદમ્ય સંકલ્પશક્તિ અને વેધક બુદ્ધિશક્તિથી તેમણે રાષ્ટ્રમુક્તિને શક્ય બનાવવા જે જે માર્ગો ગ્રહણ કર્યા તે સર્વમાં તેમને ઉત્તરોત્તર સફળતા મળતી રહી.

જન્મ મહારાષ્ટ્રના ચીખલી ગામે; પિતા ગંગાધરરાવ, ગણિત અને સંસ્કૃતના પંડિત; માતા પાર્વતીબાઈ અત્યંત ધાર્મિક વૃત્તિનાં અને નીતિપરાયણ, મૂળ નામ 'કેશવ', મોટપણે 'બલવન્તરાવ' નામ રખાયેલું પરંતુ તેમનું લાડીલું નામ 'બાળ' જ દેશભરમાં પ્રચલિત બન્યું. 1877માં ગણિતના વિષય સાથે બી.એ. અને 1879માં એલએલ.બી. થયેલા. ભણવામાં ખૂબ તેજસ્વી અને તેટલા જ સાહસિક, નીડર, અડગ નિશ્ચયી અને સત્યના આગ્રહી. પોતાનું બાળપણનું માયકાંગલું શરીર મજબૂત ને ખડતલ બનાવવાનું કાર્ય તેમણે દૃઢ સંકલ્પપૂર્વક હાથ ધર્યું અને રોજ 800 દંડ-બેઠકો કરી શકે એવું સશક્ત શરીર બનાવી દીધું.

રાજકીય સ્વરાજ્યને જ કેન્દ્રમાં રાખીને ટિળક તેને માટે જીવનભર ઝઝૂમ્યા. તેની પાછળ પ્રેરક બળની પ્રખર ભૂમિકા તો તેમણે સદાકાળ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક આદિ ક્ષેત્રોની જ રાખી હતી. એમની રાષ્ટ્રીય સેવાના તેજમાં એમની વિદ્વતાનું તેજ ઢંકાઈ ગયેલું ઘડીભર લાગે; પરંતુ ધર્મ, સંસ્કૃતિ, સમાજ આદિથી માંડી ઈતિહાસ અને ગણિત સુધીના વિષયો ક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન મહાન છે. દાદાભાઈએ અંકુરિત કરેલ સ્વરાજ્યના ખ્યાલને લોકમાન્યે, લોકોના જન્મસિદ્ધ હક્ક તરીકે પ્રતિષ્ઠિત કર્યો. એમનું વ્યક્તિત્વ અને કાર્યક્ષેત્ર કદી ભૂલ્યાં ભુલાય એમ નથી.

લોકમાન્યની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને હતી ઉત્કટ દેશદાઝ. તે દેશદાઝને તેમણે બે પ્રકારે મૂર્ત કરી; એકનિષ્ઠ આચરણ કરીને અને પત્રકારત્વ દ્વારા તેને રાષ્ટ્રવ્યાપી બનાવી. ભારતની સ્વરાજ્ય-સાધનામાં તેમનાં પત્રો 'કેસરી' અને 'મરાઠા'નો પણ નોંધપાત્ર ફાળો છે. લોકમાન્યનું જીવનદર્શન તો એક મહાન કર્મયોગી તરીકેનું છે. 'ગીતારહસ્ય'ના એ મહાન દૃષ્ટાએ તે રહસ્યને જીવનની ક્ષણેક્ષણે આચારમાં ઉતારી બતાવ્યું છે. એ ગ્રંથસ્થ રહસ્યનું ભવ્ય ઉદાહરણ લોકમાન્યનું જીવન આખું જ જાણે

**જ્યારે શસ્ત્રનો ઘા શરીર પર લાગે છે ત્યારે જ વીરતાની કસોટી થાય છે. - ગાંધીજી**

કે બની રહ્યું છે. સ્થિતપ્રજ્ઞની નિઃસ્પૃહતા અને અનાસક્તિ તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ચૂકી હતી. કર્મયોગ એ તેમને મન ઈશ્વરભક્તિનો જ એક પ્રકાર હતો.

•

## પંજાબ કેસરી - લાલા લજપતરાય

**(જન્મ : 28-01-1865 - મૃત્યુ : 17-11-1928)**

લાલા લજપતરાયનું નામ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા ભજવનાર નેતાઓમાં ગૌરવભેર લેવાય છે. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન બ્રિટિશ સરકારને હંમેશાં હંફાવી હતી. તેઓ પ્રમુખ હરોળના ભારતીય સ્વાતંત્ર્યસેનાની હતા. તેમણે ઘણીબધી સ્વાતંત્ર્ય ચળવળોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આના કારણે આ વીર પુરુષને એક ઉપનામ મળ્યું હતું - પંજાબ કેસરી.

તેમનો જન્મ 28 જાન્યુઆરી 1865ના રોજ પંજાબ રાજ્યમાં આવેલા મોગા જિલ્લાના ધુડિકેમાં થયો હતો. તેમના પિતાનું નામ રાધાકૃષ્ણ અગ્રવાલ હતું અને માતાનું નામ હતું ગુલાબદેવી. લજપતરાય તેમના પરિવારમાં સૌથી મોટા પુત્ર હતા. તેમના પિતાશ્રી વ્યવસાયે શિક્ષક હતા. તેમનું પ્રાથમિક શિક્ષણ રેવારી ખાતે પૂર્ણ થયું હતું. બાળપણમાં જ લાલા લજપતરાયને લેખન અને ભાષણ પ્રત્યે ખૂબ જ રૂચિ હતી. બાળપણમાં તેમને માતાના ઉચ્ચ મૂલ્યોની શિક્ષા મળી હતી.1880માં તેમણે કાયદાશાસ્ત્રના અભ્યાસ માટે લાહોર ગવર્મેન્ટ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. અહીં તેમનો પરિચય લાલા હંસરાજ અને ગુરુદત્ત જેવા દેશભક્ત અને ભવિષ્યના સ્વાતંત્ર્યસેનાનીઓ સાથે થયો. ત્રણેય સારા મિત્રો બની ગયા અને સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપેલ આર્યસમાજમાં સામેલ થઈ ગયા. લાહોર ખાતેના અભ્યાસ દરમિયાન જ દયાનંદ સરસ્વતીના હિંદુ સુધારણા આંદોલનથી પ્રભાવિત થઈ આર્યસમાજના સભ્ય બન્યા. ઉપરાંત લાહોર સ્થિત આર્ય ગેઝેટના સંસ્થાપક સંપાદક બન્યા. લાલા લજપતરાયને ''શેર એ પંજાબ''ના સંબોધન સાથે લોકો તેમને (જહાલ વાદી)ગરમ દળના નેતા માનતા હતા. તેઓ સ્વાવલંબનથી સ્વરાજ લેવા માગતા હતા.

બાળપણથી જ દેશસેવા કરવાની ઇચ્છા હતી આથી દેશને વિદેશી શાસનથી મુક્તિ અપાવવાની પ્રતિજ્ઞા લઈ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ અને આર્ય સમાજની હિસાર શાખાની સ્થાપના કરી. 1888 અને 1889માં કૉંગ્રેસના અલ્હાબાદ અધિવેશનમાં હિસારના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. 1892માં તેઓ લાહોર ઉચ્ચ ન્યાયાલય ખાતે વકીલાત માટે લાહોર ચાલ્યા ગયા. સ્વતંત્રતાપ્રાપ્તિ માટે દેશની રાજનૈતિક વિચારોને આકાર આપવા માટે તેમણે પત્રકારિત્વનો અભ્યાસ કર્યો તથા ધ ટ્રીબ્યૂન (ચંદીગઢ) સહિત ઘણા સમાચારપત્રોમાં નિયમિત યોગદાન આપતા રહ્યા. 1886માં તેમણે લાહોર ખાતે દયાનંદ ઍંગ્લો-વૈદિક સ્કૂલ નામની રાષ્ટ્રવાદી શાળાની સ્થાપના માટે લાલા હંસરાજની મદદ કરી.

લાલા લજપતરાય ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના ત્રણ પ્રમુખ રાષ્ટ્રવાદી નેતાઓ પૈકી એક હતા. તેઓ લાલ-બાલ-પાલની ત્રિપુટીનો હિસ્સો હતા. તેમણે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં મવાળવાદી પંથ કે જેનું નેતૃત્વ પહેલા ગોપાલ કૃષ્ણ ગોખલે કરતા હતા તેમનો વિરોધ કરીને ગરમ પંથ (જહાલવાદી પંથ)નું નિર્માણ કર્યું. લાલાજીએ બંગાળ વિભાજનના વિરોધમાં આંદોલનો કર્યા. તેમણે સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ સાથે મળીને સ્વદેશીના સશક્ત અભિયાન માટે બંગાળ અને દેશના બીજા ભાગોમાં લોકોને એકજૂથ કર્યા. તેમના દ્વારા લાવવામાં આવેલ ક્રાન્તિથી લાહોર અને રાવલપિંડીમાં પરિવર્તનની લહેર ચાલુ થઇ ગઇ. જેથી લાલા લજપત રાયને 3 મે 1907ના રોજ રાવલપિંડીમાં અશાંતિ પેદા કરવાના કારણે ગિરફતાર કરવામાં આવ્યા અને માંડલે જેલમાં છ મહિના સુધી રાખવામાં આવ્યા. પરંતુ સરકાર ઉથલાવી દેવાના પ્રયાસોમાં તેમના વિરુદ્ધ પૂરતા પુરાવાઓના અભાવે નવેમ્બર 1907માં વાઇસરોય લોર્ડ મિન્ટોએ તેમને ભારત પાછા ફરવાની અનુમતિ આપી.

સ્વાતંત્ર્યસંગ્રામ એક ક્રાન્તિકારી મોડ પર આવી ગયો હતો. એટલે લાલાજી ઇચ્છતા હતા કે ભારતની વાસ્તવિક પરિસ્થિતિનો પ્રચાર બીજા દેશોમાં પણ કરવામાં

**માત્ર વીરતાને વરેલા પુરુષો જ સુંદર સ્ત્રીને પામી શકે છે. - શેક્સપિયર**

આવે. આ ઉદ્દેશ્યથી તેઓ 1914માં બ્રિટન ગયા. આ સમયે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલુ થઈ ગયું જેના કારણે તેઓ ભારત પરત ન ફરી શક્યા. ભારત માટે સમર્થન મેળવવા તેઓ સંયુક્ત રાષ્ટ્ર, અમેરિકા ગયા ત્યાં તેમણે 'ઇન્ડિયન હોમ લીગ ઑફ અમેરિકા'ની સ્થાપના કરી અને 'યંગ ઇન્ડિયા' નામનું પુસ્તક લખ્યું. આ પુસ્તક દ્વારા તેમણે ભારતમાં બ્રિટિશ શાસનને લઈને ગંભીર આરોપો લગાવ્યા. જેથી આ પુસ્તક પર બ્રિટન અને ભારતમાં પ્રકાશિત થયા પહેલાં જ પ્રતિબંધ કરવામાં આવ્યો. 1920માં વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ તેઓ ભારત પરત ફર્યા. તેઓ 1920ના કલકત્તા અધિવેશનમાં (વિશેષ સત્ર) ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરાયા. 1921માં લાહોર ખાતે સર્વન્ટ ઑફ ધ પીપલ સોસાયટી નામના સંગઠનની સ્થાપના કરી. વિભાજન બાદ સંગઠનને દિલ્હી ખાતે સ્થળાંતરિત કરાયું અને દેશભરમાં તેની શાખાઓ ખોલવામાં આવી.

1928માં બ્રિટીશ સરકારે ભારતની રાજનૈતિક પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે જ્હોન સાઈમનના વડપણ હેઠળ એક તપાસ પંચની રચના કરી. પંચના સભ્યોમાં એક પણ ભારતીય ન હોવાના કારણે ભારતીય રાજનૈતિક દળોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો. કમિશનના વિરોધમાં દેશવ્યાપી આંદોલનો થયાં. 30 ઑક્ટોબર 1928ના રોજ આયોગની લાહોર મુલાકાતના વિરોધમાં લાલા લજપતરાયે એક અહિંસક પ્રદર્શનનું નેતૃત્વ કર્યું. પ્રદર્શનમાં 'સાઈમન ગો બેક'ના નારા સાથે કાળા વાવટા ફરકાવવામાં આવ્યા. પોલીસ અધિક્ષક જેમ્સ એ. સ્કોટે પોલીસને લાઠીચાર્જનો આદેશ આપ્યો જેમાં પ્રદર્શનકારીઓ અને ખાસ કરીને લજપતરાય પર પ્રહાર કર્યો. લાઠીચાર્જથી ઝખ્મી થયેલા લજપતરાયે ભીડને સંબોધિત કરતાં જણાવ્યું કે, "હું ઘોષણા કરું છું કે આજે મારા પર થયેલો પ્રહાર બ્રિટીશ રાજના કોફીન પરનો અંતિમ ખીલો બની રહેશે." લાઠીચાર્જમાં થયેલ ગંભીર ઈજાના કારણે 17 નવેમ્બર 1928ના રોજ તેમનું મૃત્યુ થઈ ગયું.

•

## વીર વિનાયકરાવ સાવરકર

**(જન્મ : 28-05-1883 - મૃત્યુ : 26-02-1966)**

ઈંગ્લેન્ડમાં જેમની ધરપકડ કરીને સ્ટીમર મારફતે ભારત લઈ જવાતા હતા ત્યારે માર્સેલ્સ બંદરે લાંગરેલી સ્ટીમરના બારામાંથી દરિયામાં કૂદી પડી, તરતા તરતા ફ્રાન્સને કિનારે પહોંચી જનાર વીર સાવરકરનું નામ, આ એક જ અભૂતપૂર્વ પરાક્રમથી વિશ્વવિખ્યાત થયેલું છે.

વિનાયકરાવ દામોદરપંત સાવરકરનો જન્મ ઈ.સ. 1883માં 28મી મેના રોજ થયો હતો અને 83 વર્ષની ઉંમર સુધી તેમણે અભૂતપૂર્વ જીવનસંગ્રામ ખેલ્યો. પછી જ્યારે એમને લાગ્યું કે હવે જીવવાનું કોઈ પ્રયોજન નથી. કાર્ય પૂરું થયું છે અને જીવન સાર્થક થયું છે, ભારતને સ્વતંત્રતા મળી ચૂકી છે અને ભારત પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે ત્યારે તેમણે 'આત્મસમર્પણ'નો અનોખો રાહ અપનાવ્યો. અન્ન, દવા, ચા સુદ્ધાંનો ત્યાગ કરી તેમણે અનશન શરૂ કર્યાં અને 1966ની 26મી ફેબ્રુઆરીએ સવારે તેમનું અવસાન થયું. એમનું આખું જીવન યાતનાઓમાં વીત્યું હતું. લક્ષ્મી તો દૂર રહી, કોઈ દિવસ સત્તા કે અધિકાર પણ મળ્યાં નહોતાં. માત્ર સ્વાતંત્ર્ય પ્રેમીઓનાં હૃદયમાં એમને કાયમી સ્થાન મળ્યું છે.

સાવરકરનું આત્મચરિત્ર તો જગજાહેર છે જ. ઉપરાંત તેમણે કવિતાઓ પણ રચી છે અને ઈતિહાસગ્રંથો પણ રચ્યા છે. 1857નું 'ક્રાન્તિયુદ્ધ' એમનો જાણીતો ગ્રંથ છે. મૅઝિનીનું ચરિત્ર, 'હિન્દુત્વ', 'હિંદુપદશાહી' અને 'ભારતના ઈતિહાસનાં છ સોનેરી પાનાં- એ ગ્રંથો એમણે લખ્યા છે. તેઓ એકલા ઈતિહાસકાર ન હતા. તેમણે બે નવલકથાઓ, બે-ત્રણ નાટકો અને અસંખ્ય લેખો પણ લખ્યા છે. તેમણે જેલની દીવાલો પર કવિતા લખીને મોંઢે કરી હતી.

તેઓ ચાફેકરબંધુઓએ પ્રકટાવેલી શત્રુંજયવૃત્તિના યજ્ઞકુંડમાં સમિધ હોમી, ત્રીસ કરોડ લોકોની વિકાસોન્નતિને અવરોધતી પરાધીનતાને સશસ્ત્ર ક્રાન્તિ વડે ઉચ્છેદીને ભારત માતાને મસ્તકે સ્વાતંત્ર્યનો અભિષેક કરાવવા ઝંખનાર એક દેશભક્ત હતા. એમને તો

**સત્ય યશનું મૂળ છે. સત્ય વિશ્વાસનું મુખ્ય કારણ છે. સત્ય સ્વર્ગનું દ્વાર છે. સત્ય જ સિદ્ધિનું સોપાન છે. - ધર્મસંગ્રહ**

વિજ્ઞાનપ્રણીત સમાજરચના જોઈતી હતી. બુદ્ધિગમ્ય હોય એટલું જ માનવું અને આચરવું એ એમનો મંત્ર હતો.

•

## શ્રી રામપ્રસાદ 'બિસ્મિલ'

(જન્મ : 25-06-1897 - મૃત્યુ : 19-12-1927)

જીવનના છેલ્લા શ્વાસ સુધી માતૃભૂમિનો મુક્તિમંત્ર રટનાર અને અંગ્રેજ હકૂમતની જડ ઉખેડવાની દૃઢ પ્રતિજ્ઞાના પાલન માટે હસતે મુખે ફાંસી પર ચડી જનાર, ક્રાન્તિકારીઓની પ્રબળ પ્રેરણામૂર્તિ, સરફરોશ શહીદ શ્રી રામપ્રસાદ 'બિસ્મલે' ફાંસી પહેલાં થોડા દિવસ અગાઉ પોતાના એક મિત્રને પત્રમાં લખ્યું હતું ''ઓગણીસમી તારીખે જે કંઈ થવાનું છે તે માટે હું બરાબર તૈયાર છું. આ મૃત્યુ શું છે ? કેવળ શરીર બદલવાનું જ. મને તો પૂરી શ્રદ્ધા છે કે મારી માતૃભૂમિ અને તેનાં દીનદુ:ખિયાંની સેવા કરવા માટે હું ફરી ઉત્સાહ અને ઓજસહિત પુનર્જન્મ પામીને આ ભૂમિમાં જ પાછો ફરીશ !'' આવા આ મહાન ક્રાન્તિકારીને આપણા સૌની લાખ લાખ સલામ !

બાળપણમાં અત્યંત તોફાની અને અળવીતરા રામપ્રસાદે એમના પિતા મુરલીધરનો કાંઈ ઓછો માર નહોતો ખાધો ! પરંતુ અંતરાત્મા જાગૃત અને બળવાન હતો. તેથી, સ્વામી દયાનંદ સરસ્વતીનું 'સત્યાર્થપ્રકાશ' વાંચ્યા પછી તેઓ આર્યસમાજના રંગે રંગાઈ ગયા. અહીંથી એમના જાહેર જીવનમાં અને અંગત રહેણીકરણીમાં ભારે પરિવર્તન આવ્યું. એમનામાં ધર્મભાવના અને રાષ્ટ્રભાવના એટલી હદે ખીલી ઊઠ્યાં કે તેઓ ભારતમાતાની આઝાદીના એક પ્રખર ઉપાસક બની ગયા. તેમણે ક્રાન્તિદળનું નેતૃત્વ સંભાળ્યું અને ઈતિહાસ-પ્રસિદ્ધ 'કાકોરી ષડ્યંત્ર'ના નિર્માતા બન્યા. એ ષડ્યંત્ર પકડાઈ જતાં એના એક મહત્ત્વના આરોપી તરીકે સરકારે તેમની ધરપકડ કરી. કેસ ચાલ્યો અને તેમને તથા તેમના અન્ય ત્રણ સાથીદારોને ફાંસીની સજા થઈ.

ચુકાદો વંચાઈ રહેતાં ક્રાન્તિકારી દળના સૌ સભ્યોએ એક પછી એક આગળ આવીને રામપ્રસાદની ચરણરજ માથે ચડાવી. એ જ રીતે પછી, ફાંસીની સજા પામેલા અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડીને, રોશનસિંહને પણ પ્રણામ કર્યા. ભારતીય ક્રાન્તિકારીઓના દિલમાં આ ચાર આગેવાનો માટે જે આદર અને સન્માન હતું તે અહીં પ્રતિત થાય છે. દરેકના હૃદયમાં ભાવનાનાં પૂર ચડ્યાં હતાં. સૌ એકબીજાને પ્રેમથી ભેટ્યા અને અદાલતની બહાર નીકળતાં સૌએ એક સાથે છેલ્લીવાર 'વંદેમાતરમ્'નો બુલંદ જયઘોષ કર્યો.

ભારતમાતાના આ પનોતા પુત્રની શહાદત એ જ એમનું મોટામાં મોટું પ્રદાન છે. તેમણે 'અમેરિકાને સ્વાતંત્ર્ય કઈ રીતે મળ્યું ? એ વિષે એક પુસ્તક લખેલું અને તેના વેચાણમાંથી જે બસો રૂપિયા નફો થયો તેમાંથી 'દેશવાસીઓને સંદેશ' નામની પત્રિકા છપાવેલી. આ બંને પુસ્તકો અંગ્રેજ સરકારે જપ્ત કરેલાં. ફાંસી પૂર્વે એ જેટલો સમય જેલમાં રહ્યા તેમાં તેમણે મોટામાં મોટું કામ પોતાની આત્મકથા લખવાનું કર્યું. તેમણે મિત્રો-સ્વજનો પર જેલમાંથી લખેલા પત્રોમાં એમના હૃદયની ઉદાત્ત ભાવનાનાં ઠેરઠેર દર્શન થાય છે. અંગ્રેજ સરકારે જપ્ત કરેલી એમની આત્મકથા ઈ.સ.1962માં ભારત સરકારે પ્રસિદ્ધ કરી. 19, ડિસેમ્બર 1927ના રોજ તેમને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા.

આવા હતા ભારતના એ ક્રાન્તિવીરો કે જેમણે ફાંસીને વિજયમાળા ગણીને અપનાવી લીધેલી.

•

## શ્રી ખુદીરામ બોઝ

(જન્મ : 1890 - મૃત્યુ : 11-08-1908)

ક્રાન્તિદળના નેતાએ જ્યારે 17 વર્ષના એ નવજુવાનને પૂછ્યું કે - ''તમે કરી શકશો આ કઠોર સાધના? આ સહેલું કામ નથી અને અંગ્રેજો તમને બાળક જાણી છોડી પણ નહીં મૂકે. જાણો છો આનું પરિણામ શું આવશે ?'' ત્યારે જવાબમાં આ નવજુવાન શ્રી ખુદીરામ બોઝે એટલું જ કહેલું : ''ગુરુદેવ ! આશીર્વાદ આપો. દુનિયામાં કોઈ કામ અસંભવ નથી. મૃત્યુદંડ મળશે તો હું એને વરદાન સમજીશ. મારા જીવનનું લક્ષ્ય એ જ છે અને

**સત્ય પ્રભુનો આત્મા છે અને પ્રકાશ તેનો દેહ છે. - પાઈથાગોરસ**

સાધના પણ એ જ છે અને પછી ગુરુના આશીર્વાદ લઈને, જવાબદારીની પૂર્ણ સભાનતા સાથે,પોતાના મિત્ર પ્રફુલ્લ ચાકીને સાથે લઈ, રિવોલ્વર અને બોંબથી સુસજ્જ થઈ ઘાતકી અંગ્રેજ અમલદાર કિંગ્સફોર્ડનો હિસાબ ચૂકતે કરવા તેઓ ઊપડ્યા. બધી યોજના ગણતરીપૂર્વકની હતી અને તૈયારી પણ પૂરેપૂરી હતી છતાં ભળતા રંગની અને સરખા દેખાવવાળી શ્રીમતી કૅનેડીની ગાડીએ છબરડો વાળતાં ખરો શિકાર હાથમાંથી છટકી ગયો અને પકડાઈ ગયેલા શ્રી ખુદીરામ બોઝ અગિયાર ઑગસ્ટ 1908ના રોજ હસતાં હસતાં ફાંસીના માંચડે લટકી ગયેલા.

બંગાળમાં ક્રાન્તિકારી ચળવળના શ્રીગણેશ થઈ ચૂક્યા હતા એ દિવસોમાં જન્મેલા શ્રી ખુદીરામને માભોમની આઝાદીની તમન્ના ગળથૂથીમાં જ પીવા મળી હતી. ક્રાન્તિદળમાં જોડાયા પછી શ્રી બારીન્દ્ર ઘોષ જેવા 'માનવપારખુ' ઝવેરીની નજર એમના પર ક્યારનીય ઠરી હતી. એવામાં બળતામાં ઘી હોમાય એવી એક ઘટના બની. 'વંદેમાતરમ્' પત્રમાં રાજદ્રોહી લેખ લખવા માટે મહર્ષિ અરવિંદ ઘોષની ધરપકડ થઈ ત્યારે, તેના વિરોધમાં કલકત્તામાં એક સરઘસ નીકળ્યું. એમાં નિર્દોષ માણસો પર આડેધડ લાઠી વીંઝી રહેલા એક ગોરા સાર્જન્ટનો પંદર વર્ષના એક કિશોરે સામનો કર્યો. પરિણામે એ કિશોર બેભાન થઈ ગયો ત્યાં સુધી એને ચાબુકે ને ચાબુકે ફટકારનાર પેલો ગોરો સાર્જન્ટ કિંગ્સફોર્ડ, ખુદીરામ બોઝ માટે 'શિકાર'નું લક્ષ્ય બની ગયો.

એ સમયે કલકત્તાથી મુઝફ્ફરપુર (બિહાર)માં બદલી થતાં ચાલ્યા ગયેલા કિંગ્સફોર્ડને ખતમ કરી નાખવાનો વ્યૂહ, ક્રાન્તિકારી બારીન્દ્ર ઘોષની ટુકડીના સભ્યોએ રચ્યો અને આ કામ માટે જે બે નવજુવાનોની પસંદગી થઈ તેમાં એક હતા ખુદીરામ બોઝ. અનેક કષ્ટો વેઠીને, લપાતા-છુપાતા બંને મુઝફ્ફરપુર પહોંચ્યા અને સતત દસ દિવસ પરિશ્રમ કરીને એમણે કિંગ્સફોર્ડનો પત્તો લગાવ્યો. પરંતુ ઉપર દર્શાવેલ કારણસર છબરડો વળતાં બંને મિત્રો ભાગ્યા. દુશ્મનના હાથમાંથી જીવતા પકડાવા કરતાં મરી જવું સારું એમ સમજીને પ્રફુલ્લ ચાકીએ આત્મહત્યા કરી; જ્યારે એક પળનો પણ વિરામ લીધા વિના સતત 25 માઈલ સુધી દોડ્યા કરીને, અત્યંત થાકી ગયેલા ખુદીરામ વહેલી સવારે પકડાઈ ગયા અને હાઈકોર્ટના જજે એમને ફાંસીની સજા ફટકારી.

બંગાળના રાષ્ટ્રવાદીઓ માટે શ્રી ખુદીરામ બોઝની શહીદી આદરણીય અને અનુકરણીય બની ગઈ. વિદ્યાર્થીઓ અને અન્ય લોકોએ તેમની શહીદીનાં માનમાં સ્કૂલો, કૉલેજો અને દુકાનો બંધ રાખીને શોક પાળ્યો. તેમની છબીઓ દેશભરમાં વહેંચાઈ. બંગાળી નવયુવકો એવી ધોતી પહેરતા થઈ ગયા કે જેના પર શ્રી ખુદીરામનું નામ અંકિત હતું. હાથમાં ગીતા રાખીને અને મુખેથી ત્રણ વાર 'વંદેમાતરમ્'ના નારા લગાવીને ફાંસી પર ચડી જનાર આ જવાંમર્દની અંતિમ ઈચ્છા મુજબ એમની લાશ એમના વકીલ કાલિદાસ બોઝને સોંપવામાં આવી, જેમણે એમના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો. હજારોની સંખ્યામાં લોકોએ આ પ્રસંગે હાજરી આપી અને આ પુણ્યાત્માની ચિતાની ભસ્મ લોકો યાદગીરી માટે લઈ ગયા. ધન્ય છે એમની શહાદતને !

•

## શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા

**(જન્મ : 04-10-1857 - મૃત્યુ : 31-03-1930)**

ભારતીય ક્રાન્તિના મુખપત્ર રૂપ 'ધ ઈન્ડિયન સોશિયોલૉજિસ્ટ' અને 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' એ બે એમનાં કાયમી સંભારણાં છે. વીર સાવરકર અને લાલા હરદયાળથી માંડીને વીરેન ચટ્ટોપાધ્યાય તથા વી.વી.એસ. ઐયર સુધીના અનેક ભારતીય ક્રાન્તિકારીઓની શિક્ષા અને દીક્ષા જેમના વરદ્ હસ્તે થયેલી છે તે શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનું આખું જીવન જ્ઞાનમાં 'બ્રાહ્મણ' અને પ્રવૃત્તિએ 'ક્ષત્રિય' તરીકે વીત્યું હતું.

ઈ.સ. 1857ની ચોથી ઑક્ટોબરે કચ્છના માંડવી બંદરના એક ધૂળિયા મહોલ્લામાં આવેલા અંધારા મકાનમાં જન્મેલા શ્યામજી નિર્ધનતાના વાતાવરણમાં જ જ્ઞાનપ્રાપ્તિના પહેલા પાઠ શીખેલા. માંડવી અને પછી

**સત્ય ચંદ્રમંડળથી પણ વધુ સૌમ્ય અને સૂર્યમંડળથી પણ વધુ તેજસ્વી છે. - મહાવીર સ્વામી**

ભૂજમાં તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લીધું. દસમા વર્ષે તો શ્યામજીએ માતા-પિતા બંને ગુમાવ્યા. ભુજમાં તેમણે મ્યુનિસિપલ દીવાના અજવાળે વાંચીને ભણવાનું ચાલુ રાખ્યું. એક દિવસ ભાટિયા સદ્‌ગૃહસ્થ મથુરદાસ લવજી શાળાની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે આ કિશોરમાં પ્રતિભા જોઈ. એટલે મુંબઈની 'વિલ્સન' અને 'એલ્ફિન્સ્ટન' જેવી શિક્ષણસંસ્થાઓમાં ભણવાનું સદ્‌ભાગ્ય શ્યામજીને સાંપડ્યું. સત્તરમા વર્ષે શ્યામજીને સ્વામી દયાનંદ સરસ્વતીનાં દર્શન થયાં; જુગજુગના ઋણાનુબંધો જાગી ઊઠ્યા, દયાનંદ આવા જ શિષ્યની શોધમાં હતા. તેમણે શ્યામજીને વિદેશ જઈને સ્વરાજની લડતના શ્રીગણેશ કરવા પ્રેર્યા. 1875માં છબીલદાસ શેઠનાં પુત્રી ભાનુમતી સાથે શ્યામજી પરણ્યા. પતિપત્ની પરદેશ ગયાં અને લંડન તથા પેરિસમાં રહીને શ્યામજીએ જે રાષ્ટ્રસેવાનાં કામ કર્યા તેનાથી એમની ખ્યાતિ દેશ - વિદેશમાં પ્રસરી ગઈ.

વિદેશમાં રહીને જેમણે ભારતીય સ્વાધીનતાના પ્રચાર-પ્રસાર માટે ભગીરથ કામ કર્યું એટલું જ નહિ; છાત્રવૃત્તિ, હોમરૂલ સોસાયટીની સ્થાપના, પત્ર પ્રકાશન અને 'ઇન્ડિયા હાઉસ'નું નિર્માણ એ ચાર ચેતનવંતી પ્રવૃત્તિઓથી વિદેશોમાં વસેલા ભારતીય જનોના અંતરાત્માને ઢંઢોળ્યો તે શ્રી શ્યામજીનું સ્થાપેલું 'ઇન્ડિયા હાઉસ' ત્યાર પછી તો વર્ષો સુધી વિદેશમાંના ભારતીય ક્રાન્તિકારીઓનું કર્મતીર્થ બની રહ્યું હતું.

વક્તૃત્વશક્તિ, લેખનશક્તિ અને નેતૃત્વશક્તિ એ ત્રણેયનો એમનામાં સુભગ સમન્વય થયેલો હતો. એમનામાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આપેલા 'સ્વરાજ મંત્ર'ને ચરિતાર્થ કરી બતાવવાની અદમ્ય ઝંખના હતી. માનવતાના આ અજોડ પૂજારીએ ભારતના ક્રાન્તિકારીઓને પ્રેરણા તથા આર્થિક સહાય આપવામાં જરાય પાછી પાની કરી નહોતી. સાવરકરના કાનૂની બચાવ માટે તેમણે કરેલી મદદ તો અજોડ ગણાય છે. પરતંત્રતાના અંધકારમાં ભારતીય પ્રજાનું આત્મસન્માન જગાડવા માટે મહાન પુરુષાર્થ આદરનારા દેશભક્તોમાં શ્યામજી કૃષ્ણ વર્મા અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. તેમણે ભારતીય સ્વાતંત્ર્યની મશાલ સળગાવી દેશ-વિદેશમાં તેનો પ્રકાશ પાથર્યો. ભારત માતાના પનોતા પુત્ર, માભોમની આઝાદીના આદિમશાલચી અને મહાન ક્રાન્તિવીર શ્યામજી શોષણમુક્ત સમાજના સ્વપ્નદ્રષ્ટા હતા અને તેમણે પોતાનું આખું જીવન સામ્રાજ્યવાદ સામે લડવામાં ઘસી નાખ્યું હતું.

•

## ચાફેકર બંધુઓ

દેશના આઝાદી જંગમાં એક જ કુટુંબના ત્રણ-ત્રણ જુવાનો પોતાના પ્રાણની આહુતિ આપે એ ઘટના વિરલ ગણાય. અંગ્રેજોએ ભારતનું શોષણ કરવામાં બાકી રાખ્યું નથી. અંગ્રેજોના જુલ્મથી ભારતીયો હેરાન-પરેશાન થઈ રહ્યા છે એની પ્રતીતિ થતાં અનેક જુવાનોનું લોહી ગરમ થઈ જતું અને એનો બદલો હિંસક રીતે લેતા.

પૂનાના ચાફેકર કુટુંબના ત્રણ ભાઈઓ (1) દામોદર ચાફેકર (2) બાલકૃષ્ણ ચાફેકર અને (3) વાસુદેવ ચાફેકર પણ ગોરાઓને પોતાના દુશ્મન માનતા હતા અને તેમનો નાશ કરવા તત્પર બન્યા હતા. તેઓ માત્ર ઇચ્છા કરીને બેસી રહ્યા નહોતા પણ એ માટે એક યોજના બનાવી અને પોતાના જેવી જ દેશભાવનાવાળા યુવાન મિત્રોની મદદથી પોતે ઘડેલી યોજનાનો અમલ પણ કર્યો.

પૂનામાં રેન્ડ નામના અંગ્રેજ ઑફિસરની આપખુદી અને જુલ્મ સામે યુવાન ક્રાંતિકારીઓ ઊકળી ઊઠ્યા હતા. દામોદર ચાફેકરે પૂનાના નગરવાસીઓ ઉપર જુલ્મ ગુજારનાર રેન્ડને ચેતવણી આપી. દામોદર ચાફેકરે એના ભાઈ વાસુદેવ, બાલકૃષ્ણ અને અન્ય મિત્રોની મદદથી 22મી જૂન 1897ના રોજ રાણી વિકટોરિયાના રાજ્યાભિષેકની 60મી જયંતીને દિવસે રેન્ડનું ખૂન કર્યું હતું. દામોદર પકડાઈ ગયો અને 18 મી એપ્રિલ 1898ના રોજ તેને ફાંસી અપાઈ.

બાલકૃષ્ણ ચાફેકર નાસી ગયો હતો. એને ડિસેમ્બરમાં હૈદરાબાદમાંથી પકડ્યો અને રેન્ડ અને

આયર્સ્ટનાં ખૂનો બદલ તા.10-2-1899 ના રોજ તેની ઉપર કેસ ચાલ્યો અને ફાંસી થઈ.

વાસુદેવ ચાફેકર અને તેના મિત્ર રાનડેને બાતમી મળી કે ગણેશરાવ દ્રવિડ અને રામચન્દ્ર દ્રવિડ નામના બે ભાઈઓએ પણ દામોદર અને બાલકૃષ્ણને પકડાવી દેવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. રામજી પાંડુ પણ તેમાં ભળ્યો હતો એટલે ત્રણેયને યમસદન પહોંચાડવાનું તેમણે નક્કી કર્યું અને તા. 8-2-1899ના રોજ બન્ને દ્રવિડભાઈઓને તેમણે ખતમ કરી નાખ્યા.

10મી ફેબ્રુઆરીએ રામજી પાંડુને ખતમ કરવાનું નક્કી કર્યું હતું ત્યાં તેઓ પકડાઈ ગયા. કેસ ચાલ્યો અને વાસુદેવને તા.8-5-1899ના દિવસે ફાંસી આપવામાં આવી. તા.10-5-1899ના રોજ રાનડેને અને તેને મદદ કરનાર સાઠેને ફાંસી અપાઈ અને તા.12-5-1899ના રોજ બાલકૃષ્ણને ફાંસીને માંચડે ચડાવી દેવાયો.

ચાફેકર બંધુઓએ તેમની વાણી અને વર્તનથી ભારતના જુવાનોમાં દેશપ્રેમની ભાવના જગાડી હતી અને માભોમની મુક્તિ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની - અરે પોતાના પ્રાણની પણ આહુતિ આપવા માટે પ્રતિજ્ઞાબદ્ધ કર્યા હતા.

મોટા હાકેમોએ ભારતવાસીઓનું જે શોષણ કર્યું હતું, ભારતવાસીઓનું અપમાન-અવહેલના કરી હતી, તેમના ઉપર જુલ્મની ઝડીઓ વરસાવી હતી અને પ્રજાને ત્રાહિમામ્ પોકારાવી હતી, નિર્દોષોને પણ કનડ્યા હતા તેમની સામે ચાફેકર બંધુઓનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો હતો અને એ જુલ્મગાર અફસરોને યમસદન પહોંચાડી દેવા માટે કટીબદ્ધ થયા હતા. પોતે જેમને જેમને નિશાન બનાવ્યા હતા, તેમને તેમને તેમણે યમસદન પહોંચાડી દીધા હતા.

સાહિત્યકાર શ્રી યશવંત મહેતા લખે છે કે પૂનાની યરવડા જેલ ચાર ચાર નવલોહિયા જુવાનો (ત્રણ ચાફેકર બંધુઓ અને એક તેમનો મિત્ર મહાદેવ વિનાયક રાનડે)નાં બલિદાનોથી ધન્ય બની ગઈ. રાષ્ટ્રીય આઝાદીનું એક તીર્થ બની ગઈ.

દામોદર, બાલકૃષ્ણ, વાસુદેવ અને રાનડે 19મી સદીના અંતે ભારતના સ્વાતંત્ર્ય જંગમાં લડતાં ખપી ગયા પણ એમણે ચીંધી આપેલ માર્ગ રાજમાર્ગ બની ગયો.

શ્રી રામનારાયણ પાઠક લખે છે : ''માતૃભૂમિની મુક્તિના સંગ્રામમાં એક વીર માતાના ત્રણ પુત્રો હસતે મુખે ફાંસીએ ચડવાનું આ ઉજ્જવળ ઉદાહરણ સ્વાધીનતાના ઈતિહાસમાં અજોડ છે. આવા સપૂતોને જન્મ આપનાર જનેતા અને જન્મભૂમિ ધન્ય છે.''

•

## અમર શહીદ તાત્યા ટોપે

**(જન્મ : 1814 - મૃત્યુ : 18-04-1859)**

1857ના વિપ્લવમાં આગળ પડતો ભાગ લેનારાઓમાં તથા જેમના નામમાત્રથી અંગ્રેજો થરથરતા હતા તેમાં તાત્યા ટોપે આગલી હરોળમાં આવે છે. અપ્રતિમ વીરતા, અદ્ભુત સાહસ, રણકૌશલ અને માતૃભૂમિની મુક્તિ માટે પ્રાણ ન્યોછાવર કરવાની ભાવનાવાળા તાત્યા ટોપે જેવા વીર ભાગ્યે જ જોવા મળે છે.

તાત્યા ટોપેનો જન્મ 1814માં થયો હોવાનું અનુમાન કરી શકાય છે. મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના યેવલા ગામે પાંડુરંગ ભટ નામના દેશસ્થ બ્રાહ્મણને ઘેર તેમનો જન્મ થયો હતો. પિતા પાંડુરંગ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. તાત્યા ટોપેનું મૂળ નામ રઘુનાથ રાવ અથવા રામચંદ્ર હતું. રામચંદ્રની માતાનું નામ રૂકમાબાઈ હતું. તેઓ પણ ઈશ્વરભક્ત હતાં.

મે, 1857માં સ્વાતંત્ર્યજંગ શરૂ થયો અને 1858ના જૂનમાં તે સમાપ્ત થયો. પણ એ પછીયે લાંબા સમય સુધી આઝાદીનો ઝંડો ફરકતો રાખનાર પણ તાત્યા ટોપે જ હતા. વિપ્લવકારી સેના દિલ્હીથી કાનપુર આવી ત્યારે નાના સાહેબ પેશ્વાએ બિઠુરની જાગીર કબજે કરીને તેની ઉપર પેશ્વાનો ધ્વજ ફરકાવ્યો. તાત્યા ટોપેએ વિપ્લવી સૈન્યની આગેવાની લીધી. કાનપુર, બિઠુર અને આસપાસના પ્રદેશમાંથી તેમણે અંગ્રેજ લશ્કરને સાફ કરી નાખ્યું.

**સત્યના ત્રણ ભાગ છે : પ્રથમ જિજ્ઞાસા જે તેની આરાધના છે, બીજું જ્ઞાન જે તેની ઉપસ્થિતિ છે અને ત્રીજું વિશ્વાસ જે તેનો ઉપભોગ છે. - બેકન**

મહારાણી લક્ષ્મીબાઈ, નાનાસાહેબ, રાવસાહેબ અને તાત્યા ટોપેએ ગ્વાલિયર લીધું ત્યારે સેનાનું નેતૃત્વ લેવામાં રાણી લક્ષ્મીબાઈને તાત્યા ટોપેની ઘણી મદદ મળી હતી.

તાત્યાએ બહાદુરીપૂર્વક અંગ્રેજ સેના સામે ઝીંક લીધી હતી. એનું શૌર્ય અપ્રતિમ હતું. બાહોશમાં બાહોશ અંગ્રેજ સેનાપતિઓ પણ તાત્યા આગળ કોઈ વિશાતમાં નહોતા. પણ અંગ્રેજો પાસે વિશાળ સૈન્ય હતું એટલે ગ્વાલિયરમાં જ્યારે યુદ્ધ થયું તેમાં રાણી લક્ષ્મીબાઈ શહીદ થયાં. તાત્યા અડીખમ ઊભા રહ્યા.

ગ્વાલિયરના પરાજય પછી તાત્યાનો કપરામાં કપરો કાળ શરૂ થયો. એ જ્યાં જતા ત્યાં એમનું પગલે પગલું દબાવતી અંગ્રેજ સેના આવતી. છતાં મૂઠીભર સાથીઓ સાથે તાત્યા આમતેમ નાસતા રહ્યા. દેશી રાજાઓને જગાડતા રહ્યા. જંગલો ખૂંદતા રહ્યા ને ભરતપુર તરફ વળ્યા. ત્યાંથી જયપુર તરફ ગયા. પછી ટોંક ગયા. ત્યાંના નવાબે આશ્રય ન આપ્યો પણ નવાબની કેટલીક સેના તાત્યા સાથે ભળી ગઈ. પછી તો તેમણે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં છાપામાર યુદ્ધ ખેલ્યું. અરવલ્લીના જંગલમાં આશ્રય લીધો. ત્યાંના રાજાઓએ તેમને મદદ કરવાને બદલે અંગ્રેજોને બાતમી આપી દીધી. એથી ત્યાંથી ભાગીને તે બુંદેલખંડ ગયા. હવે એમની પાસે સેના રહી નહોતી. નાસભાગમાં એ દુર્બળ બની ગયા હતા.

તાત્યા જ્યારે માનસિંહને મળવા ગયા ત્યારે માનસિંહે ઈ.સ. 1859ની 7મી એપ્રિલે મધરાતે ઊંઘમાં સૂતેલા તાત્યા ટોપેને દગાથી દુશ્મનને હવાલે કરી દીધા. 1859ની 18મી એપ્રિલે તાત્યા ટોપેને ફાંસી આપવામાં આવી.

તેમણે દેશભક્તિનો પવન હિંદી સૈનિકો, દેશી રાજ્યો, રજવાડાંઓમાં ફૂંક્યો. સાહસ, શૌર્ય, જવાંમર્દી અને દેશપ્રેમનું પ્રતીક બની રહ્યો. ઝાંસીની રાણીને મદદ કરી. નાનાસાહેબ પેશ્વાને પણ સહાય કરી. માભોમની આઝાદી માટે લડતાં લડતાં હસતા મુખે શહીદ થયા.

પંડિત સુંદરલાલજી 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' પુસ્તકમાં લખે છે : ''ચારે બાજુ આવેલી ટેકરીઓ ઉપર હજારો ગ્રામજનો ઊભાં ઊભાં તાત્યાને ભારપૂર્વક વંદન કરતાં હતાં. તાત્યા આશ્ચર્યજનક ધૈર્ય અને સાહસથી ફાંસીના માંચડા ઉપર ચડ્યો. તખ્તા ઉપર તેની બેડીઓ કાપી નાખવામાં આવી. તેણે હસતાં હસતાં ફાંસીનો ગાળીઓ પોતાના હાથે જ ગળામાં પહેરી લીધો. યુરોપિયન પ્રેક્ષકોએ દોડીને તાત્યાના માથાના વાળ તોડી લીધા અને એક વીર પુરુષની પુણ્યસ્મૃતિ તરીકે પોતાની પાસે રાખ્યા.''

•

## ક્રાંતિવીર નાનાસાહેબ પેશ્વા
### (જન્મ : 1824 - મૃત્યુ : 1924)

ઈ.સ. 1851માં છેલ્લા પેશ્વા બાજીરાવનું અવસાન થયું. બાજીરાવને રાજ્યના બદલામાં તેના કુટુંબીઓ તથા તેમના આશ્રિતો માટે વાર્ષિક આઠ લાખ રૂપિયા આપવાનું કંપની સરકારે (બ્રિટીશ સરકારે) વચન આપ્યું હતું. ઈ.સ. 1827માં બાજીરાવ પેશ્વાએ નાનાસાહેબને દત્તક લીધા તે વખતે તેમની ઉંમર ત્રણ વરસની હતી.

બાજીરાવ પેશ્વાના મૃત્યુ સાથે કંપની સરકારે પેન્શન બંધ કર્યું અને નાના સાહેબને નોટીસ આપી કે બિઠુરની જાગીર પણ મરજી પડે ત્યારે તમારી પાસેથી લઈ લેવામાં આવશે. ગવર્નર જનરલ ડેલહાઉસીના આ આપખુદ અને અન્યાયી પગલાથી તેઓ ગુસ્સે ભરાયા. તેઓ કોર્ટ ગયા પણ કાંઈ વળ્યું નહિ. તેમણે તેમના સલાહકાર રંગા બાપુજી તથા અઝીમુલ્લાખાંને ઈંગ્લેન્ડ મોકલ્યા. તેમણે લંડનમાં બ્રિટિશ શાસકોની મુલાકાતો લીધી પણ કશું જ પરિણામ આવ્યું નહિ.

ડેલહાઉસીની દેશી રાજ્યો પડાવી લેવાની આ મેલી મુરાદ સામે રાષ્ટ્રભરમાં વિપ્લવ જગાડવાની યોજના નાનાસાહેબે અઝીમુલ્લાખાં સાથે મળીને ઘડી.

તેમણે જે સંગઠન કર્યું તે વિશાળ હોવા છતાં એટલું સંપૂર્ણ અને સુવ્યવસ્થિત હતું કે નાનાસાહેબ બિઠુરમાં બેઠાં બેઠાં સમસ્ત ભારતમાં વિસ્તારી શક્યા.

**સત્ય કિરણોનું કિરણ, સૂર્યોનો સૂર્ય, ચંદ્રમાઓનો ચન્દ્રમા અને નક્ષત્રોનું નક્ષત્ર છે. સત્ય બધાનું સારભૂત તત્ત્વ છે. - ડિકન્સ**

આ વિશાળ સંગઠનમાં દેશવાસીઓએ, શાહુકારોએ તથા જાગીરદારોએ નાણાંની કોથળીઓ ખુલ્લી મૂકી દીધી. સમસ્ત દેશમાં હજારો દેશભક્તો ગામડે ગામડે અને પલટને પલટને ઘૂમીને સ્વાતંત્ર્યસંગ્રામનો પ્રચાર કરવા લાગ્યા.

આ ગુપ્ત સંગઠનોનાં અનેક કેન્દ્રોને એક સૂત્રમાં બાંધવા માટે 1855ની માર્ચની શરૂઆતમાં નાનાસાહેબ તથા અઝીમુલ્લાખાંએ તીર્થયાત્રાને નામે બિઠુરથી પ્રસ્થાન કર્યું. લશ્કરી છાવણીઓની મુલાકાત લીધી અને વિપ્લવનો દિવસ નક્કી કર્યો. 1857ના મે માસની 31મી તારીખ. પણ મંગલ પાંડે નામનો દેશભક્ત બહાદુર સૈનિક ધીરજ ન ધરી શક્યો. 1857ની 29મી માર્ચે તેણે યુદ્ધની શરૂઆત કરી દીધી.

1857 ના મેની 11મી તારીખે દિલ્હી મુક્ત બન્યું. વિપ્લવની યોજનાનું મુખ્ય સ્થાન કાનપુર હતું અને નાનાસાહેબ તેના કુશળ સંયોજક તથા સર્વમાન્ય સેનાપતિ હતા.

વિપ્લવકારી સૈન્ય કાનપુર આવ્યું. 28મી જૂને કાનપુર નાનાસાહેબના કબજામાં આવ્યું.

કિલ્લામાં ઘેરાઈ ગયેલા અંગ્રેજોને નાનાસાહેબે મુક્ત કર્યા. પણ દિલ્હીથી આવેલા વિપ્લવકારીઓએ સેનાપતિ નીલે કરેલા ભયંકર અત્યાચારનો બદલો લીધો. સતી ચૌરા ઘાટ ઉપર અંગ્રેજોની કતલ કરવામાં આવી. નાનાસાહેબને એની જાણ થતાં જ આદેશ આપ્યો, 'એક પણ સ્ત્રી કે બાળકને કશી ઈજા થવી ન જોઈએ'' 10મી જુલાઈએ જનરલ હેવલોક અલ્હાબાદથી વિશાળ સૈન્ય સાથે કાનપુર આવ્યો. જબરી લડાઈ થઈ. નાનાસાહેબને પીછેહઠ કરવી પડી.

ગુપ્તવાસ ભોગવ્યા બાદ સિહોરની પહાડીઓમાં ગૌતમેશ્વર મહાદેવના મંદિરમાં અંતિમ વર્ષો પસાર કર્યા. લગભગ એકસો વર્ષનું આયુષ્ય ભોગવી તેમણે દેહ મૂક્યો.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ માટે વિપ્લવ જગાવવા તેમણે ભગીરથ પ્રયાસ કર્યો. વિપ્લવની આગેવાની લીધી અને સફળ સંચાલન કર્યું. તેઓ માનવતાવાદી હતા. અંગ્રેજ સ્ત્રીઓ તથા બાળકોની કતલ ન કરવાનો તેમણે આદેશ આપ્યો હતો. ભાઈચારો-બંધુત્વ અને દેશપ્રેમની ભાવના જગાડવામાં તેઓ આગળ પડતા હતા.

તેમને નજરે નિહાળનાર, તેમના સહવાસમાં આવનારે તેમના ક્રાંતિકારી પ્રભાવશાળી વ્યક્તિત્વની પ્રેરક વાતો કરી છે. તેઓ રાષ્ટ્રપ્રેમ જગાવનાર એક પ્રેરક અને પ્રભાવશાળી બળ હતા. ગુપ્તવેશે રહીને પણ તેમણે દેશવાસીઓને પ્રેરણાનાં પાન કરાવ્યાં હતાં. સ્વાતંત્ર્યસંગ્રામના ઈતિહાસમાં નાનાસાહેબનું નામ સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયું છે. તેમના જેવા દૂરંદેશી, દેશપ્રેમી, કુશળ સંચાલક અનેવ્યૂહબાજ તથા જુસ્સાવાળા રાજવીઓ બહુ ઓછા જોવા મળે છે.

•

## મદનલાલ ધીંગરા

**(જન્મ : 1887 - મૃત્યુ : 17-08-1909)**

વિદેશમાં અભ્યાસ માટે ગયેલા યુવકોએ દેશપ્રેમથી રંગાઈને ભણવાને બદલે માભોમની મુક્તિ માટે ઝંપલાવી શહીદી વહોરી લીધી હોવાનાં દૃષ્ટાંતો આપણે વાંચીએ છીએ. મદનલાલ ધીંગરા પણ આવા જ એક નવયુવાન હતા જેઓ લંડનમાં ભણવા ગયા હતા પણ વીર સાવરકરજીનું 'ઇંડિયા હાઉસ'માં વ્યાખ્યાન સાંભળી તેમના ભક્ત બન્યા અને માભોમની મુક્તિ માટે બ્રિટીશ સલ્તનત સામે ઝૂકી શહાદત વહોરી.

મદનલાલ ધીંગરાનો જન્મ ઈ.સ.1887માં અમૃતસરમાં ખત્રી કુટુંબમાં થયો હતો. તેમના પિતા ડૉ. દત્તા અંગ્રેજભક્ત હતા. પંજાબ યુનિવર્સિટીમાં સ્નાતક થયા પછી તેમના પિતાએ મદનલાલને ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ મોકલ્યા હતા. તેઓ મસ્ત સ્વભાવના, પ્રકૃતિપ્રેમી અને પહેરવા-ઓઢવાના શોખીન હતા.

ભારતમુક્તિની વાત ઇંગ્લેન્ડમાં પ્રસરતી હતી. મદનલાલ સાવરકરજીના સંપર્કમાં આવ્યા અને 'ઇંડિયા હાઉસ'ના સક્રિય સભ્ય બન્યા.

**સત્યથી વધારે કોઈ ધર્મ નથી. સત્ય સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે. - વેદવ્યાસ**

1908માં અલીપુર કેસમાં બારીન્દ્ર, કનૈયાલાલ દત્ત, સુરેન્દ્રનાથ બાસુ, ઉલ્લાસ દત્ત વગેરેને ફાંસીની સજા થતાં તેમનું લોહી ગરમ બન્યું. તેમને થયું કે આ બધા ત્રાસનું મૂળ કર્ઝન વાયલી છે. કર્ઝન વાયલીને યમસદન પહોંચાડી દેવાની તેઓ તક શોધવા લાગ્યા.

તા.1-7-1909ને દિવસે લંડનના ઈમ્પિરિયલ ઈન્સ્ટિટ્યૂટના જહાંગીર હૉલમાં રાષ્ટ્રીય ભારતીય સંઘનું અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા તથા અમીર ઉમરાવો અને આગળ પડતા બ્રિટીશ નાગરિકો ઉપસ્થિત રહેનાર હતા. કર્ઝન વાયલી પણ ત્યાં આવનાર હતા.

કર્ઝન વાયલી વિશે સંપૂર્ણ માહિતી મેળવી મદનલાલ એક પિસ્તોલ ખરીદી લાવ્યા.

નિયત દિવસે જલસો જામ્યો હતો. કર્ઝન વાયલી પણ પોતાની પત્ની સાથે અધિવેશનમાં ફરી રહ્યા હતા. ત્યાં મદનલાલ ધીંગરાએ કર્ઝન તરફ નિશાન તાકી ધડાધડ ગોળીઓ છોડી અને કર્ઝન ઢળી પડ્યો. મદનલાલની ત્યાં જ ધરપકડ કરવામાં આવી પણ તેમને તેનો લેશમાત્ર અફસોસ નહોતો.

ચુકાદો સંભળાવતાં પહેલાં ન્યાયાધીશે મદનલાલને તેમનું ટૂંક નિવેદન વાંચવાની છૂટ આપી હતી, ત્યારે મદનલાલે જણાવ્યું કે ‘‘મેં કર્ઝન વાયલીની હત્યા કરી છે. એટલા માટે કે અંગ્રેજો માણસના જાનની કિંમત સમજે. જે પાશવી રીતે તેમણે માભોમની મુક્તિ કાજે લડતા મારા દેશબાંધવો પર કાળો કેર વર્તાવ્યો છે તેનો બદલો લેવા માટે જ મેં આ કૃત્ય કર્યું છે. મેં આ કર્તવ્ય નિભાવ્યું છે. મારા દેશ ખાતર મારે મારા પ્રાણનું બલિદાન આપવું પડે તો તેમાં હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.’’

અને 17મી ઑગસ્ટ 1909ને દિવસે આ દેશભક્ત યુવાનને ફાંસી આપવામાં આવી.

મદનલાલે પોતાના કિંમતી જીવનની દેશપ્રેમને ખાતર આહુતિ આપી. અન્ય દેશપ્રેમીઓને પ્રેરણા આપી કે બ્રિટીશ સત્તાધીશોની એડી નીચે કચડાતી ભારતમાતાની મુક્તિ માટે પ્રાણ ન્યોછાવર કરતાં ડરશો નહિ. કોઈપણ ભોગે જુલમગારોનો સામનો કરજો અને ભારતમાતાને મુક્ત કરજો.

મદનલાલે ફાંસીની ખોલીમાં પ્રાર્થના કરતાં જણાવ્યું હતું ‘‘હે પ્રભુ ! હું તો માદરે વતન છોડીને પરલોકનો પ્રવાસી બનવાની અણી પર છું, પણ હે પ્રભુ ! તારી કૃપાથી મારા દેશનો પ્રત્યેક નાગરિક આત્મબલિદાનનો પાઠ શીખે અને આઝાદીની ઉષાનું દર્શન કરે એટલી મારી અંતિમ ઈચ્છા પૂર્ણ કરજે...’’ ‘વંદેમાતરમ્’ના શબ્દો વાતાવરણમાં ગુંજ્યા હતા અને પોતાના એક સપૂતને મંગલમય અંજલિ આપતાં આઝાદીની લડતે એક નવી શક્તિ પ્રાપ્ત કરી હતી. શહીદ મદનલાલ ધીંગરાનું નામ સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં અમર બની ગયું છે.

•

## માદામ ભીખાઈજી કામા

**(જન્મ : 24-9-1861 - મૃત્યુ : 13-8-1936)**

ઈ.સ. 1907ની 18, ઑગસ્ટે સ્ટટગાર્ડમાં મળેલી વિશ્વ સમાજવાદી કોંગ્રેસમાં, જુદા જુદા દેશોના લગભગ હજાર જેટલા પ્રતિનિધિઓ એકઠા મળેલા ત્યારે, સર્વ દેશોના રાષ્ટ્રધ્વજો સાથે ઊભો રાખવા માટે હિંદ તરફથી બ્રિટનના યુનિયન જૅકને બદલે ભારતનો સર્વપ્રથમ રાષ્ટ્રધ્વજ યોજીને રજૂ કરનાર તરીકે જેમનું નામ ભારતના ઈતિહાસમાં સુવર્ણઅક્ષરે અંકિત છે તે માદામ ભીખાઈજી કામાના એ પ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજમાં મથાળાના લાલ પટ્ટામાં, એક કમળફૂલ અને સપ્તર્ષિ મંડળના સાત તારકોનું આલેખન હતું. વચલા સફેદ પટ્ટામાં ‘વંદે માતરમ્’ અક્ષરો હતા અને નીચેના લીલા પટ્ટામાં સૂર્ય અને બીજતારક હતાં. 75 વર્ષની જૈફ વયે એ સન્નારીનું 13મી ઑગસ્ટ 1936માં નિધન થયું હતું.

મુંબઈના જાણીતા વેપારી શ્રી સોરાબજી ફરામજી પટેલ તેમના પિતા હતા. અને શ્રીમતી જીજીબાઈ પટેલ

**સત્યનું રૂપ જ એવું છે કે તેની છબિ જોતાં જ તે મનને હરી લે છે. - ડ્રાયડન**

તેમનાં માતા હતા. તે ભીખાઈજીના હૃદયમાં બાળપણથી જ દીનદુ:ખિયાંની સેવાના અને દેશની સ્વતંત્રતાના કોડ હતા. અભ્યાસકાળથી જ તેઓ રાજકીય અને સામાજિક સેવાનાં કાર્યોમાં ઓતપ્રોત રહેવા લાગ્યાં. પિતાના અતિ આગ્રહને વશ થઈ તેમણે મોટી ઉંમરે શ્રી કે. આર. કામા સાથે લગ્ન તો કર્યું પરંતુ દેશસેવાની ધગશ અને સ્ત્રીજાગૃતિની અનેકવિધ પ્રવૃત્તિમાંનાં તેમનાં રોકાણોથી લગ્નજીવન સુખદ ન નીવડ્યું. આખરે દેશને ખાતર સંસારસુખનો ભોગ આપી ઘણા દુ:ખ સાથે તે પતિથી વિખૂટાં પડ્યાં અને પછી તો છેક મૃત્યુપર્યંત તેઓ ભારત માતાના મુક્તિસંગ્રામનાં એક અગ્રણી તરીકે વિદેશમાં રહ્યાં હતાં, અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહ્યાં. 1935માં તે હિંદ પરત આવ્યાં અને 1936માં તેમનું અવસાન થયું.

લંડનમાં પ્રખર ક્રાન્તિકારી શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય થતાં માદામ કામાના હૃદયમાં જલતો સ્વાતંત્ર્ય અગ્નિ વધુ પ્રજવલિત બન્યો. લંડનમાં તેમણે તેજાબ જેવાં સડસડતાં વ્યાખ્યાનો આપવા માંડ્યાં તેથી ઊકળી ઊઠેલી અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરવાનું નક્કી કર્યું. પરંતુ અગાઉથી જાણ થઈ જતાં તેઓ પારીસ ઊપડી ગયાં. અહીં લાલા હરદયાળ અને વીર સાવરકર જેવા ક્રાન્તિકારીઓનો સાથ મળતાં તેમની પ્રવૃત્તિઓને ભારે વેગ મળ્યો. ઈ.સ. 1905માં તેમણે જીનીવાથી ‘વંદેમાતરમ્’ સાપ્તાહિક શરૂ કર્યું. ભારતની મુક્તિ માટે સક્રિય કામ કરનારી ‘અભિનવ ભારત’ સંસ્થાનાં તેઓ અગ્રણી કાર્યકર બની બની ગયાં. છેલ્લે છેલ્લે, બ્રિટિશ સરકારે તેમને ભારતમાં આવી કોઈપણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવાની અને વ્યાખ્યાનો ન કરવાની શરતે જ હિંદની ભૂમિ પર પગ મૂકવાની રજા આપી.

પાંત્રીસ વર્ષ સુધી પરદેશમાં ભારતીય સ્વાતંત્ર્ય યજ્ઞની જ્વાળા પ્રજવલિત રાખનાર, ગુજરાતી વીરાંગના, ભારતના આદ્ય ક્રાન્તિકારી અને તેજસ્વી નારીરત્ન માદામ ભીખાઈજી કામાનું પેરીસમાં એક કબ્રસ્તાનમાં એક સ્મારક છે. જેના પર તેમના જીવનના નિચોડરૂપ તથા તેમની સ્વાતંત્ર્ય ભાવનાને મૂર્તિમંત કરતું એક જ વાક્ય લખેલું છે: ‘જુલમશાહીનો પ્રતિકાર કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર છે.’ ‘પ્રેમશૌર્ય’ના ધ્વજની પહેલવહેલી કલ્પના કરનાર નર્મદ ગુજરાતી તેમજ જર્મનીની ધરતી પર પ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ લહેરાવનાર માદામ કામા પણ ગુજરાતી. રાષ્ટ્રધ્વજની આ ઘટનાઓથી ગુજરાતની તવારીખ ગૌરવાંકિત થયેલી છે.

•

## ઝાંસીનાં મહારાણી વીરાંગના લક્ષ્મીબાઈ

(જન્મ : 16-11-1835 - મૃત્યુ : 18-6-1858)

ઝાંસીના મહારાણી વીરાંગના લક્ષ્મીબાઈએ સતત નવ દિવસ સુધી હ્યુ રોઝે જેવા અંગ્રેજ સેનાપતિ સાથે યુદ્ધ કર્યું. તેમણે અંગ્રેજ લશ્કરના નાકે દમ લાવી દીધો હતો. હિંદને સ્વતંત્ર કરવા કરાયેલા ઉત્થાનમાં તેઓ ભારતનાં કુલદેવી સમાં હતાં. ઝાંસીનાં મહારાણી વીરાંગના લક્ષ્મીબાઈને પોતાનું ઝાંસી બચાવવું અશક્ય લાગ્યું ત્યારે, મધ્ય રાત્રિના સમયે, પોતાના બાળપુત્રને પીઠ સાથે બાંધી લઈ ઝાંસીના કિલ્લા ઉપરથી ભૂસકો મારી જે રીતે અંગ્રેજ સેનાનો વ્યૂહ ફોડ્યો તે રોમાંચકારી ઘટના, કોઈ કવિની કલ્પનાને પણ ચકિત કરે તેવી છે. ગ્વાલિયર અને કાલ્પીનાં રણક્ષેત્રો પર રણચંડીની જેમ ઘૂમી વળીને અંગ્રેજ સેનામાં હાહાકાર મચાવી દેનાર આ અમરદેવી આખરે ગ્વાલિયરમાં ગંગાદાસ બાબાની ઝૂંપડી નજીક અગ્નિની પુણ્ય જ્વાળાઓમાં સમાઈ ગઈ. ભારતની એ મહાન નારીને આપણા સૌના લાખલાખ પ્રણામ.

કાશીમાં જન્મેલી આ બાળાનું મૂળ નામ મનુબાઈ હતું. ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે એમના લગ્ન થયાં, પરંતુ ભરયુવાનીમાં ગંગાધરરાવનું ઓચિંતુ અવસાન થતાં લક્ષ્મીબાઈ પર વજાઘાત થયો. મૃત્યુ પૂર્વે નિ:સંતાન રાજા ગંગાધરરાવે અંગ્રેજ અમલદારોની હાજરીમાં જ હિંદુ ધર્મશાસ્ત્રાનુસાર બાળક દામોદરરાવને દત્તક લીધેલો. પરંતુ ગંગાધરરાવના અવસાન પછી એની યુવાન વિધવા રાણી લક્ષ્મીબાઈના હાથ નીચેનું ઝાંસીનું

**જેવી રીતે સૂર્યનાં કિરણોને કોઈ પણ રીતે અપવિત્ર કરી શકાતાં નથી,**
**તેવી જ રીતે સત્યને પણ બાહ્ય સ્પર્શથી અપવિત્ર કરી શકાતું નથી. - મિલ્ટન**

રાજ્ય પચાવી પાડવા અંગ્રેજોએ એક જાહેરનામું બહાર પાડી, દામોદરરાવના દત્તવિધાનને અમાન્ય ઠેરવી, સાડા ચાર લાખનું ઝવેરાત અને અઢી લાખની રોકડ સાથે ઝાંસી ખાલસા કર્યું અને રાણીને માસિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન આપવા માંડ્યું. જેનો રાણીએ અસ્વીકાર કર્યો અને એણે અંગ્રેજો સામે હુમલો કરીને 1857માં ઝાંસી પાછું લઈ લીધું. બીજે વર્ષે હ્યુ રોઝે ઝાંસીને ઘેરો ઘાલ્યો ત્યારે ઓછા સૈનિકો અને મર્યાદિત રણસામગ્રી છતાં લક્ષ્મીબાઈએ સત્તર દિવસ સુધી લડાઈ આપી. પરંતુ અંતે, પાછા ફરી રહેલા હ્યુ રોઝને કોઈએ ગુપ્ત માર્ગ બતાવી દેતાં તેણે ઝાંસી કબજે કર્યું, ત્યારે જે સાહસ દાખવીને મહારાણી બાળકુંવર સાથે અંગ્રેજ સેનાની વચ્ચે થઈને વીજળીની જેમ નીકળી ગયાં તે તો ભારતના ઈતિહાસની એક અમર ગાથા છે.

તેમણે 1857ના વિપ્લવની આગેવાની લીધી. તેઓ નાનાસાહેબ પેશ્વા અને તાત્યા ટોપેને મળ્યાં. પાછળ પડેલા હ્યુ રોઝને ફરી લડત આપી અને ગ્વાલિયરનો મોરાર કિલ્લો જીતી લીધો. અહીં પણ અંગ્રેજ સેનાથી ઘેરાઈ ગયેલાં રાણી પીઠ પર કુંવરને બાંધી, બે હાથમાં ખુલ્લી તલવાર અને મોંમા ઘોડાની લગામ રાખી બહાદુરીપૂર્વક લડ્યાં પરંતુ આખરે ઝખમી થઈને સદાને માટે ઢળી પડ્યાં.

'હું મારી ઝાંસી નહિ આપું' એવા દઢ નિરધાર સાથે મેદાને પડેલી અને 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની રણચંડી મહારાણી લક્ષ્મીબાઈએ યુદ્ધભૂમિ પર દાખવેલાં સાહસ અને શૂરવીરતાની પ્રશંસા કર્યા વિના તો અંગ્રેજો પણ રહી શકેલા નહિ. ભારતના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે લખાવી જનાર આ વીરાંગનાએ, રાજમહેલના છત્રપલંગની સુંવાળી શૈયામાં પડી રહેવા કરતાં ભારતની ધખધખતી રેતીમાં રગદોળાવાનું પસંદ કરીને, કદી ન ભુલાય એવું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. અપૂર્વ શૂરાતન, અપ્રતિમ રણકૌશલ તથા અડગ ધૈર્યપૂર્વક અંગ્રેજ ફોજ સામે ઝઝૂમનાર આ બાવીસ જ વર્ષની યુવાન વિધવા રાણીએ જે ખમીર, ખુમારી અને મર્દાનગી દાખવ્યાં છે તેનો જોટો જડવો મુશ્કેલ છે. ''ખૂબ લડી મર્દાની, વહ તો ઝાંસીવાલી રાની થી.''

•

## શ્રી વાસુદેવ બલવંત ફડકે
### (જન્મ : 4-11-1845 - મૃત્યુ : 17-2-1883)

ભારતીય સ્વરાજ્ય આંદોલનના મંત્રદષ્ટા, 1857ના વિપ્લવ પછી જાગેલી જનક્રાન્તિના પ્રથમ શહીદ, અનન્ય સ્વદેશભક્તિથી ધબકતા હૈયાવાળા છાતીગરા નવજુવાન અને ભારતવર્ષના ઈતિહાસમાં ક્રાન્તિકારી આંદોલનના જનક તેમજ પથપ્રદર્શક શ્રી વાસુદેવ બલવંત ફડકેના આ યાદગાર શબ્દોએ તો હિંદના અનેક ક્રાન્તિવીરોને એ સમયગાળામાં અભૂતપૂર્વ પ્રેરણા આપેલી કે - ''મને ફક્ત પાંચ હજાર રૂપિયા અને માત્ર 200 જવાંમર્દોની સહાયતા મળી જાય તો હું ઘડીના છઠ્ઠા ભાગમાં અંગ્રેજોને ભારતમાંથી ભગાડું અને આ દેશમાં સ્વતંત્રતાનો સૂર્યોદય કરી બતાવું...'' તેઓ જ એક એવા પ્રથમ ભારતીય ક્રાન્તિકારી હતા કે જેમણે અંગ્રેજોએ ભારતની કરેલી આર્થિક દુર્દશાનું ચિત્ર, નક્કર આંકડા અને પુરાવા આપીને, ભારતની શિક્ષિત જનતા સમક્ષ ખુલ્લું કરી બતાવ્યું હતું.

4 નવેમ્બર, 1845માં મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના એક નાના ગામડામાં તદ્દન સામાન્ય કુટુંબમાં જન્મેલા વાસુદેવે, ભણવાની સાથે સાથે અંગ્રેજ સરકારની નોકરી કરી અને નોકરી કરતાં કરતાં જ એમના મનમાં અંગ્રેજ સરકાર પ્રત્યે નફરત અને વિદ્રોહની એવી તો ઉગ્ર લાગણી જન્મી કે જેણે એમને હથિયાર ઉગામવા સુધી મજબૂર કર્યા. શિવાજીની જેમ 'છાપામાર' પદ્ધતિથી ધાડો પાડીને, તેમાંથી જે ધન પ્રાપ્ત થયું તેના વડે અસ્ત્રશસ્ત્રનો ભંડાર ઊભો કરીને એમણે પછી અંગ્રેજ સરકારને હંફાવવા એવો તો મરણિયો પ્રયાસ કર્યો કે એમને જીવતા યા મરેલા પકડવા માટે અંગ્રેજ સરકારે મોટું ઈનામ જાહેર કર્યું. અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી દેનાર આ જવાંમર્દ આખરે એક દિવસ ભગવાનના મંદિરમાં ભરનિદ્રામાં હતા ત્યારે અંગ્રેજ મેજરે એમને પકડી લીધા.

પોતાને પકડવા માટે જાહેર કરાયેલ ઈનામની પત્રિકાઓ જ્યાં જ્યાં ચોંટાડી ત્યાં ત્યાં નીચે તેમણે આવું લખાણ લખાવ્યું કે - ''મુંબઈના ગવર્નર સિપર્ડ ટેમ્પલનું

**કોણ સાચું છે તે વાત મહત્ત્વની નથી પણ શું સાચું છે એ વાત મહત્ત્વની છે. - થૉમસ હક્સલે**

મસ્તક ઉતારી લાવનારને ઉપરની રકમ કરતાં બેવડું ઈનામ ફડકે તરફથી અપાશે.' વાસુદેવ જ્યારે અનેક પરાક્રમો બાદ જીવતા પકડાઈ ગયા ત્યારે એમના પર અંગ્રેજ સરકારે 121 ગુના રાજદ્રોહના, 124 ગુના અંગ્રેજ સલ્તનત વિરુદ્ધ ભાષણો કરવાના અને 395 ગુના ધાડ અને લૂંટફાટના લગાવી દેવાયા. ફળસ્વરૂપ અંગ્રેજ ન્યાયાધીશે આ નરવીરને કાળાપાણીની સજા ફટકારી દીધી.

''મેં આજદિન સુધી પરસ્ત્રીને માતા સમાન ગણી છે અને મારી પાસે જે પરધન આવ્યું તેનો ઉપયોગ મેં ભારતમાતાની મુક્તિ માટેના પુણ્યકાર્યમાં જ કર્યો છે.... મહર્ષિ દધિચિની જેમ મારું પણ બલિદાન લેવાય અને એનાથી ભારતની જનતાનું કલ્યાણ થાય એ જ મારી ભગવાનને આખરી પ્રાર્થના છે...'' આવા શબ્દો સાથે ભારતવાસીઓને અને ભારતની ધરતીને અંતિમ પ્રણામ કરી, ભારતની બહાર એડનની જેલમાં જનમટીપની સજા ભોગવવા વિદાય થયેલા શ્રી વાસુદેવ ફડકેનું માત્ર 38 વર્ષની નાની વયે અકાળ અવસાન થયું ત્યારે 'અમૃતબઝાર' પત્રિકાએ તેમને અંજલિ આપતાં લખેલું કે - ''હિમાલયની ગરિમાવાળા વાસુદેવમાં મહાન આત્માઓના ગુણો હતા. તે દેવદૂત હતા. તેમનાં શસ્ત્ર તેમને બીજી દિશામાં લઈ ગયાં તોપણ જ્યોર્જ વૉશિંગ્ટન અને ગેરીબાલ્ડીની ઉચ્ચ દેશચાહના તેમના રોમરોમમાં પ્રજ્વલિત હતી. તેમના હૃદયમાં દેશભક્તિનું ઝરણું અખંડ વહી રહ્યું હતું. સાધારણ માનવીઓ કરતાં માન્યામાં ન આવે એટલી હદે તેઓ ઉચ્ચ કોટિના મહાન ક્રાન્તિકારી હતા.''

•

## 'દેશબંધુ' ચિત્તરંજનદાસ

(જન્મ : 5-11-1870 - મૃત્યુ : 16-6-1925)

મહાન દેશભક્ત 'દેશબંધુ' ચિત્તરંજનદાસ ઉદાર દાનવીર, અપૂર્વ ત્યાગવીર, પ્રકાંડ જ્ઞાનવીર અને અનન્ય કર્મવીર હતા. કેવળ બંગાળના જ ક્રાન્તિવીરો માટે નહિ, ભારતભરના નવલોહિયા જુવાનોના તેઓ 'પ્રેરણામૂર્તિ' હતા. આજે આ સમર્થ રાજપુરુષ અને પ્રખર રાષ્ટ્રપ્રેમી વીરને કોટિ કોટિ વંદન.

પિતાનું નામ શ્રી ભુવન મોહનદાસ અને માતાનું નામ શ્રીમતી નિસ્તારિણીદેવી. એમનું કુટુંબ સુખી, સંસ્કારી અને સુધારક વિચારસરણીવાળું હતું. તેઓ ઈ.સ. 1886માં મેટ્રિક થયા અને 1890માં કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા બાદ, ઈન્ડિયન સિવિલ સર્વિસ (આઈ.સી.એસ.) થવા માટે તેઓ લંડન ગયા. 1892માં મીડલ ટેમ્પલના બૅરિસ્ટર થયા અને 1893માં કલક્તાની હાઈકોર્ટના બૅરિસ્ટર બન્યા. એમના પિતાને નાદારી લેવી પડેલી પરંતુ પાછળથી સ્થિતિ સુધરતાં, મુદત બહાર ગયું હોવા છતાં, પિતાનું પાઈએ પાઈ દેવું ચૂકવીને તેમણે પ્રામાણિકતાનું વિરલ ઉદાહરણ પૂરું પાડ્યું.

શ્રી ચિત્તરંજનદાસનું અંતિમ જીવન એટલે રાજકીય પ્રવૃત્તિ અને વિજયોની પરંપરા. ઈ.સ. 1921માં તેમણે રાષ્ટ્રીય વિદ્યાપીઠ ઢાકામાં સ્થાપી, રાષ્ટ્રીય મહાસભાનું સ્વયંસેવક દળ સ્થાપ્યું, એક કરોડ રૂપિયાનું ભંડોળ એકઠું કર્યું, સરકારી કચેરીઓ અને શાળાઓ સામે 'પીકેટીંગ' કર્યું અને અમદાવાદ રાષ્ટ્રીય મહાસભામાં અધ્યક્ષ ચૂંટાયા. 1922માં 'સ્વરાજ્ય પક્ષની' સ્થાપના કરી. 1924માં 'મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા'ના ભુક્કા ઉડાવ્યા, કલકત્તાના પ્રથમ મેયર બન્યા. મૃત્યુની ઘડી સુધી સતત કાર્યશીલ રહેલા 'દેશબંધુ'એ અંગત સુખવૈભવનો ત્યાગ કરી રાજકીય અને આધ્યાત્મિક સંન્યાસીનું જીવન અપનાવેલું અને મહિલાઓ માટે તબીબી વિદ્યાલય તથા હૉસ્પિટલ સ્થાપવા પોતાની તમામ સંપત્તિ દાનમાં આપી દીધી હતી.

મહર્ષિ અરવિંદના મિત્ર અને સાથી, એક કવિ અને શ્રેષ્ઠ દેશભક્ત, કલકત્તાના પ્રથમ કક્ષાના પ્રતિભાસંપન્ન ધારાશાસ્ત્રી સ્વ. દેશબંધુ ચિત્તરંજનદાસ વિશે ખુદ અરવિંદે જે લખ્યું છે તેનાથી શ્રેષ્ઠ બીજી કઈ અંજલિ એમને માટે હોઈ શકે ? ''જે માણસે પોતાના બધા વિચાર જાતથી પર રાખ્યા છે અને ધીકતી વકીલાત છોડી છે; જે માણસે મને બચાવવાને માટે મહિનાઓ સુધી સતત ઉજાગરા કર્યા છે

**માનવજાતિને સત્ય કોઈ શીખવી શકતું નથી; તેની અનુભૂતિ તેની જાતે જ થાય છે. - જે. કૃષ્ણમૂર્તિ**

અને પોતાની કાયા ભાંગી નાખી છે તે માણસ એટલે 'દાસબાબુ !' પહેલાં તો મને વિચાર આવેલો કે મારા પરના કેસ વિષે હું એમને સૂચનાઓ આપું. પણ પછી મારા ભીતરનો અવાજ આવ્યો: '' આ જ એક માણસ છે જે તારા પગમાં નંખાયેલી જંજીરમાંથી તને બચાવશે. પેલા બધા કાગળ બાજુ પર મૂકી દે. એને સૂચના આપનાર તું નથી; હું એને સૂચના આપીશ.'' આવી દૈવી શક્તિ જેનામાં હતી તે દેશબંધુને કોટિ કોટિ નમન !''

•

## શ્રી સુરેન્દ્રનાથ દુર્ગાચરણ બેનરજી
### (જન્મ : 10-11-1848 - મૃત્યુ : 6-8-1925)

જાતમહેનત પર પોતાનું અનોખું વ્યક્તિત્વ સર્જનાર તેજસ્વી યુવાન, હિંમતવાન નીડર લડવૈયા, રાજકારણના ઊંડા અભ્યાસી, અડગ રાજદ્વારી નેતા, યુવકગણના આચાર્ય, પ્રખર વક્તા, સમર્થ પત્રકાર, સ્વાતંત્ર્યની લડતના શરૂઆતના નેતા, રાષ્ટ્રીયતાના પ્રબળ પ્રચારક અને આજીવન દેશસેવાના ભેખધારી અનન્ય રાષ્ટ્રભક્ત શ્રી સુરેન્દ્રનાથ બેનરજીનાં પ્રેરણા-પીયૂષને પામી સૌ કૃતાર્થ થઈએ.

હિંદની રાષ્ટ્રીય જાગૃતિના ઉદયકાળે પોતાની સિંહ સમી ત્રાડોથી સમગ્ર દેશને ખળભળાવી મૂકનાર મહાન દેશભક્ત શ્રી સુરેન્દ્રનાથનો જન્મ 10મી નવેમ્બરે બંગાળામાં શ્રી દુર્ગાચરણ બેનરજીને ત્યાં થયો હતો. પિતા વ્યવસાયે ડૉકટર હતા અને સુરેન્દ્રનાથ પહેલેથી જ અભ્યાસમાં તેજસ્વી હતા. કૉલેજના વાર્ષિક સમારંભોમાં એક વિદ્યાર્થી તરીકે ઉપરાઉપરી પારિતોષિકો જીતીને સૌને આશ્ચર્યમાં નાખી દેતા સુરેન્દ્રનાથે બી.એ.ની પરીક્ષા ઊંચા ગુણાંક સાથે ઉત્તીર્ણ કરી. કૉલેજના પ્રિ.સાઈમના આગ્રહથી તેમને આઈ.સી.એસ.ની પરીક્ષાના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યા. કોટ-પેન્ટ-ટાઈ-હેટમાં સજ્જ થયેલા સુરેન્દ્રનાથ લંડનમાં એકચિત્તે અભ્યાસ કરી રોમેશચંદ્ર દત્ત સાથે પરીક્ષામાં બેઠા અને ઉત્તીર્ણ પણ થયાં; પરંતુ ઉંમરનો બાધ કાઢી ગોરી અંગ્રેજ સરકારે તેમને હિંદમાં અમલદાર તરીકે ન નીમ્યા, આથી ઈંગ્લેન્ડની કોર્ટમાં આ અન્યાયને દૂર કરવા કેસ કર્યો અને પુરવાર કર્યું કે હિન્દુ રીત પ્રમાણે પોતાની વય કાયદેસર છે. કેસ જીતી જતાં સુરેન્દ્રનાથે અસમના સિલ્હટ જિલ્લાના મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂક પત્ર લઈ, હિન્દને કિનારે પગ મૂક્યો ત્યારે તેમનું ઉમળકાભેર સ્વાગત થયું ! અલબત્ત, બે જ વર્ષની એમની કારકિર્દીમાં મામૂલી દૂષણો અને નજીવી ભૂલો શોધી કાઢી બ્રિટિશ સરકારે તેમને બરતરફ કર્યા. બૅરિસ્ટરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છતાં, એક બરતરફ કરાયેલા હિંદીને 'કાળો ઝભ્ભો' કઈ રીતે અપાય ? એમ કહી તેમને હતાશ કરી દીધા. આ બીજા કારી ઘાએ તેમને અન્યાયી, શોષણખોર અને ભેદભાવોમાં જ રાચતી બ્રિટિશ સરકાર સામે લડવા પ્રેર્યા.

શરૂઆતમાં કલકત્તાની એક શાળા હાથમાં લઈ, પોતાના આકર્ષક વ્યક્તિત્વ અને અવિરત પુરુષાર્થ વડે 100 વિદ્યાર્થીઓમાંથી 1500 વિદ્યાર્થીઓની ધમધમતી શાળા બનાવી દીધી; જે પાછળથી 'રિપન કૉલેજ' તરીકે આકાર પામી. પોતે શરૂ કરેલ 'બંગાળી' પત્ર દ્વારા બંગાળના યુવાનોમાં ઉચ્ચ દેશપ્રેમ અને ગુલામીનાં બંધનો તોડવા હાકલ કરી. બંગભંગની ચળવળ સમયે તો તેમણે નીડર નેતૃત્વ પૂરું પાડી, વિરોધનો એવો તો પ્રચંડ દાવાનળ પ્રગટાવ્યો કે ખુદ બ્રિટિશ સરકારને પણ છ જ વર્ષમાં બંગાળના ભાગલા રદ કરવા પડ્યા ! તો બીજી તરફ હિંદવ્યાપી આ ચળવળ બની જતાં રાષ્ટ્રીયતાની લહર ચોમેર ફેલાઈ ગઈ ! સુરેન્દ્રનાથે હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપનામાં ખૂબ આગળ પડતો ભાગ ભજવેલો. 1895માં પૂનામાં અને 1902માં અમદાવાદમાં તેઓને કૉંગ્રેસના પ્રમુખપદે નિયુક્ત કરાયા. 1919માં બંગાળાની ધારાસભામાં ચૂંટાઈ આવીને, તેઓ સ્થાનિક સ્વરાજ્ય ખાતાના સરકારી પ્રધાન બન્યા અને 1923 સુધી એ હોદ્દા પર રહ્યા. 1921માં તેમને 'સર'નો ઈલ્કાબ આપી, અંગ્રેજ સરકારે બહુમાન કર્યું.

ઈ.સ. 1925માં હિંદના આ મહાન દેશભક્તનું 77 વર્ષની વયે ફલ્યુમાં અવસાન થયું.

•

**સત્ય માટે બધું જ છોડી શકાય છે, પણ સત્યને કોઈપણ ચીજ માટે છોડી શકાય નહિ, તેનું બલિદાન આપી શકાય નહિ. - સ્વામી વિવેકાનંદ**

## યતીન્દ્રનાથ મુખરજી
## (જન્મ : ડિસેમ્બર, 1879 - મૃત્યુ : 9-9-1915)

માભોમની મુક્તિ કાજે અનેક નવલોહિયા યુવાનોએ પોતાના પ્રાણની પણ પરવા કરી નહોતી. તેમને મન તો કોઈપણ પ્રકારે પછી તે હિંસક હોય કે અહિંસક ભારતમાતાને બ્રિટીશરોની ગુલામીમાંથી મુક્ત કરવાનું કામ મહત્ત્વનું હતું. પ્રથમ આઝાદી, પછી બીજી વાત. આઝાદી સિવાય કશું જ ન ખપે. આવા ભાવનાશીલ યુવાનોમાં યતીન્દ્રનાથ મુખરજીનો સમાવેશ થાય છે.

યતીન્દ્રનાથ મુખરજીનો જન્મ ઈ.સ. 1879માં ડિસેમ્બર માસમાં એક પ્રતિષ્ઠિત અને સુખી બ્રાહ્મણ પરિવારમાં જેસોર ગામમાં થયો હતો. એમના પિતા ઉમેશચંદ્ર પ્રખર પંડિત હતા. તે તેમનાં સાહસિક કાર્યોથી જાણીતા હતા. તેમની માતા શશીદેવી ઉચ્ચ કોટિનાં કવયિત્રી હતાં.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી તેઓ કોલકાતાની સૅન્ટ્રલ કૉલેજમાં દાખલ થયા. કોલકાતામાં મરકી ફાટી નીકળી હતી ત્યારે યતીન્દ્રનાથે લોકોની ખૂબ જ સેવા કરી હતી. તેમની સેવાથી ભગિની નિવેદિતા ખૂબ જ પ્રભાવિત બન્યાં અને તેઓ યતીનને સ્વામી વિવેકાનંદનાં દર્શને લઈ ગયાં. વિવેકાનંદજીના સમાગમમાં આવવાથી તેમના મનમાં દૃઢ વિશ્વાસ જન્મ્યો કે જ્યાં સુધી ભારત સ્વતંત્ર નહિ થાય ત્યાં સુધી તેનો આધ્યાત્મિક વિકાસ નહિ થાય.

માતૃભૂમિની પરાધીનતા તેમને અત્યંત ખૂંચતી હતી. માતૃભક્તિ માટે યતીન્દ્રનાથ તેમના શ્રોતાઓના મનમાં પ્રેમ ઉત્પન્ન કરતા હતા.

1914માં જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે તેઓ ગુપ્ત રીતે કાર્ય કરતા હતા. કાનોકાન વાત પ્રસરી ગઈ કે તેઓ દેશની સ્વાધીનતાને માટે સશસ્ત્ર વિદ્રોહની તૈયારી કરે છે. અરવિંદ ઘોષ યતીન્દ્રનાથની દેશભાવનાથી અત્યંત પ્રભાવિત બન્યા અને તેમણે યતીન્દ્રનાથને ક્રાંતિકારી આંદોલન તરફ વાળ્યા હતા.

જ્યારે અલીપુર બૉમ્બ કેસમાં શ્રી અરવિંદ ઘોષ પર મુકદ્દમો ચલાવાતો હતો ત્યારે તેમાં અવરોધ નાખવા માટે યતીન્દ્રનાથે કેટલાયે પ્રયત્નો કર્યા હતા. અંતે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમની ઉપર હાવરા ષડ્યંત્ર બદલ કેસ કર્યો, પણ તેમને નિર્દોષ છોડવા પડ્યા.

યતીન્દ્રનાથે જર્મનીમાંથી શસ્ત્રો મેળવવાનું નક્કી કર્યું. હથિયારો ભરેલી સ્ટીમર આવી રહી હતી પણ કેટલાક વિશ્વાસઘાતીઓને કારણે વાત ફૂટી ગઈ અને ભરદરિયે સ્ટીમર પકડાઈ ગઈ. યતીન્દ્રનાથે મયૂરભંજમાં આશ્રય લીધો. બ્રિટીશ પોલીસ તેમની પાછળ પડી.

આખરે 1915માં બાલેશ્વર જિલ્લાના ગામ અશખંડમાં બુરાબલ નદીને કિનારે ક્રાંતિકારીઓ અને પોલીસ વચ્ચેના જંગમાં યતીન્દ્રનાથ ઘાયલ થયા. બાલેશ્વરની સરકારી હૉસ્પિટલમાં યતીન્દ્રનાથને દાખલ કર્યા. જ્યાં બીજે દિવસે 9મી સપ્ટેમ્બરે તેમનું અવસાન થયું.

ભારત સરકારે તેમની યાદમાં તા. 9-9-1970ના રોજ ટપાલ ટિકિટ બહાર પાડી તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

કલકત્તામાં જ્યારે મરકી ફાટી નીકળી હતી ત્યારે તેઓ દર્દીની સેવા સારવારમાં જાતે લાગી જતાં. ભારતની આઝાદી માટે તેમણે ઘણું કામ કર્યું. ગુપ્ત સમિતિઓનું સંગઠન કર્યું હતું. બૉમ્બ બનાવવાનું કારખાનું શરૂ કર્યું હતું. નવયુવાનોમાં સશસ્ત્ર ક્રાંતિની ભાવના જગાડવા અનેક સ્થળોએ નાનાં-મોટાં દળની રચના કરી હતી. તેમણે પરદેશથી હથિયારો મંગાવ્યાં હતાં અને યુવાનોમાં વહેંચ્યાં હતાં. મહર્ષિ અરવિંદ ઘોષના તેમણે આશીર્વાદ મેળવી ક્રાંતિના પથ પર ડગ માંડ્યા હતા. સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમણે શહીદી વહોરી લીધી હતી.

યતીન્દ્રનાથને અંજલિ આપતાં મહર્ષિ અરવિંદે તેમના શિષ્યોને જણાવ્યું હતું કે ''એ એક અલૌકિક વ્યક્તિ હતી. એ માનવતાની મૂર્તિ સમા હતા. શક્તિ અને સૌંદર્યનું તેમનામાં અદ્ભુત મિલન થયું હતું.''

•

**સત્યનું સ્થાન હૃદયમાં છે, મુખમાં નહિ. ફક્ત મુખમાંથી નીકળવાને કારણે કોઈ વાત સાચી બની જતી નથી. - શરદચંદ્ર**

## રાસબિહારી બસુ
### (જન્મ : 25-5-1865, મૃત્યુ : 21-1-1945)

સ્વાતંત્ર્યસંગ્રામમાં બંગાળ અને બંગાળીઓએ આપેલ ફાળો નોંધપાત્ર રહ્યો છે. ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં નેતાજી સુભાષબાબુએ વિદેશમાં રહી 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી હતી. આ આઝાદ હિંદ ફોજનું પ્રદાન પણ નાનુસૂનું નથી. આ ફોજના અધ્યક્ષપદે રાસબિહારી બસુ હતા અને જાપાની મિલટરી હેડક્વાર્ટર સાથે વાતચીત કરી હતી અને મદદ મેળવી હતી. તેમણે ટોકિયો (જાપાન)માંથી ભારતીય સ્વાતંત્ર્ય લીગના પ્રમુખ તરીકે બ્રિટીશ રાજ્ય વિરુદ્ધ ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામની ઘોષણા કરી હતી.

રાસબિહારી બસુનો જન્મ તા.25મી મે 1865ના રોજ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં પાલડા બાઈઘાટી ગામમાં થયો હતો. તેમના પિતા શ્રી વિનોદબિહારી બસુ તે સમયના ભારત સરકારના કર્મચારી હતા. તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ ચંદ્રનાગોર અને કલકત્તામાં લીધું. રાસબિહારી બસુએ પોતાનું ક્રાંતિકારી તરીકેનું જીવન માત્ર પંદર વર્ષની ઉંમરે જ શરૂ કરી દીધું હતું. તીવ્ર રાષ્ટ્રભાવનાથી રંગાયેલા તેમણે પ્રથમ તો લશ્કરમાં ભરતી થવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેમને સફળતા મળી નહિ. પણ પાછળથી તેઓ દહેરાદૂનની વન્ય રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાયા. ત્યારથી તેમના ક્રાંતિકારી જીવનમાં વેગ આવ્યો. તેઓ ગુપ્ત સંગઠનો રચવામાં અત્યંત કુશળ હતા. એટલે સુધી કે બ્રિટીશ સરકારનો નિપુણ ગુપ્તચર વિભાગ પણ તેમને ગિરફતાર કરવામાં નિષ્ફળ ગયો હતો.

રાસબિહારી બસુએ ઈ.સ. 1912માં લોર્ડ હાર્ડિંગ ઉપર દિલ્હીમાં બોંબ ફેંક્યો હતો. તેઓ વેશપલટો કરીને ઈ.સ. 1915માં ભારત છોડીને જાપાન પહોંચી ગયા. જાપાનમાંથી બ્રિટીશ પોલીસે તેમને જીવતા કે મરેલા પકડવા માટે આઠ વર્ષ સુધી તેમનો પીછો કર્યો હતો. પરંતુ 1923માં તેમણે જાપાની નાગરિકત્વ પ્રાપ્ત કર્યું ત્યાં સુધી તેઓ પકડાયા નહોતા. ત્યાં તેમણે જાપાની ભાષા શીખી લીધી હતી અને વિવિધ વિષયો પર તેમણે જાપાની ભાષામાં પુસ્તકો લખ્યાં હતાં.

રાસબિહારી બસુએ ખાસ એશિયન લીગ તથા ભારતીય સ્વાધીનતા લીગની સ્થાપના કરી હતી અને તેઓ 'આઝાદ હિંદ ફોજ'ના અધ્યક્ષ પણ રહ્યા હતા.

રાસબિહારી ભારતમાં હતા ત્યારે તેમને પકડવા સરકારે ઈનામ જાહેર કર્યું. ઈનામની રકમ વધારાતી ગઈ અને છેવટે એક લાખ રૂપિયા સુધીનું ઈનામ જાહેર કર્યું છતાં તેઓ હાથ ન લાગ્યા અને ભારતવ્યાપી સંગ્રામ શરૂ કર્યો.

1914થી ચાર વર્ષ સુધી યુરોપમાં મહાયુદ્ધ ચાલ્યું તે દરમિયાન ભારતમાં ક્રાંતિકારીઓએ ભારે મોટી તૈયારીઓ કરી હતી. જર્મની સાથે સંબંધ બાંધી શસ્ત્રો ભરેલી બે સ્ટીમરો મંગાવવામાં સફળ થયા હતા.

તા.21-1-1945ના રોજ વિપ્લવના મહાન સેનાનાયક રાસબિહારી બસુએ જાપાનમાં જ દેહ છોડયો.

રાસબિહારી બસુએ જાપાનમાં રહીને ભારતની સ્વતંત્રતા માટે જીવનભર કામ કર્યું. જાપાનીઝ ભાષામાં ધર્મ અને સમાજ અંગે અનેક પુસ્તકો લખ્યાં. તેઓ ક્રાંતિકારી દેશભક્તોનું પ્રેરકબળ બની રહ્યા. યુરોપમાં બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું અને 'ભારત છોડો'નો મુક્તિસંગ્રામ 1942માં ગાંધીજીએ શરૂ કર્યો હતો ત્યારે રાસબિહારી બસુએ 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરી હતી. જેનું સુકાન સુભાષચંદ્ર બોઝે સ્વીકારી લીધું હતું.

ભારતના સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ તેમને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું છે કે "શ્રી રાસબિહારી બસુનું નામ એ વિખ્યાત નામોમાંથી એક છે કે જે વીસમી શતાબ્દીના પૂર્વાર્ધમાં યુવક સમાજના હોઠ પર હતું, જે અપાર દેશભક્તિપૂર્ણ પ્રેરણાઓ અને ઊંડી ભાવનાઓથી ઓતપ્રોત હતું. શ્રી બસુ ભારતની સ્વતંત્રતા-સ્વાધીનતાને માટે સમર્પિત થઈ ગયા. તેમણે પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે કોઈ પણ બલિદાન તુચ્છ ગણ્યું નહોતું.

તેમનામાં સંગઠનાત્મક યોગ્યતા અદ્વિતીય હતી અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે અને તેમના અન્ય

**સત્ય અને અસત્યની ટક્કર પથ્થર અને માટીના ઘડાની અથડામણ જેવી છે. પથ્થર પર માટીનો ઘડો પડે તો તે ફૂટી જાય છે અને પથ્થર ઘડા પર પડે તોપણ ઘડો જ ફૂટે છે. - હિતોપદેશ**

સાથીઓએ જે સશસ્ત્ર ક્રાંતિની યોજના ઘડી હતી તેમાં તે અગ્રેસર હતા.

•

## સરદારસિંહ રાવ રાણા
### (જન્મ : ઈ.સ. 1870, મૃત્યુ : ઈ.સ. 1949)

ભારતમાતાની આઝાદી માટે વિદેશોમાં રહીને પણ સશસ્ત્ર લડત આપનારાઓએ પણ ઈતિહાસ સર્જ્યો છે. ભારતના આવા વીર સપૂતોમાં એસ.આર. રાણાના નામે જાણીતા થનાર શ્રી સરદારસિંહ રાવ રાણા પણ એક વીરલા હતા. તેઓ દેશભક્ત સાવરકરના દીક્ષાગુરુ અને શ્યામજી કૃષ્ણ વર્માના સાથી હતા.

એસ. આર. રાણાનો જન્મ ઈ.સ. 1870માં સૌરાષ્ટ્રના લિંબડી તાબાના કંથારિયા ગામમાં જાગીરદાર કુટુંબમાં થયો હતો. રાજકોટમાં આવેલી રાજકુમાર કૉલેજમાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું હતું.

ઈ.સ. 1891માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી વધુ અભ્યાસ માટે મુંબઈની જાણીતી એલફિસ્ટન કૉલેજમાં દાખલ થયા. આ કૉલેજમાંથી તેમના જીવન વિકાસ માટે સારું એવું ભાથું મળી ગયું.

એ સમયે આઝાદીની લડત પણ શરૂ થઈ ચૂકી હતી. તેમાં તેઓ રસ લેવા લાગ્યા. ઈ.સ. 1895માં યુવાન સરદારસિંહ રાણા પૂનામાં ભરાયેલ કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ સુરેન્દ્રનાથ બેનરજીના અને રાષ્ટ્રભક્ત લોકમાન્ય તિલકના પરિચયમાં આવ્યા. આ બંને દેશભકતોના સંસર્ગથી શ્રી રાણા પણ દેશપ્રેમના રંગે રંગાયા.

ઈ.સ.1897માં સરદારસિંહ રાણા બી.એ. પાસ થયા અને ઈ.સ. 1898ની 23મી એપ્રિલના રોજ તેમને લૉ કૉલેજમાં પ્રવેશ મળ્યો.

જોગાનુજોગ એવું બન્યું કે જે દિવસે તેઓ લૉ કૉલેજમાં દાખલ થયા તે જ દિવસે 1857ની ક્રાંતિની 41મી વર્ષગાંઠ હતી અને લંડનમાં ભારતીય દેશપ્રેમીઓ દ્વારા ઉજવવામાં આવી હતી. શ્રી રાણા સાહેબે પણ તેમાં ભાગ લીધો હતો.

વિદેશમાં રહી ભારતની આઝાદી માટે લડત લડતા ક્રાંતિકારીઓને તેઓ નાણાકીય મદદ આપતા હતા. લંડનમાં આવેલ 'ઈન્ડિયા હાઉસ' નામે જાણીતું બનેલું મકાન તેમણે શ્યામજી કૃષ્ણ વર્મા સાથે મળીને ખરીદ્યું હતું. આ મકાન ક્રાંતિકારીઓનું નિવાસસ્થાન બન્યું હતું.

જર્મનીમાંથી તેઓ શસ્ત્રો ખરીદતા હતા અને છૂપી રીતે ભારતમાં રહેતા ક્રાંતિકારીઓને પહોંચાડતા હતા. ક્રાંતિકારી દેશભક્તોને મદદરૂપ થવાય એ માટે તેમણે હીરામોતીના વેપારીને ત્યાં સહાયક તરીકે કામ પણ કર્યું હતું.

ઈ.સ.1905માં રાણા સાહેબ ભારત આવ્યા હતા અને લગ્ન કરી ઈંગ્લેન્ડ જતા રહ્યા હતા. તેમણે દેશસેવામાં પોતાનું જીવન અર્પણ કરવાનો સંકલ્પ કર્યો. 1941માં તેમની ધરપકડ કરી, એક ટાપુમાં રાખ્યા હતા. પણ ફ્રાન્સના કાયદા મુજબ તેમને મુક્ત કરાયા.

ભારત આઝાદ થયું ત્યારે તેઓ ભારત આવ્યા. રાજા મહારાજાઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. 1949માં તેમનું અવસાન થયું.

લંડનમાં તેમણે રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી તથા અકબર બાદશાહના નામે ત્રણ શિષ્યવૃત્તિઓ જાહેર કરી હતી. જેનો લાભ લેનારાઓમાં શ્રી સાવરકર અને સેનાપતિ બાપટે હતા. ભારતની સ્વાધીનતાનો સંગ્રામ ઈંડિયા હાઉસમાં રહી ઈંગ્લેન્ડમાં શરૂ કર્યો હતો. શ્રી રાણા સાહેબે ક્રાંતિકારીઓને શસ્ત્રો અને નાણાંની મદદ કરી હતી.

પરદેશમાં રહી ભારતના ક્રાંતિકારીઓને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં મદદ કરનારાઓમાં રાણા સાહેબ ઉલ્લેખનીય છે. સરકારની ખફગી વહોરીને પણ તેઓ મદદ કરતા હતા. લંડનમાં 'ઈન્ડિયા હાઉસ' નામે મકાન ખરીદી તેમાં ક્રાંતિકારીઓને આશ્રય આપ્યો હતો.

સાહિત્યકાર રામનારાયણ પાઠકના શબ્દોમાં કહીએ તો "ક્રાંતિકારી શહીદો'ના સહાયક, પ્રખર દેશભક્ત તરીકે સરદારસિંહ રાણાનું નામ સ્વાતંત્ર્યસંગ્રામના ઈતિહાસમાં અમર બન્યું છે."

**સેવા મનુષ્યની સ્વાભાવિક વૃત્તિ છે અને તે જ તેના જીવનનો આધાર છે. - પ્રેમચંદજી**

•

## નેતાજી સુભાષચંદ્ર બોઝ

**(જન્મ : 23-01-1897, મૃત્યુ : 19-08-1945)**

રાખમાંથી રાષ્ટ્ર સર્જનાર વિશ્વ ઈતિહાસમાં જે મહાપુરુષો થયા છે, તેમાં સુભાષચંદ્ર બોઝનું નામ કાવૂર, ગેરિબાલ્ડી, બિસ્માર્ક, મોલ્ટકેન, લેનિનની હરોળમાં મૂકી શકાય. સુભાષચંદ્ર બોઝ એટલે શક્તિનો અવિરત વહેતો અનુપમ સ્ત્રોત. તેઓ રાજકારણમાં સક્રિય બની મેઘાવી પ્રતિભા સાથે ઉદય પામ્યા. વિદેશમાં જઈ 'આઝાદ હિન્દ ફોજ' દ્વારા આઝાદી મેળવવા જંગ ખેલી લેવા ભારતની પ્રજામાં અભૂતપૂર્વ શક્તિસંચાર કર્યો અને હિન્દની આઝાદી માટે લડતાં લડતાં વિદેશમાં જ શહીદીને વર્યા.

સુભાષચંદ્ર બોઝનો જન્મ કટકમાં સરકારી વકીલાત કરતા જાનકીનાથના કુટુંબમાં 23મી જાન્યુઆરી, 1897ના રોજ થયો હતો. સુભાષ બાળપણથી જ તેજસ્વી અને બુદ્ધિશાળી હતા. કટકની શાળા, કોલકાતાની પ્રેસિડેન્સી કૉલેજ વગેરેમાં ખૂબ સારા ગુણથી પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી, વધુ અભ્યાસાર્થે ઈંગ્લૅન્ડ ગયા અને ત્યાંથી ખૂબ અઘરી ગણાતી I.C.S. પરીક્ષા ચોથે નંબરે પાસ કરી, કલકત્તા પાછા ફર્યા. પ્રૅસિડેન્સી કૉલેજના અંગ્રેજ અધ્યાપકોના ગુમાનના કડવા અનુભવોમાંથી તેમની વિરુદ્ધ ક્રાન્તિ કરવાનાં બીજ રોપાયાં. ઈ.સ. 1921થી ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1923માં 'સ્વરાજ્ય પક્ષ'માં જોડાયા. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખસ્થાને વરાયા. ગાંધીજી સાથે નીતિરીતિ બાબતમાં મતભેદ શરૂ થયો. તેમણે પ્રમુખપદેથી રાજીનામું મૂકી, કૉંગ્રેસમાંથી છૂટા થઈ, નવો 'ફોરવર્ડ બ્લૉક' પક્ષ સ્થાપ્યો. તેમને દાસબાબુનો ખૂબ સારો સાથ મળેલો. 1941થી મૃત્યુપર્યંત વિદેશમાં જ રહ્યા અને આપણા દેશની આઝાદી માટે અંગ્રેજો સામે ઝઝૂમ્યા.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને બ્રિટિશ સરકારને સત્તા સોંપી દેવા આખરીનામું આપવા સુભાષ બાબુએ ઝુંબેશ ઉપાડી, એટલે સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂરી દીધા, પરંતુ ત્યાં તબિયત બગડતાં તેમને તેમના મકાનમાં જ નજરકેદ કરાયા. આ નજરકેદમાંથી છટકીને ભાગી જઈ માતૃભૂમિને આઝાદ કરવા તેઓ થનગની રહ્યા. પઠાણનો વેશ ધારણ કરી 1941ની જાન્યુઆરીની 15મીએ તેઓ પેશાવર તરફ રવાના થયા. સાહસ, શૌર્ય અને નિર્ધારિત ધ્યેયને પૂરું કરવાની લગનને સહારે તેઓ ઈટલી થઈ છેક જર્મની પહોંચી ગયા. ત્યાં હિટલરને મળ્યા. હિટલરે તેમને દેશબાંધવોને વાયુસંદેશ આપવાની પરવાનગી આપી. ત્યાંથી એક સબમરીન દ્વારા દુશ્મનોની વચ્ચેથી સિફતપૂર્વક સરકી જઈ છેક સિંગાપુર પહોંચ્યા ત્યારે તો ખુદ જર્મન સેનાપતિઓ પણ મોંમાં આંગળાં નાખી ગયા. જાપાનમાં વસતા શ્રી રાસબિહારી બસુએ સ્વયં નિવૃત્તિ લઈ 'આઝાદ હિંદ ફોજ'નું સુકાન સુભાષબાબુને સોંપ્યું. જાપાનના શાસકોને મળી, યુદ્ધકેદીઓ તરીકે પકડાયેલા હિંદી સૈનિકોની ફોજમાં ભરતી કરી. સિંગાપુરને મુખ્ય મથક બનાવી, આસામ, ઈમ્ફાલ, કોહિમા સુધી સફળતાપૂર્વક કૂચ કરી બ્રિટિશ લશ્કરના દાંત ખાટા કરી નાખ્યા. કૅપ્ટન લક્ષ્મીના નેતૃત્વ નીચે 'મહિલા મુક્તિ ફોજે' પણ સારી કામગીરી બજાવી. તેમણે આકાશવાણી પર આપેલા 'ચલો દિલ્હી' અને 'જય હિંદ'નાં સૂત્રો દેશભરમાં ગૂંજી રહ્યા. લોકોએ તેમને 'નેતાજી' કહ્યા.

ઑગસ્ટની 19મી તારીખે (1945) જ્યારે જાપાન શરણાગતિ સ્વીકારવાની વાટાઘાટોમાં રોકાયેલું હતું, ત્યારે સુભાષબાબુ સાઈગોનથી વિમાની માર્ગે જતા હતા તે સમયે રસ્તામાં જ ફોર્મોસા ટાપુ પાસે તાઈહોકુ પાસે વિમાન તૂટી પડયું અને તે જ રાત્રે તેઓ શહીદીને વર્યા તેમ મનાય છે. તેમને અંજલિ આપતાં કહેવામાં આવ્યું છે કે, "નેતાજી આપણને એટલા બધા પ્યારા હતા કે તેમનું અવસાન થયું છે, તે વાત આજે પણ સાચી મનાતી નથી. જ્યાં સુધી 'જય હિંદ'નું સૂત્ર ગૂંજતું રહેશે, ત્યાં સુધી નેતાજી સુભાષચંદ્ર બોઝ અમર રહેશે."

**(સંકલન)**

**('વાસરિકા' સંપુટો (જાન્યુઆરીથી ડિસેમ્બર) તથા 'અમર (શહીદ) વિભૂતિઓ'-પુસ્તિકાઓમાંથી સાભાર)**

**સેવા હૃદય અને આત્માને પવિત્ર કરે છે. સેવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને એ જ જીવનનું લક્ષ્ય છે. -સ્વામી શિવાનંદ**

# સામાન્ય જ્ઞાન (ક્વીઝ)

રૂપલબેન એચ. શાહ

**(ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઈતિહાસ પર આધારિત પ્રશ્નો)**

(1) 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા.' - આ ઉક્તિ કોની છે ?

(અ) વીર ભગતસિંહ (બ) ચન્દ્રશેખર 'આઝાદ' (ક) સુભાષચંદ્ર બોઝ (ડ) ખુદીરામ બોઝ

(2) 'કરેંગે યા મરેંગે' - સૂત્ર કઈ લડત દરમ્યાન આપવામાં આવ્યું હતું ?

(અ) સવિનય કાનૂનભંગની (બ) 'હિંદ છોડો' ની

(ક) સાઈમન કમિશન સામેની (ડ) વ્યક્તિગત સત્યાગ્રહની

(3) 'ઈન્કલાબ ઝિંદાબાદ' નો નારો કોણે આપ્યો હતો ?

(અ) વીર ભગતસિંહ (બ) સુખદેવ (ક) લાલા લજપતરાય (ડ) લોકમાન્ય ટિળક

(4) 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું લઈને જ જંપીશ.' - આ ઉક્તિ કોની છે ?

(અ) મહાત્મા ગાંધીજી (બ) વીર વિનાયકરાવ સાવરકર

(ક) બિપિનચંદ્ર પાલ (ડ) બાલગંગાધર ટિળક

(5) 'જય હિંદ' અને 'ચલો દિલ્હી'- સૂત્ર કોણે આપ્યું હતું ?

(અ) સરદાર વ. પટેલ (બ) સુભાષચંદ્ર બોઝ (ક) જવાહરલાલ નહેરુ (ડ) ચંદ્રશેખર આઝાદ

(6) 'હું કાગડા-કૂતરાને મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના પાછો નહિ ફરું.' - આ ઉક્તિ કોની છે ?

(અ) ગાંધીજી (બ) લોકમાન્ય ટિળક (ક) મંગલ પાંડે (ડ) સરદાર વ. પટેલ

(7) 'હિંદ છોડો' આંદોલન ઑગસ્ટ માસની કઈ તારીખે, કઈ સાલમાં શરૂ થયું હતું ?

(અ) 08-08-1942 (બ) 14-08-1936 (ક) 15-08-1930 (ડ) 26-08-1944

(8) ઈ.સ.1929માં પાર્લામેન્ટમાં બૉમ્બ ફેંકવામાં વીર ભગતસિંહના સાથી નીચેનામાંથી કોણ હતા ?

(અ) મદનલાલ ધીંગરા (બ) રામપ્રસાદ બિસ્મિલ (ક) વીર સાવરકર (ડ) બટુકેશ્વર દત્ત

(9) સ્વાતંત્ર્યની લડતમાં ક્રાંતિકારી લડવૈયા 'લાલ-બાલ-પાલ'માં 'લાલ' શબ્દ કોના માટે વપરાયેલ છે ?

(અ) બાલગંગાધર ટિળક (બ) લાલબહાદુર શાસ્ત્રી (ક) લાલા લજપતરાય (ડ) તાત્યા ટોપે

(10) 1857ના વિપ્લવને 'સ્વાતંત્ર્યસંગ્રામ' કહેનાર પ્રથમ ભારતીય નેતા કોણ હતા ?

(અ) નાનાસાહેબ પેશ્વા (બ) શ્યામજી કૃષ્ણ વર્મા (ક) વાસુદેવ ફડકે (ડ) વિનાયકરાવ સાવરકર

(11) 'પંજાબ કેસરી (શેરે પંજાબ)' તરીકે કયા ક્રાંતિકારી ઓળખાય છે ?

(અ) લાલા લજપતરાય (બ) સરદારસિંહ રાવ રાણા (ક) દેશબંધુ ચિત્તરંજનદાસ (ડ) વીર ભગતસિંહ

(12) ભારતના સ્વરાજની લડતમાં 12 માર્ચ, 1930 ની તારીખ-વર્ષનું મહત્ત્વ કઈ ઘટનાના આધારે છે ?

(અ) અસહકાર આંદોલન (બ) દાંડીકૂચ (ક) 'હિંદ છોડો'ની લડત (ડ) ખિલાફત આંદોલન

**ભ્રાતૃભાવથી કરેલી સેવા કરતાં આત્મભાવથી કરેલી સેવા ઉત્તમ છે. - રામકૃષ્ણ પરમહંસ**

(13) 1857ના વિપ્લવના પ્રથમ શહીદ કોણ હતા ?

(અ) તાત્યા ટોપે (બ) નાનાસાહેબ પેશ્વા (ક) ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ (ડ) મંગલ પાંડે

(14) 'જલિયાંવાલા બાગ'નો હત્યાકાંડ ક્યાં થયો હતો ? કઈ સાલમાં ?

(અ) 12 એપ્રિલ-1918 માં પતિયાલામાં (બ) 10 એપ્રિલ-1920માં પઠાણકોટમાં

(ક) 13 એપ્રિલ-1919માં અમૃતસરમાં (ડ) 08 એપ્રિલ-1921માં કોલકાતામાં

(15) 'અભિનવ ભારત' નામે છૂપી ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?

(અ) અરવિંદ ઘોષ (બ) ચંદ્રશેખર આઝાદ (ક) વીર સાવરકર (ડ) સુભાષચંદ્ર બોઝ

(16) 'આઝાદ હિંદ ફોજ'ની સર્વપ્રથમ રચના કોણે કરી હતી ?

(અ) કેપ્ટન મોહનસિંગે (બ) ચન્દ્રશેખર આઝાદે (ક) સુભાષચંદ્ર બોઝે (ડ) ખુદીરામ બોઝે

(17) I.N.A. (ઈન્ડિયન નેશનલ આર્મી)ની સ્થાપના નેતાજી સુભાષચંદ્રે કયા દેશમાં કરી હતી ?

(અ) બર્મા (બ) જર્મની (ક) થાઈલૅન્ડ (ડ) અફઘાનિસ્તાન

(18) 'કાકોરી ષડ્યંત્ર'માં પ્રમુખ વ્યક્તિ કોણ હતા ?

(અ) વીર ભગતસિંહ (બ) રામપ્રસાદ બિસ્મિલ (ક) ચંદ્રશેખર આઝાદ (ડ) સુખદેવ

(19) નોંધપાત્ર ઐતિહાસિક ઘટનાઓને શરૂથી પછીના ક્રમમાં ગોઠવો.

(અ) જલિયાંવાલા બાગ હત્યાકાંડ (બ) બંગાળના ભાગલા

(ક) 'હિંદ છોડો' ચળવળનો આરંભ (ડ) મહાત્મા ગાંધીની દાંડીકૂચ યાત્રા

(અ) ડ, ક, બ, અ (બ) બ, અ, ડ, ક (ક) અ, બ, ડ, ક (ડ) ક, બ, ડ, અ

(20) નીચેના ઐતિહાસિક બનાવોનો કાળક્રમ કયો છે ?

(1) પહેલી ગોળમેજી પરિષદ (2) દાંડીકૂચ

(3) ગાંધી ઈરવીન કરાર (4) સવિનય કાનૂન ભંગ ચળવળ

(અ) 2, 3, 4, 1 (બ) 2, 4,1, 3 (ક) 2, 4,3, 1 (ડ) 4, 2, 3, 1

(21) 1916માં પૂણેમાં થયેલ હોમરૂલ ચળવળ-મહારાષ્ટ્રના પ્રણેતા કોણ હતા ?

(અ) લોકમાન્ય ટિળક (બ) ડૉ. એની બેસન્ટ (ક) સુરેન્દ્રનાથ બેનરજી (ડ) બાબુ ચિત્તરંજનદાસ

(22) ભારતને સ્વતંત્રતા મળ્યા પહેલાં 'સીધાં પગલાં' (Direct Action)નું આહ્‌વાન કોણે કર્યું હતું ?

(અ) જવાહરલાલ નહેરુ (બ) ગાંધીજી (ક) મહંમદઅલી ઝીણા (ડ) શ્યામાપ્રસાદ મુખરજી

(23) કઈ ચળવળ દરમિયાન બાળ ગંગાધર ટિળક 'લોકમાન્ય' કહેવાયા ?

(અ) હોમરૂલ (બ) બંગભંગ (ક) ખિલાફત (ડ) અસહકાર

(24) સ્વદેશીની ચળવળ ક્યારે શરૂ થઈ ?

(અ) અસહકારની ચળવળ દરમિયાન (બ) બંગભંગની લડત દરમિયાન

(ક) ખિલાફત આંદોલન દરમિયાન (ડ) સવિનય કાનૂનભંગ દરમિયાન

**સેવાનો આધાર પૈસો નથી, પરંતુ હૃદય અને ઇચ્છા છે.**

(25) ક્રાંતિકારી વીર ભગતસિંહ- સુખદેવ - રાજગુરૂને ફાંસીની સજા કયારે કરવામાં આવી ?

(અ) 23 માર્ચ, 1930 (બ) 23 માર્ચ, 1932 (ક) 23 માર્ચ, 1931 (ડ) 23 માર્ચ, 1929

(26) નીચેના પૈકી કયા ક્રાંતિવીર ગુજરાત સાથે સંબંધ ધરાવતા નથી ?

(અ) શ્યામજી કૃષ્ણ વર્મા (બ) રાજગુરૂ (ક) સરદારસિંહ રાણા (ડ) મેડમ ભીખાઈજી કામા

(27) 1857ના વિપ્લવ દરમિયાન મહત્ત્વનો ભાગ ભજવનાર કયા નેતા ગુજરાતમાં આવ્યા હતા ?

(અ) તાત્યા ટોપે (બ) ખુદીરામ બોઝ (ક) બિપિનચંદ્ર પાલ (ડ) મદનલાલ ધીંગરા

(28) ભારતની આઝાદીના આંદોલનમાં 'ત્રિપુટી' તરીકે ઓળખાતા રાષ્ટ્રીય નેતાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ નથી થતો ?

(અ) બાલગંગાધર ટિળક (બ) બિપિનચંદ્ર પાલ (ક) લાલબહાદુર શાસ્ત્રી (ડ) લાલા લજપતરાય

(29) 'અનુશીલન સમિતિ' નામે ક્રાંતિકારી મંડળી ક્યાં સ્થપાઈ હતી ?

(અ) પંજાબ (બ) મહારાષ્ટ્ર

(ક) બંગાળ (ડ) મધ્યપ્રદેશ

(30) ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે હિંસાના બનાવ પછી કયું આંદોલન સંકેલી લેવાયું ?

(અ) સવિનય કાનૂન ભંગ (બ) ખિલાફત આંદોલન (બ) 'હિંદ છોડો' (ડ) અસહકાર આંદોલન

(31) ક્રાંતિવીર મદનલાલ ધીંગરાએ કયા શહેરમાં અંગ્રેજ અધિકારીની હત્યા કરી હતી ?

(અ) ન્યૂયોર્ક (બ) દિલ્હી (ક) લંડન (ડ) અમૃતસર

(32) કયા ક્રાંતિવીરે જલિયાંવાલા બાગના હત્યાકાંડનો બદલો લેવા માટે જનરલ ડાયરનું ખૂન કર્યું હતું ?

(અ) અવતારસિંહ અહલૂવાલિયા (બ) સરદાર ઉધમસિંહ

(ક) ચન્દ્રશેખર આઝાદ (ડ) વાસુદેવ ફડકે

(33) કયા સ્થળે થયેલી હિંસાત્મક ઘટનાને કારણે અસહકારનું આંદોલન મોકૂફ રખાયું હતું ?

(અ) દિલ્હી (બ) કોલકાતા (ક) ચૌરીચૌરા (ડ) અમૃતસર

(34) કયા રાષ્ટ્રવાદી નેતાએ 'યુગાન્તર' નામે અખબાર શરૂ કર્યું હતું ?

(અ) બિપિનચંદ્ર પાલ (બ) બાળગંગાધર ટિળક (ક) બારીન્દ્ર ઘોષ (ડ) અરવિંદ ઘોષ

(35) મહારાષ્ટ્રમાં 'ચાફેકર બંધુઓ' નામથી જાણીતા બે ક્રાંતિકારીઓનાં નામ ક્યા છે ?

(અ) વિષ્ણુ-ગણેશ (બ) વાસુદેવ-ખુદીરામ

(ક) બાલકૃષ્ણ-દામોદર (ડ) દેશબંધુ ચિત્તરંજનદાસ - તાત્યા ટોપે

(36) મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી પ્રવૃત્તિના પ્રણેતા કોણ હતા ?

(અ) વીર વિનાયકરાવ સાવરકર (બ) લોકમાન્ય ટિળક (ક) ચાફેકર બંધુઓ (ડ) વાસુદેવ ફડકે

**સેવામાર્ગ ભક્તિમાર્ગથી પણ ઊંચો છે. - સુદર્શન**

(37) જોડકાં ગોઠવો :

| (1) | (2) |
|---|---|
| (ક) 'કેસરી' અને 'મરાઠા' | (1) અરવિંદ ઘોષ |
| (ખ) કોમનવીલ | (2) લોકમાન્ય ટિળક |
| (ગ) ઈન્ડિયન એસોસિએશન | (3) ડૉ. એની બેસન્ટ |
| (ઘ) અલીપુર ષડ્યંત્ર કેસ | (4) સુરેન્દ્રનાથ બેનરજી |

વિકલ્પો : (અ) 2, 3,4, 1 (બ) 3,2 1,4 (ક) 1,3 4, 2 (ડ) 4, 2, 3, 1

(38) 1857ના વિપ્લવમાં અંગ્રેજો સામે લડતાં લડતાં ઘાયલ થયેલ રાણી લક્ષ્મીબાઈ (મનુ) માટે 'ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી.' - પંક્તિ કોણે રચી હતી ?

(અ) ચંદ્રિકા દત્ત (બ) સુમિત્રાનંદન પંત (ક) સુભદ્રાકુમારી ચૌહાણ (ડ) અવનિ મુખરજી

(39) 1857ના વિપ્લવમાં ભાગ લેનાર નાનાસાહેબ (ધોંડો પંત) કોના દત્તકપુત્ર હતા ?

(અ) બાજીરાવ-1 (બ) બાજીરાવ-2 (ક) નાના ફડનવીસ (ડ) બાલાજી વિશ્વનાથ

(40) ભારતની સ્વાતંત્ર્ય ચળવળના સંદર્ભમાં નીચેની ઘટનાઓને યોગ્ય સમયાનુક્રમમાં ગોઠવો.

(1) હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના (2) બંગભંગની લડત

(3) હોમરૂલ ચળવળ (4) કૉંગ્રેસનું સુરત અધિવેશન

(અ) 1, 2, 4, 3 (બ) 1, 3, 2, 4 (ક) 1, 4, 2,3 (ડ) 1,4, 3, 2

(41) કઈ ચળવળે સર્વપ્રથમ 'સ્વદેશ' અને 'બહિષ્કાર'નો આદર્શ આપ્યો ?

(અ) બંગભંગ (બ) ખેડા સત્યાગ્રહ (ક) અસહકાર (ડ) દાંડીકૂચ

(42) લાલા હરદયાળે ગદર પાર્ટી કયા દેશમાં સ્થાપી હતી ?

(અ) કેનેડા (બ) સિંગાપોર (ક) જાપાન (ડ) ઈંગ્લૅન્ડ

(43) ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારીઓની પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ શો હતો ?

(અ) બ્રિટિશ શાસનમાં થતા અન્યાયોમાંથી મુક્તિ (બ) વિદેશી શાસનમાંથી માતૃભૂમિની મુક્તિ

(ક) બંધારણીય માર્ગે સ્વરાજ પ્રાપ્તિ (ડ) ક્રાંતિ દ્વારા રાષ્ટ્રવાદનો વિકાસ

(44) કોને 'બૉમ્બ યુગના બ્રહ્મા' કહેવામાં આવ્યા હતા ?

(અ) સરદાર ભગતસિંહ (બ) અરવિંદ ઘોષ (ક) બારીન્દ્ર ઘોષ (ડ) ખુદીરામ બોઝ

(45) સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન ગુજરાતમાં થયેલો સૌપ્રથમ સત્યાગ્રહ કયો છે ?

(અ) ચૌરીચૌરા સત્યાગ્રહ (બ) બારડોલી સત્યાગ્રહ (ક) ખિલાફત સત્યાગ્રહ (ડ) ખેડા સત્યાગ્રહ

(46) કયા દેશની મદદથી સિંગાપુરમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા 'આઝાદ હિંદ ફોજ'ની નવેસરથી રચના કરવામાં આવી હતી ?

(અ) ફ્રાન્સ (બ) જર્મની (ક) જાપાન (ડ) ઈંગ્લૅન્ડ

**જે પ્રદર્શન કર્યા વગર સેવા કરે છે તે તત્કાળ ઊંચાઈ ઉપર પહોંચી જાય છે. - વૃન્દાવનલાલ વર્મા**

(47) 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ'- પંક્તિ કોણે રચી હતી ?

(અ) અશરફ ઉલ્લા (બ) મહંમદ ઈકબાલ (ક) રામપ્રસાદ બિસ્મિલ (ડ) સાહિર લુધિયાન્વી

(48) 18મી ઑગસ્ટ નીચેનામાંથી કયા ક્રાંતિકારી નેતાની પુણ્યતિથિ છે ?

(અ) સુખદેવ (બ) વીર ભગતસિંહ (ક) ખુદીરામ બોઝ (ડ) સુભાષચંદ્ર બોઝ

(49) 'આઝાદ હિંદ ફોજ'ના જે ત્રણ સૈનિકોનો લાલ કિલ્લા, દિલ્હી ખાતે ખાસ મુકદ્દમો ચાલ્યો હતો, તેમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(અ) મેજર સહગલ (બ) કર્નલ ધિલોન (ક) જનરલ શાહનવાજ (ડ) મદનલાલ ધીંગરા

(50) ભારતને આઝાદી કયારે મળી ?

(અ) 14 ઑગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ બારના ટકોરે

(બ) 15 ઑગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ બારના ટકોરે

(ક) 26 જાન્યુઆરી, 1950ની વહેલી સવારે ચારના ટકોરે

(ડ) 26 જાન્યુઆરી, 1950ની મધ્યરાત્રિએ બારના ટકોરે

**: જવાબો :**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ક | (11) | અ | (21) | અ | (31) | ક | (41) | અ |
| (2) | બ | (12) | બ | (22) | ક | (32) | બ | (42) | અ |
| (3) | અ | (13) | ડ | (23) | અ | (33) | ક | (43) | બ |
| (4) | ડ | (14) | ક | (24) | બ | (34) | ક | (44) | ક |
| (5) | બ | (15) | ક | (25) | ક | (35) | ક | (45) | ડ |
| (6) | અ | (16) | અ | (26) | બ | (36) | ડ | (46) | ક |
| (7) | અ | (17) | અ | (27) | અ | (37) | અ | (47) | બ |
| (8) | ડ | (18) | બ | (28) | ક | (38) | ક | (48) | ડ |
| (9) | ક | (19) | બ | (29) | ક | (39) | બ | (49) | ડ |
| (10) | ડ | (20) | બ | (30) | ડ | (40) | અ | (50) | અ |

**સંપર્ક : શ્રીમતી આર. સી. પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, ઘ-6 પાસે, સૅક્ટર-23, ગાંધીનગર-382023**

**માણસ સ્વતંત્ર અને સ્વાશ્રયી બને, એ પણ એક ખરી અને સંગીન સેવા છે. - ડબલ્યુ. ઈ. ગ્લૅડસ્ટન**

## અગત્યની સૂચના

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ધોરણ-10 અને ધોરણ-12 ના તમામ વિદ્યાર્થીઓ માટે ગુણપત્રક, પ્રમાણપત્ર, માઈગ્રેશન અને ડિપ્લોમા અને ITI ના વિદ્યાર્થીઓને ધોરણ-10 કે ધોરણ-12 સમકક્ષ પરીક્ષા પાસ કરેલ છે તેવું સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા માટે ''વિદ્યાર્થી સેવા કેન્દ્ર'' બોર્ડની ગાંધીનગરની કચેરી ખાતે કાર્યરત છે.

ઉપરોક્ત તમામ સેવાઓ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-2020 થી Online અરજી કરીને સ્પીડ પોસ્ટથી અરજદારે દર્શાવેલ સરનામા પર મોકલવાની વ્યવસ્થા ઊભી કરેલ છે. જેથી કોઈપણ અરજદારે COVID-19 ની આ પરિસ્થિતિમાં પ્રવાસ કર્યા સિવાય ઘરે બેઠાં Online અરજી કરવાથી સરળતાથી સ્પીડ પોસ્ટ મારફતે મળે તેવી સુવિદ્યા ઉપલબ્ધ કરેલ છે. ઓનલાઈન પ્રક્રિયા માટે બોર્ડની વેબસાઈટ www.gsebeservice.com ઉપર જઈ Student મેનુ ઉપર ક્લીક કર્યા બાદ Online student services માં જવાનું રહેશે. COVID-19 ની પરિસ્થિતિ ધ્યાને લેતાં કોઈપણ વિદ્યાર્થી કે વાલીએ બોર્ડની કચેરીમાં રૂબરૂમાં આવવાનું ટાળવું જોઈએ. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જો કોઈપણ વિદ્યાર્થી કે વાલીને ઉપરોક્ત સેવાઓ સંબંધિત તકલીફ જણાય તો સ્ટુડન્ટ સર્વિસ સેન્ટરના સંપર્ક નંબર - 079 23252104 ઉપર કચેરીના કામકાજના સમય દરમિયાન રિસેસના ગાળા સિવાયના સમયમાં પૃચ્છા કરી શકાશે. તેમજ કોઈ લેખિત રજૂઆત કરવી હોય તો ઈ-મેઈલ : gsebeservice@gmail.com ઉપર કરી શકાશે.

શાળાના આચાર્યશ્રીઓ, વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી છે.

**ડી. એસ. પટેલ**
**સચિવ**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' છે. જેમાં ધોરણ-9 થી 12 ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEET ની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર 'GSHSEB Gandhinagar' લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા એક લાખને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા 90 લાખને આંબી ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscribe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી.એન.રાજગોર**
સંયુક્ત નિયામક
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સેવાથી શત્રુ પણ મિત્ર થઈ જાય છે. - વાલ્મીકિ**

## વહીવટી વિભાગ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ (સુધારેલ)-2005માં વિનિયમ 29(4)ની નવી જોગવાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/2005/1233/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 20/07/2021

**વંચાણે લીધા :**

(1) શિક્ષણ વિભાગનો તા.19-06-2021નો ઠરાવ ક્રમાંક : મશબ/1221/741/છ.

(2) ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગરનો તા.29-06-2021નો પત્ર ક્રમાંક : મઉમશબ/ક/વિનિ.સુ/2021/320.

**ઠરાવ :**

શિક્ષણ વિભાગના આમુખ ક્રમાંક (1) સામેના તા.19-06-2021ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા)-2005ના વિનિયમ 40(1) અને 40(4)માં વર્ષ-2021 પુરતા સુધારા કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા)-2005 માં વિનિયમ-29(4) તરીકેની જોગવાઈ દાખલ કરવા માટે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલ)-2005 માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-29માં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**વિનિયમ ક્રમાંક : 29(4)**

કોરોના (કોવિડ-19)ની પરિસ્થિતિમાં બોર્ડની જાહેર પરીક્ષાનું આયોજન ન થઈ શકવાના કારણે ધોરણ-12ના ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા મે-2021ના તમામ પ્રવાહના નોંધાયેલ નિયમિત ઉમેદવાર માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયા મુજબની ગુણાંકન પદ્ધતિ અનુસાર પરિણામ તૈયાર કરવામાં આવનાર છે.

આ પરિણામથી અસંતુષ્ટ હોય તેવા ઉમેદવારો પરિણામ જાહેર થયાની તારીખથી 15 દિવસમાં તેઓની શાળા દ્વારા આવા ઉમેદવારો માટે ભવિષ્યમાં બોર્ડ દ્વારા લેવાનાર ખાસ પરીક્ષામાં ઉપસ્થિત થઈ પરીક્ષા આપશે તે મતલબની બોર્ડ દ્વારા નિયત કરેલ ફોર્મમાં તેઓની સંમતિ આપશે. સંબંધિત શાળાએ તે અંગેની જાણ તાત્કાલિક ઈ-મેઈલથી બોર્ડમાં સંબંધિત પરીક્ષા સચિવશ્રીને કરવાની રહેશે. સંમતિ નિયત સમયમર્યાદામાં મળશે તો જ આવા વિદ્યાર્થીને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા દેવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ 2020-21ના વર્ષ પુરતી માત્ર વર્ષ 2021 માટે અલગથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા યોજવામાં આવશે. ત્યારબાદ આ જોગવાઈ આપોઆપ રદ થયેલી ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી. એસ. પટેલ)**
સેક્સન અધિકારી
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સૅકટર-10/બી, ગાંધીનગર
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, મારફત
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ
- સિલેકટ ફાઈલ

**ગરીબ માણસો પોતે પોતાની સ્થિતિ સુધારી શકે એવી શક્તિ તેમને આપવામાં જ ખરી સેવા રહેલી છે. - આર્યબીશપ સુન્નર**

ક્રમાંક : જીસીઈઆરટી/Science/22719-752
**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર.
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 13-8-2021

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિ.શિ.તા. ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય : On Line Nominations for 2021-22 under revamped (INSPIRE Award Scheme-MANAK)

સંદર્ભ : NIF, New Delhi Letter dated - 16/07/2021.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે INSPIRE Award Scheme-MANAK અન્વયે વર્ષ 2021-22 માટે ઑનલાઈન શાળા રજિસ્ટ્રેશન અને નોમીનેશન કરવાની શરૂઆત 15 જુલાઈ, 2021 થી શરૂ થયેલ છે, અને તા.15-10-21ના રોજ બંધ થશે. આપની કક્ષાએથી આ બાબતને ટોચઅગ્રતા આપી તમામ એસવીએસ કન્વીનરશ્રી/ટીપીઈઓ/ બીઆરસી / સીઆરસી અને તમામ શાળાઓને આ અંગે જાણ કરવા વિનંતી.

National Innovation Foundation, New Delhi તરફથી આવેલ પત્ર આ સાથે સામેલ છે. તમામ ડાયટ પાસે આ અંગેની માર્ગદર્શિકા ઉપલબ્ધ છે. આ યોજના અન્વયે ડાયટના ડિસ્ટ્રીક નોડલ ઑફિસર દ્વારા આપનો સંપર્ક કરવામાં આવશે. ડાયટ અને આપની કચેરીના સંયુક્ત ઉપક્રમે સંબંધિત સાથે (એસવીએસ કન્વીનરશ્રી/ ટીપીઈઓ/ બીઆરસી / સીઆરસી) તાલુકા કક્ષાએ તાલીમનું આયોજન કરી જિલ્લાઓની મહત્તમ શાળાઓ દ્વારા રજિસ્ટ્રેશન અને નોમીનેશન કરવામાં આવે એ અપેક્ષિત છે. ડાયટના તાલુકા લાયઝન દ્વારા આ બેઠકનું આયોજન કરવાનું રહેશે. ડિસ્ટ્રીક નોડલ ઑફિસર દ્વારા દર 15 દિવસે આ કામગીરીનો રીવ્યુ કરી થયેલ નોમીનેશનનો ડેટા સ્ટેટ લેવલે મોકલવાનો રહેશે. કોઈ એક શાળા દ્વારા મહત્તમ 5 best original ideas/ innovations NIF- પત્રમાં જણાવેલ લીંક પર અપલોડ કરવાના રહેશે. જે શાળાઓ E-MIAS Web Portal પર હજુ સુધી રજિસ્ટર થઈ નથી તે શાળાઓએ પણ આ Portal પર રજિસ્ટ્રેશન કરી ઑનલાઈન નોમીનેશન અંગેની કાર્યવાહી કરવાની થાય છે. ડાયટના ડિસ્ટ્રીક નોડલ ઑફિસર દ્વારા આ અંગે વિગતવાર માહિતી આ બેઠકમાં આપવામાં આવશે.

આભાર સહ...

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ :
- Dr. Vipin Kumar, Director, NIF-Gandhinagar

**સેવાધર્મ એટલો તો ગહન છે કે, યોગી લોકો પણ તેને પહોંચી શકતા નથી. - મહાવીર સ્વામી**

## Gujarat Council of Educational Research and Training
## Gandhinagar, Gujarat
## List of SNO, Asst. SNO and DNO For Inspire Award Scheme-MANAK

| Sr.No. | Name | Desig. | Institutes/District | Contact No. |
|---|---|---|---|---|
| 1 | Dr. T. S. Joshi | Director & State Nodal Officer | GCERT-Gujarat | |
| 2 | Dr. Vijay S. Patel | Reader & Assi. SNO | GCERT-Gujarat | 9898145490 |
| 3 | Hiren Vyas | DNO | DIET-Navsari | 9428743712 |
| 4 | Dr. Kiranben Modi | DNO | DIET-Patan | 9374430180 |
| 5 | Mr. L. Ninama | DNO | DIET-Dahod | 8140116137 |
| 6 | P. I. Patel | DNO | DIET-Mahesana | 9428459061 |
| 7 | Dr. Dinesh Tiwari | DNO | DIET-Amdavad(U) | 9428123101 |
| 8 | Harshaben Joshi | DNO | DIET-Amdavad(R) | 9825199649 |
| 9 | Kamlesh Tintinsara | DNO | DIET- Idar | 9428133819 |
| 10 | R. L. Jitpara | DNO | DIET- Arrvalli | 7990719131 |
| 11 | Dr. M. R. Raval | DNO | DIET -Gandhinagar | 9106086430 |
| 12 | Divyaprabha Kritchiyan | DNO | DIET-Vadodara | 9825867132 |
| 13 | Asutosh Vyas | DNO | DIET- Junagadh | 9427274047 |
| 14 | Dr. Meeraben Vyas | DNO | DIET- Girsomnath | 7069008445 |
| 15 | Piyush Maheta | DNO | DIET-Surendranagar | 9428247130 |
| 16 | Dr. Jagdish L. Patel | DNO | DIET-Surat | 9427051031 |
| 17 | Rashmi Patel | DNO | DIET -Tapi | 9427051031 |
| 18 | C. K. Desai | DNO | DIET-Banaskantha | 9913833646 |
| 19 | Utaplaben Maheta | DNO | DIET-Anand | 7016210047 |
| 20 | Hitendra Patel | DNO | DIET- Mahisagar | 9409394340 |
| 21 | Umesh Chauhan | DNO | DIET-Panchmahal | 9429089232 |
| 22 | Nilesh Chanpaneri | DNO | DIET-Amreli | 9879499565 |
| 23 | Kalpesh Patel | DNO | DIET-Khathalal-Kheda | 9978100570 |
| 24 | Robin Bhagat | DNO | DIET- Rajpipala | 9898284814 |
| 25 | P. B. Patel | DNO | DJET-Bharuch | 9426856134 |
| 26 | UmabenTanna | DNO | DIET-Rajkot | 9099966467 |
| 27 | Dipali Vadgama | DNO | Morbi | 9428842470 |
| 28 | AshwinbhaiSuthar | DNO | DIET-Kutch-Bhuj | 8141914878 |
| 29 | Dr. Axaysagar Maheta<br>Yajushiben Joshi | DNO | DIET-Bhavnagar and Botad | 9265657505<br>9898923618 |
| 30 | Dr. Darshanaben Patel | DNO | DIET-Valsad | 9979628019 |
| 31 | Chetan Pancholi | DNO | DIET -Dang | 9426890197 |
| 32 | S. J. Jani | DNO | DIET-Jamnagar and Devbhumi Dwarka | 9427514635 |
| 33 | Dr. M. V. Vekaria | DNO | DIET- Porbandar | 9428014880 |

જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે .- પ્રેમચંદજી

## પરીક્ષણ વિભાગ

**અગત્યનું**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/3780-3817
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.
તા.03-08-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય

**વિષય :** ધોરણ-10ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.
**સંદર્ભ :** 1) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2019/2046-80, તા.04-06-2019
2) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/1119/857/છ, તા.14-07-2021

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(2) દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ 2021-22 થી ધોરણ-10 ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-10નું ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એક સરખું જ રહેશે. શાળા કક્ષાએ કે વર્ગખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહીં. ધોરણ-10ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ-અલગ રહેશે. બંને પ્રકારના પરિરૂપમાં પ્રકરણવાર ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર અલગ-અલગ રાખવાના રહેશે. ઉક્ત ઠરાવની નકલ અત્રેથી તા.14-07-2021ના રોજ આપને જાણ સારુ તથા આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી કાર્યવાહી કરવા સારુ મોકલી આપવામાં આવેલ છે.

સંદર્ભ-(1) દર્શિત પત્ર અન્વયે અત્રેની કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ-2019-20 થી અમલી બનેલ પરીક્ષા પદ્ધતિ મુજબ ધોરણ-10 ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓને તેમના જિલ્લાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત ધોરણ-10 વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર શૈક્ષણિક વર્ષ 2021-22 થી ધોરણ-10ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણવાનું રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2021-22 થી ધોરણ-10ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત બેઝિક માટે પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર તજજ્ઞો દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે, જે આ સાથે સામેલ છે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :**
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**
- પરીક્ષા સચિવશ્રી (SSC) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

**દ્વેષ અને કપટનો ત્યાગ કરો. સંગઠિત બનીને અન્યની સેવા કરવાનું શીખો. આની આપણા દેશને સૌથી વધુ જરૂર છે. - સ્વામી વિવેકાનંદ**

# ધોરણ-10 ગણિત (બેઝિક)
## વાર્ષિક પરીક્ષા
## પ્રશ્નપત્રનું પરિરૂપ

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 32 | 28 | 16 | 02 | 02 | 80 |
| ટકા | 40% | 35% | 20% | 2.5% | 2.5% | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 |
| 2. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 10 | 20 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 08 | 24 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 03 | 12 |
| | કુલ | **45** | **80** |

**પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1 | વાસ્તવિક સંખ્યાઓ | 02 |
| 2 | બહુપદીઓ | 06 |
| 3 | દ્વિચલ સુરેખ સમીકરણ યુગ્મ | 04 |
| 4 | દ્વિઘાત સમીકરણ | 04 |
| 5 | સમાંતર શ્રેણી | 08 |
| 6 | ત્રિકોણ | 04 |
| 7 | યામ ભૂમિતિ | 06 |
| 8 | ત્રિકોણમિતિનો પરિચય | 04 |
| 9 | ત્રિકોણમિતિનો ઉપયોગ | 02 |
| 10 | વર્તુળ | 04 |
| 11 | રચના | 04 |
| 12 | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ | 02 |
| 13 | પૃષ્ઠફળ અને ઘનફળ | 06 |
| 14 | આંકડાશાસ્ત્ર | 14 |
| 15 | સંભાવના | 10 |
| | કુલ | **80** |

**આપણે કરેલી સેવાની સામી વ્યક્તિને વારંવાર યાદ દેવરાવવી એ સેવાનો બદલો લેવા બરાબર જ છે. - મોરારિ બાપુ**

# BLUE PRINT
## વાર્ષિક પરીક્ષા

ધોરણ : 10 | વિષય : ગણિત (બેઝિક) | કુલ ગુણ : 80 | સમય : 3 કલાક

| ક્રમ નંબર | પ્રકરણનું નામ | જ્ઞાન (Knowledge) | | | | સમજ (Understanding) | | | | ઉપયોજન (Application) | | | | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય (Higher Order Thinking Skill) | | | | | | | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | સંયોજન/વિશ્લેષણ (Synthesis/Analysis) | | | | અનુમાન/મૂલ્યાંકન (Interential/Evaluative) | | | | |
| | | OBV 1 Mark | SA-I 2 Marks | SA-II 3 Marks | LA 4 Marks | OBV 1 Mark | SA-I 2 Marks | SA-II 3 Marks | LA 4 Marks | OBV 1 Mark | SA-I 2 Marks | SA-II 3 Marks | LA 4 Marks | OBV 1 Mark | SA-I 2 Marks | SA-II 3 Marks | LA 4 Marks | OBV 1 Mark | SA-I 2 Marks | SA-II 3 Marks | LA 4 Marks | |
| 1. | વાસ્તવિક સંખ્યાઓ | 2(2) | | | | | | | | | | | | | | | | | | | | 02 |
| 2. | બહુપદીઓ | 3(3) | | | | | 2(1)* | | | 1(1) | | | | | | | | | | | | 06 |
| 3. | દ્વિચલ સુરેખ સમી. યુગ્મ | 1(1) | | | | | | 3(1)* | | | | | | | | | | | | | | 04 |
| 4. | દ્વિઘાત સમીકરણ | 1(1) | | | | | | 3(1) | | | | | | | | | | | | | | 04 |
| 5. | સમાંતર શ્રેણી | 3(3) | 2(1)* | | | | | 3(1) | | | | | | | | | | | | | | 08 |
| 6. | ત્રિકોણ | | | | | | | | | | | | 4(1)* | | | | | | | | | 04 |
| 7. | યામ ભૂમિતિ | 1(1) | | | | | | 3(1)* | | | | | | | 2(1) | | | | | | | 06 |
| 8. | ત્રિકોણમિતિનો પરિચય | 2(2) | | | | | 2(1)* | | | | | | | | | | | | | | | 04 |
| 9. | ત્રિકોણમિતિનો ઉપયોગ | | | | | | | | | | 2(1) | | | | | | | | | | | 02 |
| 10. | વર્તુળ | | | | | 1(1) | 2(1) | | | 1(1) | | | | | | | | | | | | 04 |
| 11. | રચના | | | | | | | | | | | | 4(1) | | | | | | | | | 04 |
| 12. | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ | | | | | 1(1) | | | | 1(1) | | | | | | | | | | | | 02 |
| 13. | પૃષ્ઠફળ અને ઘનફળ | | 2(1)* | | | 1(1) | | 3(1) | | | | | | | | | | | | | | 06 |
| 14. | આંકડાશાસ્ત્ર | 2(2) | | 6(2) | | | | | 4(1) | | | | | | | | | | 2(1) | | | 14 |
| 15. | સંભાવના | 3(3) | 4(2) | | | | | | | | | 3(1)* | | | | | | | | | | 10 |
| | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | SUB TOTAL | 18(18) | 8(4) | 6(2) | | 3(3) | 6(3) | 15(5) | 4(1) | 3(3) | 2(1) | 3(1) | 8(2) | | 2(1) | | | | 2(1) | | | 80 (45) |
| | TOTAL | 32(24) | | | | 28(12) | | | | 16(7) | | | | 2(1) | | | | 2(1) | | | | 80 (45) |

નોંધ :
1. કૌંસની અંદરનો અંક પ્રશ્નોની સંખ્યા દર્શાવે છે તથા કૌંસની બહારનો અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
2. * (ફૂદડી ચિહ્ન)એ પ્રશ્નમાં વિકલ્પ દર્શાવે છે.
3. આ બ્લ્યૂપ્રિન્ટ નમૂનારૂપ છે, જેના આધારે આપેલ પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવેલ છે.
4. અન્ય નવા પ્રશ્નપત્ર માટે પ્રકરણવાર ફાળવેલ ગુણભારની મર્યાદામાં અલગ બ્લ્યૂપ્રિન્ટ હોઈ શકે.

બીજાઓની આપણે જે સેવા કરીએ છીએ તે ખરેખર તો આ પૃથ્વી ઉપરના આપણા રહેઠાણનું ભાડું છે. - વીલફ્રેડ ગ્રેનફલ

# ધોરણ-10
## વિષય : ગણિત (બેઝિક)
## પ્રશ્નપત્રનું માળખું

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

---

### વિભાગ - A (હેતુલક્ષી પ્રશ્નો)

- પ્રશ્નક્રમ 1 થી 24 (24 પ્રશ્નો) (દરેક સાચા ઉત્તરનો 1 ગુણ રહેશે.) (24)
- બધા જ પ્રશ્નો ફરજિયાત રહેશે.
- આ વિભાગમાં હેતુલક્ષી પ્રશ્નો જેવા કે MCQ (બહુવિકલ્પ પ્રશ્નો), ખરાં-ખોટાં વિધાનો, ખાલી જગ્યાઓ, એક શબ્દ / વાક્ય / આંકડામાં જવાબ આપો વગેરે પ્રકારનાં પ્રશ્નો પૂછી શકાય.

### વિભાગ -B (ટૂંક જવાબી પ્રશ્નો)

- પ્રશ્ન ક્રમાંક 25 થી 34 (10 પ્રશ્નો) (દરેક સાચા ઉત્તરના 2 ગુણ રહેશે.) (20)
- કોઈપણ 4 પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ આપવો.

### વિભાગ- C (ટૂંક જવાબી પ્રશ્નો)

- પ્રશ્ન ક્રમાંક 35 થી 42 (8 પ્રશ્નો) (દરેક સાચા ઉત્તરના 3 ગુણ) (24)
- કોઈપણ 3 પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ આપવો.

### વિભાગ- D (લાંબા પ્રશ્નો)

- પ્રશ્ન ક્રમાંક 43 થી 45 (3 પ્રશ્નો) (દરેક સાચા ઉત્તરના 4 ગુણ) (12)
- કોઈપણ 1 પ્રશ્નમાં આંતરિક વિકલ્પ આપવો.

**વિદ્યાર્થી શિક્ષકપરાયણ હોવો જોઈએ, શિક્ષક વિદ્યાર્થીપરાયણ હોવો જોઈએ, બંને જ્ઞાનપરાયણ હોવા જોઈએ, જ્ઞાન સેવાપરાયણ હોવું જોઈએ અને સેવા પ્રભુપરાયણ હોવી જોઈએ. - રામચંદ્ર ડોંગરેજી**

## ધોરણ-10
## વિષય : ગણિત (બેઝિક)
## નમૂનાનું પ્રશ્નપત્ર

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

**સૂચનાઓ :**

(1) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

(2) આ પ્રશ્નપત્રમાં કુલ 45 પ્રશ્નો છે. જે વિભાગ A, B, C અને D માં વહેંચાયેલા છે

(3) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

(4) જરૂર જણાય ત્યાં આકૃતિ દોરવી, રચનાની રેખાઓ જાળવી રાખવી.

(5) નવો વિભાગ નવા પાનાથી લખવાનું શરૂ કરવું. પ્રશ્નના જવાબ ક્રમમાં લખો.

(6) કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવો નહિ.

### વિભાગ - A

- **સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્ન ક્રમાંક 1 થી 24) (પ્રત્યેકનો 1 ગુણ)** **[24]**
- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. નાનામાં નાની અવિભાજ્ય સંખ્યા અને નાનામાં નાની વિભાજ્ય સંખ્યાનો લ.સા.અ. 4 છે.
2. $n$ ઘાતવાળી બહુપદીને મહત્તમ $(n+1)$ શૂન્યો છે
3. સમાંતર શ્રેણી 5, 7, 9, 11,13,…માં છઠ્ઠી અવિભાજ્ય સંખ્યા 17 છે.
4. જેમ જેમ θ નું મૂલ્ય વધે તેમ તેમ $sin\theta$ નું મૂલ્ય વધે છે. (જ્યાં $0^0 \le \theta \le 90^0$)
5. $sin\,(A+B) = sin\,A + sin\,B$. (જ્યાં $0^0 \le A, B \le 90^0$)
6. કોઈક માહિતી માટે બહુલક = 35 અને મધ્યક = 35 હોય, તો તેનો મધ્યસ્થ = 35 છે.

- **વિધાન સાચું બને તે રીતે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

7. જો $x, y, z$ ભિન્ન અવિભાજ્ય પૂર્ણાંક હોય, તો તેમનો લ.સા.અ………… થાય.

(A) 1 (B) $xy$ (C) $yz$ (D) $xyz$

8. $p(x) = x^2 + 4x + 3$ નો આલેખ …………છે.

(A) રેખા (B) કિરણ

(C) ઉપરની તરફ ખુલ્લો પરવલયાકાર (D) નીચેની તરફ ખુલ્લો પરવલયાકાર

9. $a_1x + b_1y + c_1 = 0$ અને $a_2x + b_2y + c_2 = 0$ માં છે. સંબંધ હોય, તો અનંત ઉકેલ મળે.

(જ્યાં $a_i^2 + b_i^2 \ne 0, i = 1, 2$ અને $a_i, b_i, c_i$ વાસ્તવિક સંખ્યા)

(A) (B)

(C) (D)

સેવા માટે પૈસાની જરૂરત હોતી નથી, જરૂરત છે પોતાના સંકુચિત જીવનને છોડવાની અને ગરીબો સાથે એકરૂપ થવાની. - વિનોબા ભાવે

10. દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ (જ્યાં a, b, c વાસ્તવિક સંખ્યા, $a \neq 0$) નાં વિવેચક શોધવાનું સૂત્ર................ છે.

(A) $b^2 + 4ac$ (B) $b^2 - 4ac$ (C) $b^2 - ac$ (D) $b^2 - 2ac$

11. સમાંતર શ્રેણીનું n મું પદ શોધવાનું સૂત્ર ............ છે.

(A) a + d (B) a + (n – 1) d (C) a + (n + 1) d (D) a + n – d

12. p (x, y ) નું ઉગમબિંદુથી અંતર .............. છે.

(A) (B) (C) (D)

- **વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પૂરો :**

13. આવૃત્તિ-વિતરણમાં ઓજાઈવ એ ............ ની આલેખાત્મક રજૂઆત છે.

14. સમતોલ પાસાને એક વાર ઉછાળતાં તેની ઉપરની સપાટી પર 7 આવે તેની સંભાવના .......... છે.

15. ઘટના E ની સંભાવના + ઘટના 'E નહીં'ની સંભાવના = ...........

16. લીપ વર્ષમાં 53 સોમવાર આવે તેની સંભાવના =.............

17. બહુપદી $p(x) = x^2 - 4x + 3$ નાં શૂન્યો $\alpha$ અને $\beta$ હોય તો $\alpha^2 + \beta^2 =$ ................

18. કોઈ સમાંતર શ્રેણીનું પ્રથમ પદ a અને સામાન્ય તફાવત d હોય, તો તેનું $(n - 2)$ મું પદ ............ હોય.

- **નીચેના પ્રશ્નોના એક શબ્દ/ વાક્ય/ આંકડામાં જવાબ આપો.**

